કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૫ મે, ૨૦૨૬ સોમવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૦૫ ◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94 ◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ સુદ - ૧૦ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## ૧૧ દિવસમાં ચોથી વખત ઇંધણના ભાવમા ભડકો

# મોંઘવારીનો માર : પેટ્રોલ ૧૦૦ને પાર

## આજે કચ્છમાં પેટ્રોલ ૧૦૧.૬૫ ડીઝલ ૯૭.૭૭ નવો દર

નવી દીલ્હી :દેશમાં ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા ૧૧ દિવસમાં તેલના ભાવમાં આ ચોથો વધારો છે. પેટ્રોલના ભાવમાં ૨.૬૧ રૂપિયાના વધારાથી દિલ્હીમાં તેનો ભાવ ૧૦૨.૧૨ રૂપિયા પ્રતિ લિટર થયો છે. દેશમાં પહેલીવાર પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. ડીઝલના ભાવમાં ૨.૭૧ રૂપિયા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો છે, જેનાથી તે ૯૫.૨૦ રૂપિયામાં ઉપલબ્ધ થયું છે.

દિલ્હી ઉપરાંત અન્ય મેટ્રો શહેરોમાં પેટ્રોલના ભાવ પહેલાથી જ ૧૦૦ રૂપિયાને પાર કરી ચૂક્યા છે.

મધ્ય પૂર્વ કટોકટી શરૂ થયા પછી, ૧૫ મેના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સૌપ્રથમ પ્રતિ લિટર ૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯




મેના રોજ ૯૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, શનિવારે, તેલના ભાવમાં ૮૭ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. પેટ્રોલ અને ડીઝલમાં આ ચોથો વધારો છે, ૨ રૂપિયાથી વધુનો. આમ, આવા ચાર વધારા પછી, ભાવમાં પ્રતિ લિટર ૭.૫૦ રૂપિયાનો વધારો થયો છે.છેલ્લા બે અઠવાડિયામાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ચોથા વધારા પછી, રાજધાની અને મેટ્રો શહેર દિલ્હીમાં પેટ્રોલનો ભાવ હવે ૧૦૨.૧૨ પ્રતિ લિટર પર પહોંચી ગયો છે. કોલકાતામાં પેટ્રોલ ૧૧૩.૫૧, મુંબઈમાં ૧૧૧.૨૧ અને ચેન્નાઈમાં ૧૦૭.૭૭ પ્રતિ લિટરમાં ઉપલબ્ધ થશે. તેવી જ રીતે, ડીઝલના ભાવમાં તાજેતરના વધારા પછી, તે દિલ્હીમાં ૯૫.૨૦, કોલકાતામાં ૯૯.૮૨, મુંબઈમાં ૯૭.૮૩

અનુસંધાન પાના નં.૪ પર

## વિરોધાભાસી ટ્રેન્ડ : વૈશ્વિક ક્રુડમાં કડાકો : ભારતમાં ભાવવધારો

નવી દીલ્હી :ભારતમાં છેલ્લા ૧૧ દિવસમાં ચોથી વખત પેટ્રોલ-ડિઝલમાં ભાવવધારો ઝીકવામાં આવ્યો છે અને તેને પગલે મોંઘવારીનો આકરો ઝાટકો લાગવાના ભણકારા છે. રસપ્રદ અને ચોંકાવનારી બાબત એ છે કે આજે ભારતમાં પેટ્રોલમાં ૨.૬૧ રૂપિયા તથા ડિઝલમાં ૨.૭૯ પૈસાનો ભાવવધારો ઝીંકવામાં આવ્યો છે.તો સામે વિશ્વબજારમાં ક્રુડતેલના ભાવમાં કડાકો સર્જાયો છે. ઉપરાંત કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો ઉંચકાતા બેવડી રાહત થઈ છે.જો કે ઈરાન યુદ્ધ શરૂ થયા પછી સરકાર-તેલ કંપનીઓએ દોઢ મહિના સુધી કોઈ ભાવવધારો કર્યો ન હતો અને તેમાં જંગી નુકશાની થઈ હતી. આ જંગી નુકશાની સરભર કરવા માટે ભાવવધારાતા હોવાનું મનાય છે. ચાર વખત ભાવવધારો થવા છતાં હજુ તેલ કંપનીઓ ખોટ જ કરી રહી છે.વિશ્વબજારમાં આજે ક્રુડતેલના ભાવમાં કડાકો સર્જાયો હતો. ડબલ્યુટીઆઈ ક્રુડ ૬.૧૭ ડોલર (૬.૩૮ ટકા) ગગડીને ૯૦.૪૩ ડોલરના સ્તરે આવી ગયુ હતું બ્રેન્ટ ક્રુડ પણ ૧૦૦ ડોલરની નીચે ઉતરી ગયુ હતું અને ૫.૯૫ ડોલરના ઘટાડાથી ૯૭.૩૮ ડોલર સાંપડ્યુ હતું.આ જ રીતે કરન્સી મોરચે પણ આજે ઘણી રાહત થઈ હોય તેમ ડોલર સામે રૂપિયો ઉંચકાયો હતો. ડોલર સામે રૂપિયો ૯૧ પૈસાના ઉછાળાથી ૯૫.૨૮ થયો હતો. રૂપિયો વધતા સરકારને આયાતબીલમાં ઘણી રાહત મળી શકે છે.

## રાજ્યની ૧૫ મહાનગરપાલિકામાં કાલથી મેયર સહિતના પદો માટેની નિમણૂંક પ્રક્રિયા નો ધમધમાટ

ગાંધીનગર: ગાંધીધામ સહિત રાજ્યની ૧૫ મહા નગરપાલિકાઓમાં મેયર ડેપ્યુટી મેયર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિત વિવિધ સમિતિના હોદ્દેદારોની નિમણૂંક માટે કાલથી બે દિવસ માટે ૧૫ મહાપાલિકાઓમાં જિલ્લા પ્રભારીઓની અધ્યક્ષતામાં એક બેઠક યોજાશે અને પ્રક્રિયા હાથ ધરીને નવા મેયરોની નિમણૂંક કરી દેવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થઈ ગયા બાદ રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓમાં મેયર ડેપ્યુટી મેયર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની નિમણૂંક પ્રક્રિયા વિલંબ માં પડી હતી. રાજ્યની મોટાભાગની જિલ્લા પંચાયતો તાલુકા પંચાયતોના પ્રમુખો અને સમિતિના હોદ્દેદારોની નિમણૂંક પ્રક્રિયા પૂર્ણ થઈ જવાના આરે છે તેમજ રાજ્યની ૮૪ નગરપાલિકાઓના પ્રમુખો તેમજ વિવિધ સમિતિના હોદ્દેદારોની નિમણૂંક પ્રક્રિયા પણ પૂર્ણ થવાના આરે છે. હવે આવતીકાલ થી બે દિવસ માટે રાજ્યમાં ગાંધીધામ સહિત રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓમાં મેયર ડેપ્યુટી મેયર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના હોદ્દેદારોની નિમણૂક માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને નવા મેયરો ની નિમણૂંક કરી દેવામાં આવશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતી કાલથી બે દિવસ જિલ્લાના પ્રભારીઓ જિલ્લાના પ્રવાસે જશે અને જિલ્લાના હોદ્દેદારો તેમજ મહાનગરપાલિકાના ચૂંટાયેલા કોર્પોરેટરોની ઉપસ્થિતિમાં બેઠક યોજાશે જેમાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા પસંદ કરવામાં આવેલા મેયર ડેપ્યુટી મેયર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. કાલ થી ૧૫ મહાનગરપાલિકામાં મેયર ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના હોદ્દેદારોની નિમણૂંક

અનુસંધાન પાના નં.૪ પર

## વાત ફરી બગડી : ઈરાન-અમેરીકા સમજુતી વચ્ચે કતાર ફંડનું ગ્રહણ નડ્યું

વોશિંગ્ટન/ તહેરાન: અમેરિકા-ઈરાન વચ્ચેના ૪૦ દિવસના લાંબા યુદ્ધ બાદ હવે સમજુતી માટેના વધુ એક પ્રયાસ સફળતાની નજીક આવ્યા બાદ નિષ્ફળ થઈ રહ્યા છે. ૪૮ કલાક પુર્વે બન્ને દેશો હોર્મુઝ જળમાર્ગ ખોલવાથી લઈને ઈરાનના અણુ કાર્યક્રમ, સમૃદ્ધ યુરેનિયમના નિકાસ ભથ્થા ઈરાન પરના પ્રતિબંધો હળવા થઈ રહ્યા છે તેવી પ્રબળ આશા સાથે આગળ વધદી



રહ્યા છે.તેવા સંકેતો બાદ હવે બન્ને દેશોએ પીછેહઠ કરી છે તથા શાંતિ સમજુતી પર અચાનક જ બ્રેક લાગી ગઈ છે. ઈરાને આરોપ લગાવ્યો છે કે અમેરિકાના વારંવાર બદલતા વલણના કારણે કોઈ આખરી સમજુતી સુધી પહોંચવામાં મુશ્કેલી પડી રહી છે.

વાસ્તવમાં પહેલા કોણ એકશન લે તેના પર વાત અટકી છે. અમેરિકા કહે છે કે ઈરાન પહેલા હોર્મુઝ ખોલે તો અમેરિકા આગળ વધશે. ઈરાન તેનું ૬૦ કિલો જેટલુ યુદ્ધ યુરેનિયમ અમેરિકાને સોપવા સંમતી બતાવ્યાના અહેવાલ બાદ હવે તે મુદે કોઈ સમાધાન નહી કરાય તેવી જાહેરાત કરી છે

અનુસંધાન પાના નં.૪ પર

## ઉત્તરાખંડ બાદ હવે આસામમાં UCC લાગુ કરવાની તૈયારી

નવી દીલ્હી : આસામ સરકારે વિધાનસભામાં UCC બિલ ૨૦૨૬ રજૂ કર્યું છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા વતી સંસદીય બાબતોના મંત્રી અતુલ બોરાએ ગૃહમાં આ બિલ રજૂ કર્યું. જેને લઈને વિપક્ષે વિરોધ નોંધાવ્યો છે.મુખ્યમંત્રી હિમંતાએ વિધાનસભા ચૂંટણી પહેલા જાહેરાત કરી હતી કે, સત્તામાં પાછા ફર્યા બાદ, તેઓ UCC બિલ રજૂ કરશે. આ કાયદાનો ઉદ્દેશ્ય લગ્ન માટે લઘુત્તમ વય, બહુપત્નીત્વ, મિલકત અધિકારો, લગ્ન નોંધણી અને લિવ-ઈન સંબંધો જેવા મુદ્દાઓને એક સમાન કાનૂની માળખા હેઠળ લાવવાનો છે.એકવાર કાયદામાં પરિવર્તિત થયા પછી, આ જોગવાઈઓ બધા ધર્મોના લોકોને સમાન રીતે લાગુ પડશે.જ્યારે આસામ સરકારે રાજ્ય વિધાનસભામાં 'યુનિફોર્મ સિવિલ કોડ બિલ' રજૂ કર્યું, ત્યારે વિરોધ પક્ષોએ તેનો ઉગ્ર વિરોધ કર્યો. વિરોધ પક્ષોના ધારાસભ્યોએ આસામ વિધાનસભામાં યુસીસી બિલ રજૂ કરવાનો વિરોધ કર્યો.

## પીએમની સુરક્ષામાં ચૂક : ૬ પોલીસકર્મીઓ સસ્પેન્ડ

નવી દીલ્હી : વડાપ્રધાન નરેન્દ્રમોદીએ ૧૦ મેના રોજ બેંગ્લુરુનો પ્રવાસ કર્યો હતો. આપ્રવાસ દરમિયાન એક વિસ્તારમાં જિલેટિન સ્ટિક મળવાની ઘટના સામે આવી હતી. આ મામલે બેંગ્લુરુના દક્ષિણ પોલીસ અધિક્ષકના આદેશ પર ૬ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

## NIA ની મોટી કાર્યવાહી : કાશ્મીરમાં જમાત - એ - ઈસ્લામીના ઠેકાણા પર દરોડા

શ્રીનગર : રાષ્ટ્રીય તપાસ એજન્સી એ આજે પ્રતિબંધીત જમાત એ ઈસ્લામી કાશ્મીર સાથે કાશ્મીરમાં મોટું અભિયાન ચલાવીને મધ્ય અને દક્ષિણ કાશ્મીરના અનેક વિસ્તારોમાં દરોડા પાડયા હતા. શંકાસ્પદોના ઘરમાં તપાસ થઈ હતી. આ કાર્યવાહી જમ્મુ-કાશ્મીરમાં અલગતાવાદી અને રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓને ફરીથી સક્રીય કરવાના કથિત પ્રયાસોની તપાસના બારામાં કરવામાં આવી હતી. એનઆઈએની ટીમો, જમ્મુ-કાશ્મીર પોલીસ અને અર્ધ સૈનિક દળની મદદથી શ્રીનગરના લાલ બજાર વિસ્તાર અને દક્ષિણ કાશ્મીરના શોપિયા જિલ્લાના અનેક સ્થળો પર એક સાથે તલાશી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. દરોડા પાડવામાં આવેલા સ્થળોએ શોપિયા જિલ્લાના જૈનાપોરાના મુલુ ચિત્રગામ વિસ્તારમાં એક વ્યક્તિનું ઘર પણ સામેલ છે. સૂત્રો અનુસાર એ વ્યક્તિ કથિત રીતે જમાત એ ઈસ્લામી સાથે જોડાયેલો હતો અને શોપિયા જિલ્લાના અમીર-એ-જમાત રહી ચુકયો છે. આ ઉપરાંત તે જામીયા સિરાજ-ઉલ-ઉલુમ ઈમામ સાહિબ સાથે પણ સંકળાયેલો હોવાનું બતાવાઈ રહ્યું છે.શોપિયાના ઈમામ સાહિબ વિસ્તારમાં આવેલ જમાત-એ-ઈસ્લામ સાથે સંકળાયેલા સિરાજ-ઉલ-ઉલુમ સંસ્થાનમાં પણ તલાશી લેવામાં આવી હતી.

## શેરબજારમાં જોરદાર તેજી




મુંબઈ : ભારતીય શેરબજાર સોમવારે ખુલતાની સાથે જ ધમાકેદાર ઉછાળો આવ્યો અને બંને સૂચકાંકો, જે ઉલ્કા વધારા સાથે ખુલ્યા હતા, તે જોરદાર તેજીમાં જોવા મળી રહ્યા છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શેરનો સેન્સેક્સ ૮૦૦ પોઈન્ટથી વધુ ઉછળીને ૭૬,૦૦૦ પોઈન્ટને પાર કરી ગયો. દરમિયાન, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ઈન્ડેક્સ પણ સેન્સેક્સની આગેવાની હેઠળ ૨૫૦ પોઈન્ટના મજબૂત વધારા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો. શેરબજારમાં ટ્રેડિંગ શરૂ થાય તે પહેલાં જ, સેન્સેક્સ અને નિફ્ટીએ ઓપનિંગ પહેલાના સત્રમાં મજબૂત તેજીના સંકેતો દર્શાવ્યા હતા. જ્યારે ટ્રેડિંગ શરૂ થયું, ત્યારે BSE સેન્સેક્સ ખુલતાની સાથે જ ૭૬,૦૦૦ પોઈન્ટને પાર કરી ગયો.

## વાઈબ્રન્ટ માટે મર્યાદીત અધિકારીઓ વિદેશ જશે : પ્રવેશોત્સવ યથાવત

**રાજ્ય સરકારે પુરા છ માસ માટે ઈંધણ બચત, વિદેશ પ્રવાસના ખર્ચમાં કાપ આવે તે નિશ્ચિત કર્યું : દરેક વિભાગનું મોનેટરીંગ કરાશે**

ગાંધીનગર :ઈરાન યુદ્ધના કારણે વિશ્વમાં ક્રુડ ઓઈલને વધેલા ભાવ તથા એકંદર અસર હેઠળ જે રીતે દેશની આયાત મોંઘી પડી રહી છે તથા આયાત બિલ વધતા વ્યાપાર ખાધ વધી રહી છે તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના લોકો તથા તમામ સરકારોને કરકસર કરવા ઈંધણનો વપરાશ ઘટાડવા-વિદેશ પ્રવાસ પણ અત્યંત જરૂરી હોય તો જ કરવા જે અપીલ કરી છે તેના કારણે અનેક આયોજનમાં કાપ મુકવામાં આવી રહ્યા છે.ગુજરાત સરકાર પણ પરીસ્થિતિ અનુકુળ નિર્ણય લઈ રહી છે. તેમાં સૌ પ્રથમ રાજ્ય સરકારની કરકસર ઝુંબેશ નું મોનેટરીંગ નાણા નહી પણ સામાન્ય વહીવટ વિભાગ કરશે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગના એડી. ચીફ સેક્રેટરી અંજુ શર્માને સરકારના કરકસરના આયોજનો ફક્ત કાગળ પર જ નહી વાસ્તવમાં અમલી બને અને સરકાર ઈંધણ વપરાશ ઘટે તથા બિન જરૂરી ખર્ચ થાય નહી તે ચોકકસ કરવ ખાસ જવાબદારી અપાઈ છે તેની સાથે વિકાસ કાર્યોને કે લોકોની સંલગ્ન કામગીરી પણ જળવાઈ રહે તે જોવામાં આવશે.હવે સામાન્ય વહીવટ વિભાગ તમામ મંત્રાલયોના ઈંધણ વપરાશ સહિતના કરકસરના પગલા પર નજર રાખશે. આ ઉપરાંત આગામી વર્ષ વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમીટ પણ યોજાવાની છે તેની પુર્વ તૈયારી શરૂ થઈ છે અને ખાસ કરીને વિદેશી રોકાણકારોને આકર્ષવા માટે રાજ્ય સરકારના

અનુસંધાન પાના નં.૪ પર

## ગુજરાતમાં હવે નાના શહેરો વસાવાશે : આર્થિક રીતે સ્વાયત બનાવાશે

(એજન્સી દ્વારા)

ગાંધીનગર : ગુજરાત હવે વિકાસને એક નવો આકાર આપવા જઈ રહી છે. ખાસ કરીને શહેરીકરણનું આકર્ષણ ઘટાડવા માટે મોટા શહેરોની ૨૯-૩૦ કીમીની આસપાસના જ ક્ષેત્રમાં 'રૂરબન' સ્ટાઈલથી નાના શહેરો વિકસાવો.

એક તરફ વૈશ્વિક ઔદ્યોગીક- સેમીક્નડકટર એઆઈ કૃષી જેવા ક્ષેત્રમાં પણ રાજ્ય અલગ બની રહ્યું છે તો હવે અર્બન ડેવલપ મેન્ટ વિભાગે સેટેલાઈટ નહી પણ સ્વતંત્ર, નાના શહેરો, ખુદની આર્થિક ઉપાર્જન ક્ષમતા ધરાવતા નાના આઈટી



ટાવર, વેન્ડર પાર્ક અને તે ક્ષેત્રની ખાસીયત મુજબ નાની ઔદ્યોગીક વસાહત તથા રહેણાંક, સ્કુલ, હોસ્પિટલ, નાના પીકનીક સ્પોર્ટ જેવા મોડેલ નાના શહેરો બનશે.

જેમાં ખેડુતોને વિકાસના ભાગીદાર બનાવાશે. પાવરગ્રીડ, હાઈસ્પીડ ઈન્ટરનેટ તથા સારી માર્ગ કનેકટીવીટી બનાવી તે જમીન જે તે જમીન માલીકોને આવક વધારવા સુપ્રત કરી દેવાશે જેમાં કંપનીઓ આવા ગામ બનાવે. પ્રોપર્ટી ટેક્ષ વિ.માં રાહત વિ. પણ જોગવાઈ છે.

### તિકડમ ! - દેવેન વ્યાસ



**બહેન, ખાવાનું નહિં પરંતુ તમારા ઘરના વાઈફાઈ નો પાસવર્ડ આપો ને !**

## ભારત અને અમેરિકાની ટ્રેડ ડીલ પર ટૂંક સમયમાં અંતિમ મહોર

નવી દિલ્હી : અમેરિકા અને ભારત વચ્ચે લાંબા સમયથી પેન્ડિંગ વેપાર કરારો કે ટ્રેડ ડીલ હવે અંતિમ સ્વરૂપ લે તેવી શક્યતાઓ છે. આ ખુલાસો ભારત આવેલા અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોએ ખૂદ કર્યો છે. દિલ્હીમાં ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત બાદ રૂબિયોએ આ જાહેરાત કરી છે, તેમણે કહ્યું હતું કે ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલને અંતિમ સ્વરૂપ અપાશે, આ કરારો બન્ને દેશો માટે ફાયદાકારક અને લાંબા સમય સુધી ટકી રહે તેવા હશે.ભારત ચાર દિવસના પ્રવાસે આવેલા અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોએ એસ. જયશંકર સાથે દિલ્હીમાં મહત્વની બેઠક યોજી હતી. જે બાદ બન્ને દ્વારા સંયુક્ત પ્રેસ કોન્ફરંસ યોજવામાં આવી હતી, દરમિયાન માર્કો રૂબિયોએ કહ્યું હતું કે ભારત અને અમેરિકાની વચ્ચે વેપાર સમજૂતીને લઈને કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા છે. અમે એવી સમજૂતી ઈચ્છીએ છીએ કે જેમાં બન્ને દેશોના રાષ્ટ્રીય હિતો જળવાઈ રહે, અને બન્નેને તેનાથી લાભ થાય. રૂબિયોની આ જાહેરાત પરથી સ્પષ્ટ છે કે અમેરિકા અને ભારત વચ્ચે ટેરિફ મુદ્દે જે કરારો મૌખીક રીતે થયા હતા તેને હવે લેખિત સ્વરૂપ આપવામાં આવશે. ટેરિફને લઈને બન્ને દેશો વચ્ચે જે વિવાદ સર્જાયો હતો તેનો નિકાલ આ કરારો બાદ થાય તેવી શક્યતાઓ છે. અમેરિકાના નિર્ણયો અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો બચાવ કરતા વિદેશમંત્રી રૂબિયોએ કહ્યું હતું કે ટ્રમ્પની નીતિ ભારત વિરોધી નથી, અનેક દેશો સાથે અમેરિકાનો વેપાર અસંતુલિત છે જેને ઠીક કરવો જરૂરી છે. ટૂંક સમયમાં અમેરિકાના વેપાર પ્રતિનિધિઓ કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે ભારત આવશે.

## પશ્ચિમ બંગાળમાં ઘૂસણખોરોના દેશનિકાલ માટેની તૈયારીઓ શરૂ

નવી દિલ્હી : પશ્ચિમ બંગાળમાં ગેરકાયદે રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો, ખાસ કરીને બંગલાદેશીઓ અને રોહિંગ્યાઓ વિરુદ્ધ મુખ્ય પ્રધાન સુવેન્દુ અધિકારીની નવી સરકારે એક મોટો આદેશ જાહેર કર્યો છે. આસામના 'હિમંતા બિસ્વા સર્મા મૉડલ'ની તર્જ પર હવે પશ્ચિમ બંગાળના દરેક જિલ્લામાં ગેરકાયદે વિદેશીઓ માટે હોલ્ડિંગ સેન્ટર સ્થાપવામાં આવશે.

## ગુજરાત કોંગ્રેસ માટે ઐતિહાસિક પતનનો સમય

**રાજ્ય કોંગ્રેસના ઈતિહાસનો સૌથી મોટો કાળો અધ્યાય**

(એજન્સી દ્વારા)

ગાંધીનગર : ગુજરાતના રાજકીય ઈતિહાસમાં આગામી જૂન મહિનો એક એવો વળાંક લઈને આવી રહ્યો છે, જેની કલ્પના કદાચ કોંગ્રેસના જૂના જોગીઓએ ક્યારેય નહીં કરી હોય. રાજ્યમાં ધીમે ધીમે નબળી પડતી જતી અને જનસમર્થન ગુમાવતી જતી કોંગ્રેસ પાર્ટીને હવે દેશના ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભામાં સૌથી મોટો આંચકો લાગવા જઈ રહ્યો છે.

ગુજરાતમાંથી કોંગ્રેસના એકમાત્ર અને મજબૂત અવાજ સમાન રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલનો કાર્યકાળ આગામી ૨૧ જૂને પૂર્ણ થઈ રહ્યો છે. તેમની નિવૃત્તિ સાથે જ આઝાદી પછીના ઈતિહાસમાં પહેલીવાર એવું બનશે કે દેશની સંસદના ઉપલા ગૃહ (રાજ્યસભા) માં ગુજરાતમાંથી કોંગ્રેસ પક્ષના સભ્યોની સંખ્યા 'શૂન્ય' એટલે કે સાવ સાફ થઈ જશે. આ ઘટનાક્રમ ગુજરાત કોંગ્રેસ માટે માત્ર ચિંતાનો વિષય નથી, પરંતુ એક મોટો રાજકીય શૂન્યાવકાશ સર્જનારો સાબિત થશે.ગુજરાતમાંથી રાજ્યસભાની ખાલી પડી રહેલી કુલ ચાર બેઠકો માટે આગામી ૧૮ જૂને ચૂંટણી યોજાવા જઈ રહી છે. પરંતુ આ ચૂંટણી માત્ર ઔપચારિકતા બની રહેશે તેવું વર્તમાન ગણિત કહી રહ્યું છે. ૧૮૨ સભ્યોની ગુજરાત વિધાનસભામાં સત્તાધારી ભાજપ પાસે હાલમાં ૧૬૨ ધારાસભ્યોનું પ્રચંડ અને અભેદ સંખ્યાબળ છે. તેની સામે મુખ્ય વિરોધ પક્ષ ગણાતી કોંગ્રેસ પાસે માત્ર ૧૨ ધારાસભ્યો બચ્યા છે, જ્યારે આમ આદમી પાર્ટી પાસે ૫ બેઠકો છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....
જેઠ સુદ - ૧૦, તા.૨૫ મે, સોમવાર

# કચ્છ માટે હવે દિલ્હી દૂર નથી



કચ્છના વિકાસના ઈતિહાસમાં એક વધુ સોનેરી પાનું ઉમેરાયું છે. ભુજથી જાલોર, પાલી અને મેવાડ માર્ગે દેશની રાજધાની દિલ્હી સુધી ડાયરેક્ટ ટ્રેન સેવાનો ભવ્ય આરંભ માત્ર રેલવે સુવિધા નથી, પરંતુ કચ્છના લોકોના વર્ષોથી રહેલા સ્વપ્નને સાકાર કરનાર ઐતિહાસિક પગલું છે. હવે કચ્છવાસીઓને દિલ્હી જવા માટે વારંવાર ટ્રેન બદલવાની, લાંબી રાહ જોવાની કે અનાવશ્યક મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ નહીં રહે.

અત્યાર સુધી કચ્છથી દેશની રાજધાની સુધી સીધું રેલ જોડાણ ન હોવાથી વેપારીઓ, વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ, દર્દીઓ તેમજ પ્રવાસીઓ માટે અનેક અગવડો ઉભી થતી હતી. ખાસ કરીને ઉત્તર અને પૂર્વ ભારત તરફ જતાં મુસાફરો માટે મુસાફરી વધુ લાંબી અને થાકજનક બનતી હતી. પરંતુ હવે ભુજથી સીધી દિલ્હી ટ્રેન શરૂ થતાં કચ્છ માત્ર રાજધાની સાથે જ નહીં, પરંતુ સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારત સાથે વધુ ઝડપથી અને મજબૂત રીતે જોડાઈ ગયું છે.આ સેવા કચ્છના વેપાર, પર્યટન, શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે નવા દ્વાર ખોલશે. દેશ-વિદેશમાં વસતા કચ્છીઓ માટે પણ આ ટ્રેન લાગણીસભર જોડાણ બની રહેશે. કચ્છની ધરતી પરથી સીધું દિલ્હી પહોંચતું રેલવે નેટવર્ક વિકાસની નવી દિશા દર્શાવે છે.આ સિદ્ધિ પાછળ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની વિકાસલક્ષી દ્રષ્ટિ, રેલવે મંત્રી અશ્વીન વૈષ્ણવની કાર્યક્ષમતા, ગુજરાતના મુખ્યમંત્રી ભુતેન્દ્રભાઇ પટેલનું માર્ગદર્શન અને કચ્છના લોકપ્રિય સાંસદ વિનોદભાઇ ચાવડાની સતત સંકલનભરી મહેનત અભિનંદનને પાત્ર છે.કચ્છ હંમેશા દેશના વિકાસમાં પોતાનું વિશેષ યોગદાન આપતું આવ્યું છે. હવે રેલવે ક્ષેત્રે મળેલી આ નવી ભેટ કચ્છને રાષ્ટ્રીય મુખ્ય પ્રવાહ સાથે વધુ મજબૂત રીતે જોડશે. “કચ્છ માટે હવે દિલ્હી દૂર નથી” આ માત્ર શબ્દો નથી, પરંતુ બદલાતા કચ્છની નવી ઓળખ છે.

# હિન્દુ સંસ્કૃતિ જ સર્વશ્રેષ્ઠ : વિજયા તાઈ




### ભુજમાં રાષ્ટ્ર સેવિકા સમિતિ સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા કાર્યક્રમ યોજાયો : સ્વરક્ષણ સહિતની માહિતી અપાઈ



ભુજ - કચ્છઉદય : રાષ્ટ્ર સેવિકા સમિતિ સૌરાષ્ટ્ર પ્રાંતનો પ્રવેશ, પ્રબોધ અને ઘોષ વર્ગ શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યાલય રતનધામ હરીપર મધ્યે ૯થી ૨૪મી મે સુધી યોજવામાં આવ્યો હતો. વર્ગમાં દરરોજ હવન કરવામાં આવતો સાથે ગણ માન્ય લોકોને આમંત્રિત કરી ને દીપ પ્રાગટ્ય પણ અતિથિના હસ્તે કરવામાં આવતું હતું.

રાત્રી કાર્યક્રમ અંતર્ગત ભજન સંધ્યા ડાયરો રાસ ગરબા તેમજ દેશભક્તિના ગીતોનું અભિનય જેવા કાર્યક્રમ યોજાતા. સાથે અધિક માસમાં બહેનો દ્વારા કાંઠાગોરનું પૂજન પણ કરવામાં આવતું હતું. વર્ગ અંતર્ગત તા. ૧૭-૫ના માતૃ હસ્ત ભોજનમાં ૬૦ પરિવારોએ લાભ લીધો અને સેવિકા બહેનો દ્વારા રાણી દુર્ગાવતીની નાટિકાનું નિદર્શન થયું તથા ભુજ નગરના મુખ્ય માર્ગો બસ સ્ટેન્ડ રોડ અને જ્યુબીલી સર્કલ પર તાલબધ્ધ લય અને તાલ સાથે ઘોષ (બેન્ડ) નિદર્શન સાથે પથ સંચલન યોજવામાં આવ્યું સાથે સ્થિર વાદન પણ કરવામાં આવ્યું હતું.

પોલીસ અને સૈનિક કરે તેવી કઠિન તાલીમ વર્ગમાં બહેનોએ મેળવી હતી અને સાત કોઠાનુ યુધ્ધ તા.૨૩ /૫ ના યોજવામાં આવ્યું હતું જેમાં જમીન નીચે સૂઈને હાથથી ઘસડાતા ઘસડાતા કોઠો પાર કરવો, આગ પરથી કૂદવું મારથી બચતા બચતા બધા કોઠો પસાર કરવો, વિઘ્ન પસાર કરવા જેવા કોઠા બહેનો દ્વારા પસાર કરવામાં આવ્યા હતા. વર્ગના છેલ્લા દિવસે તા ૨૪-૫ના જાહેર સમારોપ યોજવામાં આવ્યો હતો જે અંતર્ગત વર્ગ દરમિયાન શીખેલી કૃતિઓ જેવી કે ઘોષ, દંડ, નિયુધ્ધ (કરાટે), યશ્ટી (નાની લાકડી), યોગચાપ (લેઝિમ), સમતા, ગોપુરમ સાંઘિક ગીતનું નિદર્શન કરવામાં આવ્યું હતું. વર્ગ દરમિયાન સંધ્યાબેન ટીપરે (અખિલ ભારતીય સેવા પ્રમુખ) તથા રાજશ્રીબેન જાની (ક્ષેત્ર કાર્યવાહીકિ)નું માર્ગદર્શન મળ્યું હતું. પ્રવેશ વર્ગમાં ૬૧, પ્રબોધમાં ૨૫ અને ઘોષ વર્ગમાં ૨૧, અખિલ ભારતીય અધિકારી ૨, ક્ષેત્ર અધિકારી ૧, પ્રાંત અધિકારી ૮, શિક્ષિકા ૧૬ અને પ્રબંધિકા બહેન કુલ ૧૫૩ બહેનો એ ૩૮ સ્થાન પર થી વર્ગમાં પ્રશિક્ષણ મેળવ્યું હતું.

સમારોહમાં મુખ્ય વક્તા વિજયાતાઈ અખિલ ભારતીય તરૂણી પ્રમુખ, અધ્યક્ષા અમીબેન શ્રોફ , મેનેજિંગ ટ્રસ્ટી શ્રૃજન એન્ડ એલએલડીસી, અતિથિ અનીલાબા જાડેજા પોલીસ ઈન્સ્પેક્ટર માધાપર પોલીસ સ્ટેશન, નીતાબેન જાની પ્રાંત કાર્યવાહીકા, દમયંતીબેન ઓઝા પ્રવેશ વર્ગાધિકારી, અંજનાબેન ટીમબડીયા પ્રબોધ વર્ગાધિકારી ઉપસ્થિત રહ્યા હતા

અધ્યક્ષા અમીબેન શ્રોફ સેવિકાઓનું પ્રાત્યક્ષિક જોઈ અભિભૂત થયા હતા અને તેમણે સ્વરક્ષણ નહીં પણ પોતાનું અસ્તિત્વ સેવિકા દેખાડે છે એવું જણાવ્યું હત. અતિથિ અનિલાબાએ જણાવ્યું હતું કે સ્ત્રીના હાથમાં આવનારી પેઢીનું અસ્તિત્વ છે, જે ખૂબ મોટી જવાબદારી છે સમાજ દેશની જવાબદારી સ્ત્રી ઉપર છે. વ્યક્તિનો સૌથી પહેલો શિક્ષક માં છે. આજના મોબાઈલ અને ટીવીના યુગમાં સારા પુસ્તકોનું વાંચન કરવું જોઈએ. એક માં જ સંતાનને સારું ઘડતર આપી શકે છે. વર્ગમાં આવેલા બહેનોના પુણ્ય જાગૃત થયા છે ત્યારે સમિતિ સાથે જોડાઈ શક્યા છે એમ જણાવ્યું હતું. વ્યક્તિગત ગીત દ્વારા ભારત હમારી માં હે માતા કા રૂપ પ્યારા, કરના ઈસકી રક્ષા કર્તવ્ય હૈ હમારા નો સંદેશ આપવામાં આવ્યો હતો. મુખ્ય વક્તા વિજયા તાઈજીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે સમિતિની એક કલાકની શાખા માં આત્મ રક્ષા, ધર્મ રક્ષા, સંસ્કૃતિ રક્ષા સહજતાથી શીખવાડવામાં આવે છે. રાષ્ટ્ર સર્વોપરી છે એવું સહજતાથી સેવિકાના આચરણમાં, શીલ ચારિત્ર્યમાં આવી જાય છે. યુદ્ધ જેવી કે કુદરતી આપત્તિ પરિસ્થિતિ હોય તેમાં સેવિકા હંમેશા અગ્રેસર રહેતી હોય છે. આજે જ્યારે અમેરિકા જેવા દેશમાં ટેરિફ યુધ્ધ ચાલે છે ત્યારે ભારતની જીડીપી પાંચમાં નંબર ઉપર છે. ભારતનું ચિંતન સર્વ શ્રેષ્ઠ છે અને આજનું યુધ્ધ વિચાર વિમર્શનું યુદ્ધ છે . ભારતને નષ્ટ કરવા માટે ભારતીય સંસ્કૃતિની ધરોહર પરિવાર વ્યવસ્થા તોડવા માટેના પૂરતા પ્રયત્નો થઈ રહ્યા છે જેમાં લિવ ઈન રિલેશનશિપ, એક બાળક, લવ જેહાદ જેવા અનેક ષડયંત્રો ચાલી રહ્યા છે. આજે દુનિયા ભારતની સામે જોઈ રહી છે આજનો ભારતીય યુવા સર્વ શ્રેષ્ઠ છે. આજે ભારતમાં ૧૫૧ ડેટા એનાલિસિસ સેન્ટર ચાલુ છે. સિલીકોન વેલીમાં આપણા સૌથી વધુ એન્જિનિયરો કાર્યરત છે. કોરોના વેક્સિનમાં પણ ભારત અગ્રેસર હતું. આજે વિશ્વ જ્યારે પર્યાવરણની સમસ્યાનો સામનો કરી રહ્યો છે ત્યારે એનો જવાબ પણ ભારત પાસે જ છે. ભારતીય સંસ્કૃતિ હિન્દુ સંસ્કૃતિ જ સવર્શ્રેષ્ઠ છે એવું એમના ઉદબોધનમાં જણાવાયું હતું.

# વીજ વાયર ચોરીના ગુનામાં ફરાર ભુજનો શખ્સ પકડાયો




ભુજ - કચ્છઉદય : વીજ વાયરની ચોરી બાબતે નોધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. બી ડીવીઝન પોલીસે અમનનગરથી રેલવે સ્ટેશન જતા રોડ પર શાલીમાર હોટલ પાસેથી આરોપી શીફા નગરના ઈમરાન ઉર્ફે ઈમલો ટાવર ઈશાક કુંભારને ઝડપી લીધો હતો. આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# છેતરપીંડી અને વિશ્વાસઘાત કેસમાં વધુ એક આરોપી ઝડપાયો, આદિપુર પોલીસની સફળ કાર્યવાહી




ગાંધીધામ : આદિપુર પોલીસએ છેતરપીંડી અને વિશ્વાસઘાતના ગુનામાં વધુ એક આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આદિપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના ક્રમાંક ૩૩૪/૨૦૨૬ હેઠળ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૮(૪), ૫૪ અને ૬૧(૨) મુજબ વોન્ટેડ આરોપી નરેન્દ્રસિંહ દિલીપસિંહ વિહોલ (રહે. પીલવાઈ, તા. વિજાપુર, જી. મહેસાણા)ને શોધી પકડી પાડવામાં આવ્યો હતો. આ કામગીરી પો.ઈન્સ. એમ.સી. વાળા સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

# હવે ખીદરત ટાપુ પરથી ડ્રોનનું પાંખીયું મળ્યું

ભુજ - કચ્છઉદય : અબડાસા તાલુકાના ખીદરત ટાપુ પર રવિવારે પોલીસ તેમજ અન્ય કર્મચારીઓ રૂટીન પેટ્રોલીંગમાં હતા ત્યારે રેતીના ઢગલા પાસેથી ડ્રોનનું પાંખળું મળી આવ્યું હતું. અગાઉ ખીદરત ટાપુ પર ત્રણ ડ્રોનના પાંખડા મળી આવ્યા હતા. તેના કરતા આ પાંખડું અલગ ડીઝાઈન હોવાનું જાણવા મળ્યું હતું. અત્યાર સુધીમાં કુલ્લ ચાર ડ્રોનના પાંખડા મળી ચુકયા છે.

ચરસ અને હેરોઈનની સાથે ડ્રોનના પાંખડા, વણ ફુટેલા સેલ સહિતનો મુદ્દામાલ અવારનવાર મળી આવે છે. અબડાસાના દરિયાની રચના એ પ્રકારની હોવાથી આ સમયગાળા દરમ્યાન દરિયામાંથી ઘણો સામાન તણાઈને કિનારા પર આવે છે અને એજન્સીઓને તપાસ દરમ્યાન મળી આવે છે.

# માંડવીમાં ખોટું સોગંદનામુ બનાવીને ૭૦ લાખનો વિશ્વાસઘાત કરાયો

### ૧૪૦૦ વાર જમીનના સોદાના નામે રૂપિયા લીધા બાદ દસ્તાવેજ ન કરાયા

માંડવી - કચ્છઉદય : માંડવીમાં પ્લોટ વેચાણના નામે ૭૦ લાખ રૂપિયાની ઠગાઈ કરવામાં આવી હતી. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ જમીન લે-વેચના ધંધાર્થી સાહીલ મામદ સીંધીએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે ત્રણ વર્ષ પહેલા ધવલ પાર્ક હજીરા રોડ પર રહેતા ઓળખીતા આરોપી મહમદ અશરફ અલીમામદ જુણેજા સાથે મુલાકાત થઈ હતી. તેમણે જણાવ્યું કે, મોટા સલાયામાં હાજી હસન હોસ્પિટલ રોડ ફારૂકી મસ્જિદની બાજુમાં ૧૦ પ્લોટ છે. જેમાંથી ૬ વેચવાના છે. ૧૪૦૦ વાર ઉપર જમીન છે. ફરીયાદીએ કાગળો મંગાવ્યા અને વકીલને બતાવતા કાગળો બરાબર લાગતા એક કરોડમાં સોદો થયા હતા. ટોકન પેટે એક લાખ રોકડા આપ્યા. આરોપીએ કહ્યું હતું કે, ૭૦ લાખ એડવાન્સ આપવા પડશે. બાકીના દસ્તાવેજ પછી. ફરીયાદીએ રોકડા રૂપિયાની માંગ કરી હતી. ઓકટોબર ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૫ સુધી ટુકડે ટુકડે ૭૦ લાખ આપ્યા હતા. દસ્તાવેજ કરાવવા માટે ગયા ત્યારે સબ રજીસ્ટ્રારે કહ્યું હતું કે, પ્લોટની નોંધ પડી નથી. નોધ પડયા પછી દસ્તાવેજ બનશે. .ત્યારે આરોપીએ બે દિવસમાં નોધ પડાવી દેવાનું અને બાદમાં સોગંદનામુ લખી આપ્યું હતું. જો કે સબ રજીસ્ટ્રારે નોંધ ન હોવાથી દસ્તાવેજ બનાવવાની ના પાડી હતી. અવારનવાર દસ્તાવેજ માટે બહાના આપ્યા હતા. બાદમાં જાણવા મળ્યું કે, આ પ્લોટ મહમદ અશરફના હતા જ નહીં. તેના પિતા અલીમામદ હાજીહસન જુણેજાના નામના છે. આરોપીએ આ પ્લોટ પોતાની માલિકીના હોવાનું કહી ખોટું સોગંદનામુ કરાવી ૭૦ લાખ લઈ છેતરપીંડી કરી હતી. જેથી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# માધાપર અને મોટી ભુજપુરમાં દારૂ પકડાયો

ભુજ - કચ્છઉદય : તાલુકાના માધાપર ગામે આવેલ હર્ષિલ રેસીડેન્સીમાં રહેતા કિશોર ઉર્ફે કરણ દેવાનંદ ગઢવી તેના જુના મકાન સ્વામિનારાયણ નગરમાં શરાબનો જથ્થો રાખી દારૂનો વેચાણ કરતો હોવાની બાતમી આધારે પોલીસે કાર્યવાહી કરીને દારૂની નાની મોટી બોટલો અને બીયરના ટીન મળી કુલ્લ ૩૭૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જયારે મુંદરા પોલીસે મોટી ભુજપુર ગામે જગદીશ દેવજી પાતાળીયાના મકાનની પાછળ વાડામાં દરોડો પાડી ૧૮ હજારનો દારૂ કબજે કર્યો હતો. આરોપી હાજર મળ્યો ન હતો. બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી હતી.

# મોખા પાસે ટ્રક ચાલકે ટક્કર મારતા ચાંદ્રોડાના વૃદ્ધનું મોત

મુંદરા - કચ્છઉદય : અંજાર - મુંદરા હાઈવે રોડ પર મોખા જીઈબી સબ સ્ટેશનની સામે ટ્રક ચાલકે ટક્કર મારતા ચાંદ્રોડાના વૃદ્ધનું મોત થયું હતું. આ મામલે પ્રાગપર પોલીસમાંથી જાણવા મળતી માહિતી મુજબ ફરિયાદી ચાંદ્રોડા ગામમાં રહેતા કરશનભાઈ મંગાભાઈ મરંડ (આહીર)ના જણાવ્યા પ્રમાણે ટ્રક નંબર આર.જે. ૧૯ જી.એફ. ૮૫૬૯ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે ચલાવી ફરિયાદીના પિતા મંગાભાઈ રોડ પાસે બાઈક લઈને ઉભા હતા ત્યારે તેમને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. ફરિયાદીના પિતા મંગાભાઈ મોખા ગામની ગૌશાળામાંથી ખાતર જોઈને પરત આવતા હતા અને સબ સ્ટેશન પાસે સર્વિસ રોડ પર બાઈક લઈને ઉભા હતા એ દરમ્યાન આ બનાવ બન્યો હતો. પ્રાગપર પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

--------

### નખત્રાણામાં યુવતીની ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવાઈ

નખત્રાણા - કચ્છઉદય : અહીં રહેતી યુવતીની ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવવામાં આવી હતી. કોઈ અજાણ્યા ઈસમ દ્વારા યુવતીની ફેક આઈડી બનાવી તેમાં તેના ફોટા મુકી ગુજરાતી ગીત સાથે અપલોડ કરી ફરિયાદીની પ્રતિષ્ઠાને હાની પહોંચે તે પ્રમાણેનું કૃત્ય કરવામાં આવ્યું હતું. જે અંગે નખત્રાણા પોલીસે ગુનો દાખલ કરીને પીઆઈ એ. એમ. પટેલે તપાસ હાથ ધરી છે.




----

### ગોડપરમાં પરિણીતાને ત્રાસ અપાયો

ભુજ - કચ્છઉદય : તાલુકાના ગોડપર ગામે પરિણીતાને ત્રાસ અપાતા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદી નમીરાબેનના જણાવ્યા પ્રમાણે આરોપી શબ્બીર હુસેન અબુબકર કુંભારે લગ્ન જીવન દરમ્યાન અવારનવાર ઝઘડા કરી મારકુટ કરી ઘરની જવાબદારી ન નિભાવી તારા માવતરોએ કંઈ આપ્યું નથી. તેમ કહી મેણા ટોણા મારી દહેજની માગણી કરી ત્રાસ આપવામાં આવ્યો હતો. જેથી મહિલા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

------

# આડેસર પોલીસની કાર્યવાહી : જાહેરમાં જુગાર રમતા ૫ ઈસમો મુદ્દામાલ સાથે ઝડપાયા

આડેસર (પૂર્વ કચ્છ): આડેસર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા તા. ૨૪/૦૪/૨૦૨૬ ના રોજ જુગારધારાની કલમ-૧૨ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ સ્ટેશનથી ૧૦ કિ.મી. દૂર, ગેલ કંપનીની પાછળની દીવાલ નજીક (ભીમાસર ઓળી) જાહેર જગ્યાએ કેટલાક ઈસમો પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળતા આડેસર પોલીસે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી તા. ૨૪/૦૪/૨૦૨૬ ના રોજ ૧૭:૩૫ થી ૧૮:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન કરવામાં આવી હતી.

પોલીસની આ કાર્યવાહી દરમિયાન ૫ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ટપુલાલ ભીમાભાઈ મકવાણા (ઉ.વ.૪૫, રહે. મોટાવાસ ભીમાસર, તા.રાપર) નાથાભાઈ ભલાભાઈ સોલંકી (ઉ.વ.૭૦, રહે. મૂળ કીડીયાનગર ફાલે લંગેરા વાડી વિસ્તાર, તા.રાપર) રમેશભાઈ રાણાભાઈ મુછડીયા (ઉ.વ.૪૨, રહે. ભીમાસર, તા.રાપર) વિરાભાઈ ખીમાભાઈ સોલંકી (ઉ.વ.૫૪, રહે. પદમપર, તા.રાપર) ખીમજીભાઈ પથાભાઈ મકવાણા (ઉ.વ.૫૦, રહે. જેતાણીવાસ ભીમાસર, તા.રાપર). પોલીસે સ્થળ પરથી જુગારના સાધનો અને રોકડ રકમ સહિત કુલ રૂ. ૧,૯૩,૮૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.

રોકડ રકમઃ રૂ. ૧૨,૮૦૦/- , મોબાઈલ નંગ-૩ઃ રૂ. ૧૫,૦૦૦/-, ગંજી પાના નંગ-૫૨ઃ રૂ. ૩૦૦/-, મોટર સાયકલ (મો.સા.) નંગ-૦૩ઃ રૂ. ૧,૬૫,૦૦૦/-. આ કેસની તપાસ આડેસર પોલીસ સ્ટેશનના એએસઆઈ રણધીરસિંહ હરીસિંહ ઝાલા ચલાવી રહ્યા છે, અને દરોડાની કામગીરીમાં પો.હેડ કોન્સ. શિરીષભાઈ ઈશ્વરભાઈ ચૌધરી સામેલ હતા.

જંબો બુક જંબો બુક
૧૨ નંગ સાથે ૬ નંગ ફ્રી
૧૦૨ પેજ થી ૪૦૦ પેજ સુધી ઉપલબ્ધ
શ્રી મોમાઈ જૈન મહિલા ગૃહ ઉદ્યોગ
ફરસાણી દુનિયા સામે, ભુજ બસ સ્ટેન્ડથી
૩ મીનીટના અંતરે, ભુજ M.9724501928
સમય સવારે ૯ થી રાત્રે ૧૦ સુધી
Free Gift

જ્યોતિષ કાર્યાલય
Regd. No. : 0016432 ૨૧ વર્ષનો અનુભવ
24x7 સચોટ સલાહ
૩ પેઢીથી કામ, અમારે ત્યાંથી નિરાશ નહીં થવા એ જ મારી સિદ્ધિ, કામનો ચોક્કસ નિકાલ
છુટાછેડા, ધારેલાકામ, ફેમીલી-બિઝનેશ પ્રોબ્લેમ
લવ પ્રોબ્લેમ, વશીકરણ સ્પે.
વિઝા પ્રોબ્લેમ, સૌતન- સાસુનો ત્રાસ, જન્માક્ષર
શું સંતાન કહેવામાં નથી ?, સંતાન યોગ
પ્રેમલગ્ન • ધારેલી વ્યક્તિનું મિલન
ગુપ્તધનના અધુરા મુકેલા કામ પૂર્ણ કરવામાં આવશે
ફોનથી દ્વારા ઘેર બેઠા કામ
9712423531

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની
અસ્મિતાના દર્પણ એવા જાગૃત
લોકપ્રહરી કચ્છ ઉદય ને ૩૩માં વર્ષમાં
મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
લોક વાંચકોના વિશાળહિતને ધ્યાનમાં રાખી સત્યના સાથી
બનવામાં અનેક કઠીન ડગરો પાર કરી અને પ્રચાર-પ્રસાર ક્ષેત્રે
૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ વેળાએ કચ્છના
અગ્રીમ સાંધ્ય દૈનિક કચ્છઉદયને ખુબ ખુબ શુભેચ્છાઓ...
Sheel Oil And Fats Private Limited
Survey No. 16, Village - Modvadhar,
Taluka-Anjar, District - Kachchh,
Gujarat- Pin Code : 370110, India.
Email : shrish.chandra@sheelchandgroup.com

કચ્છઉદયના ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા..
અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં ‘ઘર’
બનાવનાર ‘કચ્છઉદય’ને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવા બદલ હાર્દિક શુભેચ્છા....
VIDHANI VENEERS PVT. LTD.
LAL SONS PLYBOARD Private Limited
Lalsons Plyboard Private Limited




કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની
અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી
કચ્છઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ
પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



મનીષાબેન વિનોદભાઈ જંબુઆણી
સદસ્યાશ્રી તલવાણા જીલ્લા પંચાયત
ગામ - દરશડી તા.માંડવી - કચ્છ

Heartily Congratulation to Kutchuday
On Completing 32 Year as a Successful Representative in Media World in all over kutch.



Late Shri M. B. Shetty
Chawla Cafe
GANDHIDHAM
Shared M. Shetty
Managing Director
zest
MARINE SERVICES PVT. LTD.
7 & 8 Rotary Bhavan, Plot No. 125, Sector No. 9,
Opp. Gandhidham Municipal office,
Gandhidham (Kutch). Gujarat - 370 201
P : 0091-2836-236599 | F : 0091-2836-23760 | M : 0091-98252 28715
E : info@zestmarineindia.com | W : www.zestmarineindia.com
SHIP CHANDLERS & MARINE ENGINEERS

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.



# ભચાઉ પટ્ટામાં DYSPશ્રી સાંબડાની ટીમની તવાઈ : અસામાજિક તત્વોમાં ફફડાટ

## ૪૯ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ સઘન ચેકિંગ હાથ ધર્યું



## ભચાઉ - રાપર - સામખીયાળી - લાકડીયા - આડેસર- ગાગોદર પોલીસ વિસ્તારોમાં કરાયું સરપ્રાઇઝ કોમ્બિંગ

ગાંધીધામ : બોર્ડર રેન્જ, ભુજ - કચ્છના પોલીસ મહાનિરીક્ષકશ્રી ચિરાગ કોરડીયા, પૂર્વ-કચ્છ (ગાંધીધામ)ના પોલીસ અધિક્ષકશ્રી સાગર બાગમાર અને ભચાઉ વિભાગના નાયબ પોલીસ અધિક્ષકશ્રી સાગર સાંબડાના માર્ગદર્શન અને સૂચના હેઠળ ભચાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અસામાજિક તત્વોને ડામવા, પ્રોહિબિશન અને જુગારની બદીને નેસ્તનાબૂદ કરવા તેમજ એચ.એસ./એમ.સી.આર. અને જુગારીઓની તપાસ કરવાના હેતુથી સઘન સરપ્રાઈઝ કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરીમાં ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરના સુપરવિઝન હેઠળ ભચાઉ, રાપર, સામખીયારી, લાકડીયા, આડેસર અને ગાગોદર પોલીસ સ્ટેશનના સ્ટાફની બનેલી અલગ-અલગ ટીમો સાથે મળીને કુલ ૪૯ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન અગાઉ પ્રોહિબિશન તથા ચોરી જેવા ગુનાઓમાં પકડાયેલ ઈસમો અને અસામાજિક તત્વોને ચેક કરી વાહન ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી.

કોમ્બિંગ દરમિયાન પોલીસે ૯ પ્રોહિબિશનના કેસ, ૬૦ જી.પી. એક્ટ કલમ ૧૩૫ ના કેસ, ૨ એમ.વી. એક્ટ કલમ ૧૮૫ મુજબના કેસ, ૧૭ વાહન ડિટેઈન અને ૩૪ એન.સી. કેસ (જેમાં ૨૦ કાળા કાચ અને ૧૪ અન્ય એન.સી. સામેલ છે) દાખલ કર્યા હતા. આ ઉપરાંત, સ્થળ પર ૧૭,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો અને ૩૮ એમ.સી.આર. તથા ૪ એચ.એસ. ચેક કરવામાં આવ્યા હતા. સાથે જ ૨૫૬ વાહનો, ૪૨ શંકાસ્પદ ઈસમો, ૬ અવાવરૂ જગ્યાઓ, ૫ હોટલ-ધાબા પણ ચેક કરવામાં આવ્યા હતા.

# રાતાતળાવ-સણોસરા વચ્ચે ભૂંગા-ઝુંપડામાં રહેતા મહિલાઓને નવી સાડીઓ વિતરણ કરાઇ



ભુજ - કચ્છઉદય : માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા સણોસરા-રાતાતળાવ વચ્ચે રોડની એક સાઈડમાં ખુલ્લામાં પડ્યા-પાથર્યા રહેતા પરિવારો, ભૂંગા-ઝુંપડાઓમાં રહેતા મહિલાઓને નવી સાડીઓ અર્પણ કરાઈ હતી. બળબળતા તાપ અને સખત ગરમીમાં ખુલ્લામાં રહેતા પરિવારોનાં મહિલાઓને નવી સાડીઓ અર્પણ કરાતાં પરિવારજનોએ ખુશી વ્યક્ત કરી હતી. વ્યવસ્થા પ્રબોધ મુનવર, હિતેશ ગોસ્વામી તથા અમૃતલાલ ડાભીએ સંભાળી હતી.

## પશ્ચિમ કચ્છમાં અકસ્માતના બનાવોમાં ત્રણ લોકો ઘવાયા

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છમાં અકસ્માતના બનાવમાં ત્રણ લોકોને ઈજાઓ થવા પામી હતી. આ બાબતે જી.કે. જનરલ હોસ્પિટલમાંથી જાણવા મળતી વિગતો મુજબ નાના અંગીયામાં રહેતા ભાવેશભાઈ શાંતિભાઈ ચાવડા બાઈક લઈને ઘરે જતા હતા ત્યારે ધાવડા વિથોણ રોડ પર બાઈક સ્લીપ થતા ઈજાઓ થઈ હતી. આ તરફ ખાવડામાં પેટ્રોલ પંપ પાસે ટ્રક ચાલકે ટક્કર મારતા બાઈક લઈને જતા અમન વિશ્વકર્મા નામના યુવાનને ઈજાઓ થઈ હતી. જ્યારે નખત્રાણામાં સીએચસી પાસે બાઈક સ્લીપ થતા ગામમાં રહેતા મીથુનસિંઘ નામના યુવાનને ઈજાઓ થવાથી સારવાર માટે જી.કે. જનરલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું હોસ્પિટલ ચોકીએથી જાણવા મળ્યું હતું.


કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



મીત વિજયકુમાર સચદે
પ્રમુખશ્રી, માંડવી શહેર યુવા ભાજપ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



પ્રિયેનકુમાર એન.નાકર
( એડવોકેટ)
મંત્રીશ્રી માંડવી બાર એસોસિએશન

કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સમસ્ત સ્પંદન સ્પોર્ટસ્ એકેડમી પરિવાર
માંડવી-કચ્છ.


## વિંરસરા ગામની સીમમાંથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપી, બાલાસર પોલીસની કાર્યવાહી

ગાંધીધામ : બાલાસર પોલીસે વેરસરા ગામની સીમ વિસ્તારમાં ખાનગી બાતમીના આધારે દરોડો પાડી દેશી દારૂ બનાવવાના આથાનો કેસ શોધી કાઢ્યો હતો. કાર્યવાહી દરમિયાન ૧૫૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો અને પ્લાસ્ટિકના ૩ મોટા પીપડા સહિત રૂ. ૩,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે સહદેવસિંહ નસુભા સોઢા (રહે. વેરસરા, તા. રાપર) સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણી પોતાના પુત્ર અનંત અંબાણી સાથે આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના બેંગલુરુ સ્થિત આંતરરાષ્ટ્રીય કેન્દ્રની મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાત આર્ટ ઓફ લિવિંગના ૪૫મા સ્થાપના વર્ષના ઉપલક્ષ્યે યોજાઈ હતી.મંગળવારે બંનેએ આધ્યાત્મિક ગુરુ ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને આશ્રમ ખાતે સમય વિતાવ્યો.હાલમાં આર્ટ ઓફ લિવિંગના ૪૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યે બેંગલુરુ સ્થિત આંતરરાષ્ટ્રીય કેન્દ્ર ખાતે વિશેષ ઉજવણી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

## અંજારમાં લાકડાના ગોડાઉનમાં આગનો બનાવ: કરોડોનું નુકસાન, સદનસીબે જાનહાનિ ટળી

અંજાર : અંજાર તાલુકાના અજાપર ગામે આવેલ 'ઓમ ટિમ્બર માર્ટ'માં ગઈકાલે તારીખ ૨૪ મે ૨૦૨૬ના રોજ વહેલી સવારે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં ગોડાઉનમાં રહેલા લાકડાના જથ્થાને મોટું નુકસાન થયું છે, જોકે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. પ્રાપ્ત માહિતી અનુસાર, અજાપર ગામના સર્વે નંબર ૪૫૩, પ્લોટ નં. ૧/૨ ખાતે આવેલા ઓમ ટિમ્બર માર્ટના માલિક મહિપલસિંહ બિહારીલાલને ગઈકાલે સવારે અંદાજે ૦૩:૦૦ વાગ્યાના સુમારે તેમના મેનેજરનો ફોન આવ્યો હતો. મેનેજરે તેમને જાણ કરી હતી કે ટિમ્બર માર્ટમાં રહેલા લાકડાના જથ્થામાં અચાનક આગ લાગી છે. માલિક તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા, પરંતુ ત્યાં સુધીમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખો પ્લાન્ટ ભડભડ સળગી રહ્યો હતો. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટના અંગે મહિપાલસિંહ બિહારીલાલે અંજાર પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે. હાલ આ મામલે અંજાર પોલીસ દ્વારા અકસ્માત અંગેની નોંધ (જા.જોગ નંબર ૬૦/૨૦૨૬) કરવામાં આવી છે અને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.


કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



ડો.કે.જી.વૈષ્ણવ સાહેબ
પ્રમુખશ્રી,
ભારત વિકાસ પરિષદ માંડવી

કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

પ્રજાના પોતિકા અખબાર તરીકે લોકહૃદયમાં સ્થાન અંકિત કરનાર સાંધ્યદૈનિક કચ્છ ઉદયને ૩૩માંવર્ષમાં મંગલ પ્રવેશ અવસરે ખૂબ ખૂબ અભિનંદનસહ શુભેચ્છા...



જોષી લક્ષ્મીશંકર હરજીભાઈ
મહામંત્રીશ્રી,
માંડવી તાલુકા ભાજપ


## જંગડીયામાં આધાર - પુરાવા વગરનું ઓઈલ પકડાયું

ભુજ - કચ્છઉદય : અબડાસા તાલુકાના જંગડીયા ગામે ડેમની પાળ પાસેથી આધાર પુરાવા વગરનું ઓઈલ પકડાયું હતું. વાયોર પોલીસે કોટડા મઢ ગામના જુણસ ઓરસ રાયમા અને અબ્દુલ ઓસમાણ પઢીયારને પકડી લીધા હતા. તેમની પાસે રહેલા ૬ બેરલમાં અંદાજે ૧૧૦૦ લીટર ઓઈલ હતું. જેના આધાર પુરાવા માંગતા મળી આવ્યા ન હતા. જેથી બન્નેને પકડી શક પડતા મુદ્દામાલ તરીકે આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.


કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



શ્રી દર્શનગિરિ રાજેશગિરિ ગોસ્વામી
પ્રમુખશ્રી, માંડવી શહેર ભાજપ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...

ગુલામહુશેન જી. સમેજા (એડવોકેટ)
સુલેમાન એ. રાયમા (એડવોકેટ)
અબ્દુલસતાર એફ. રાયમા (એડવોકેટ)
રીઝવાન જી. સમેજા (એડવોકેટ)
માંડવી - કચ્છ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.

અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવા બદલ હાર્દિક શુભેચ્છા....

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન
શ્રીમતી મણીબેન પ્રેમજી કારાણી મેમો. ટ્રસ્ટ
: સંચાલિત :
એન્કરવાલા સરસ્વતી વિદ્યામંદિર માંડવી
માધવનગર, બાબાવાડી, માંડવી-કચ્છ.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.



શ્રી અનિરૂદ્ધભાઈ બી. દવે
ધારાસભ્યશ્રી, માંડવી-મુંદ્રા મતવિસ્તાર વિધાનસભા ૦૨
મહામંત્રીશ્રી, ગુજરાત પ્રદેશ ભાજપ
::: કાર્યાલય :::
૧૦૧/૧૦૪, પ્રથમ માળે, આશિર્વાદ પ્લાઝા, આશિર્વાદ નગર, ભુજ ઓક્ટ્રોય પાસે, માંડવી-કચ્છ.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.

અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર કચ્છ ઉદય ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવા બદલ હાર્દિક શુભેચ્છા....

શેઠ ગોકલદાસ હંશરાજ મેમોરિયલ ટ્રસ્ટ માંડવી - કચ્છ.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.

અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર કચ્છ ઉદય ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવા બદલ હાર્દિક શુભેચ્છા....

શેઠ જી. કે. એન્ડ એમ. કે મસ્તકવાલા ચેરીટેબલ ટ્રસ્ટ
માંડવી - કચ્છ.

કચ્છ ઉદય ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.

વીરાયતન વિદ્યાપીઠ - જખણિયા
શૈક્ષણિક વર્ષ 2026-27 માટે પ્રવેશ શરૂ છે
બાલમંદિરથી ધોરણ ૧૨ સુધી ગુજરાતી માધ્યમ
ધોરણ 10 અને 12 નું 100% પરિણામ
KG થી ધોરણ 8 સુધી અંગ્રેજી માધ્યમ
પ્રવેશ ચાલુ છે



- વિદ્યાર્થીઓના સંપૂર્ણ ઘડતર માટે વિવિધ પ્રવૃત્તિઓ
- આર્થિકરૂપથી નબળા વર્ગનાં બાળકો માટે શિષ્યવૃત્તિ
- વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે અલગ હોસ્ટેલની સુવિધા
- નિઃશુલ્ક તેમજ પૌષ્ટિક મધ્યાહન ભોજનની વ્યવસ્થા
- રમત ગમત માટેનું વિશાળ મેદાન તથા અદ્યતન લાયબ્રેરી
- દૂર નજીકના ગામડામાંથી બાળકોને લાવવા માટે બસની સુવિધા
- વીરાયતન ડિજિટલ એપ દ્વારા ઘર બેઠા પોતાના બાળકને દરેક જાણકારી મેળવો

એડમિશન માટે સંપર્ક :- મુખ્ય અધ્યાપિકાઃ 98252 10297 કોઓર્ડિનેટરઃ 87801 64102
જખણિયા, ભુજ-માંડવી રોડ, માંડવી તાલુકો, કચ્છ ૩૭૦ ૪૬૦ I Email: schools@veerayatan.org

# રાષ્ટ્રીય સરેરાશ કરતાં ગુજરાતમાં ગુનાખોરીનો દર ખૂબ ઓછો

**મહિલા અને બાળ સુરક્ષામાં ગુજરાત દેશભરમાં અગ્રેસર : ગુજરાતમાં દારૂબંધીના કડક અમલથી ક્રાઈમ રેટ ઊંચો દેખાય છે, વાસ્તવિક ગુનાખોરી રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણી ઓછી**

ગાંધીનગર - કચ્છઉદય : નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો નવી દિલ્હી દ્વારા તાજેતરમાં પ્રકાશિત કરવામાં આવેલા ''ક્રાઈમ ઈન ઈન્ડિયા'' પુસ્તકના આધારે વર્ષ ૨૦૨૪ દરમ્યાન ગુજરાત રાજ્ય તેમજ ભારતના અન્ય રાજ્યોના ગુનાહિત આંકડાઓનું તુલનાત્મક વિશ્લેષણ જાહેર કરવામાં આવ્યું છે. આ સત્તાવાર આંકડાઓ સ્પષ્ટ કરે છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત સુદ્રઢ અને સુરક્ષિત છે.

વર્ષ ૨૦૨૪માં સમગ્ર ભારતનો સરેરાશ ક્રાઈમ રેટ ૨૫૨.૩ છે, જેની સરખામણીએ ગુજરાતનો ક્રાઈમ રેટ માત્ર ૨૨૭.૭ છે. દેશના કુલ ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુજરાત ૧૨મા ક્રમે આવે છે. ગુજરાત રાજ્યમાં દારૂબંધી અમલમાં હોવાથી ગુજરાત પોલીસ દ્વારા ગુના નિવારણના ભાગરૂપે પ્રોહિબિશન એક્ટ હેઠળ ખૂબ જ કડક હાથે કામગીરી કરવામાં આવે છે. રાજ્યમાં દારૂ ગાળવા, વેચવા, હેરફેર કરવા કે પીવા સંબંધિત ગુનાઓમાં પોલીસ દ્વારા સ્વતઃ સંજ્ઞાન લઈને દર વર્ષે લાખોની સંખ્યામાં કેસો દાખલ કરવામાં આવે છે. એનસીઆરબીના ડેટામાં જ્યારે કુલ ગુનાઓની ગણતરી થાય છે, ત્યારે આ પ્રોહિબિશન (દારૂબંધી) હેઠળ નોંધાયેલા સ્પેશિયલ એન્ડ લોકલ લોઝના કેસો પણ તેમાં ઉમેરાય છે. ગુજરાત પોલીસની આ સક્રિય અને કડક ડ્રાઈવના કારણે ગુના નોંધણીની સંખ્યા ઊંચી દેખાય છે, જે વાસ્તવમાં રાજ્યની સલામતી અને પોલીસની સજાગતા દર્શાવે છે. જો આ દારૂબંધીના કેસોને અલગ રાખવામાં આવે, તો ગુજરાતનો વાસ્તવિક પરંપરાગત આઈ.પી.સી./બી.એન.એસ. ગુનાઓનો રેટ રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણો વધારે નીચો છે.

મહિલાઓ વિરૂદ્ધના ગુનામાં મહિલા સુરક્ષા બાબતે ગુજરાત દેશના સૌથી સુરક્ષિત રાજ્યોમાં મોખરે છે. રાષ્ટ્રીય સ્તરે મહિલાઓ વિરૂદ્ધના ગુનાનો દર ૬૪.૬ છે, જ્યારે ગુજરાતમાં આ દર માત્ર ૨૨.૦ છે. આ કેટેગરીમાં ગુજરાત દેશમાં ૩૩મા સ્થાને (ખૂબ નીચો ગુનાખોરી દર) છે. બાળકો વિરૂદ્ધ થતા ગુનાઓમાં રાષ્ટ્રીય સરેરાશ ૪૨.૩ સામે ગુજરાતનો ક્રાઈમ રેટ ૨૫.૮ છે અને ગુજરાત દેશમાં ૨૯મા ક્રમે છે.

## ડોનાલ્ડ ટ્રમ્પે ફરી કર્યા પીએમ મોદીના વખાણ

નવીદિલ્હી : ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો ફરી એકવાર વૈશ્વિક સ્તરે ચર્ચાનો વિષય બન્યા છે. દિલ્હીમાં અમેરિકાના સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે લાઈવ વીડિયો કોલ મારફતે હાજરી આપી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ખુલ્લેઆમ પ્રશંસા કરી. ટ્રમ્પના આ નિવેદનોએ રાજકીય અને રાજદ્વારી વર્તુળોમાં ખાસ ધ્યાન ખેંચ્યું છે. તેમણે કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો અત્યાર સુધીના સૌથી મજબૂત સ્તરે પહોંચી ગયા છે.આ પ્રસંગ દરમિયાન અમેરિકાના નવા રાજદૂત સર્જિયો ગોર પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓ ટ્રમ્પના નજીકના સહયોગી માનવામાં આવે છે. કાર્યક્રમ દરમિયાન સર્જિયો ગોરે સૌને આશ્ચર્યચકિત કરતાં સીધા ડોનાલ્ડ ટ્રમ્પ સાથે લાઈવ કનેક્શન કરાવ્યું, જેના કારણે દિલ્હીમાં હાજર મહેમાનોને અમેરિકન રાષ્ટ્રપતિ સાથે સીધી વાતચીત કરવાની તક મળી હતી.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ૭૫માં જન્મદિવસે વાવેલા નમો વનમાં વનરાઈ ખીલી ઉઠી



**ગુજરાતના શ્રમમંત્રી કાંતિલાલ અમૃતિયાનાં અથાક શ્રમથી સિરામીક ટાઉન મોરબી હરિયાળું બન્યું : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે લોકાર્પણ થયુ હતું. આઠ મહિના પહેલા જે વિસ્તાર વેરાન વગડો હતો ત્યાં અત્યારે વનરાજી ખીલી ઉઠી**

ગાંધીનગર - કચ્છઉદય : ગુજરાતના શ્રમમંત્રી કાંતિલાલ અમૃતિયાએ મોરબીમાં વનરાજી ઉભી કરવા ૧૦ લાખ વૃક્ષોનું વાવેતર કર્યું છે. તો ધારાસભ્ય અને રાજ્યનાં શ્રમમંત્રી કાંતિલાલ અમૃતિયાએ મોરબીમાં દસ લાખ વૃક્ષો વાવી સર્જેલા વનકવચની મુલાકાત લેવી પડે. મોરબીનાં પાદરમાં આવેલા મચ્છુ (૨) ડેમનાં કાંઠે મોરબી પાંજરાપોળ ટ્રસ્ટની ૧૨૦૦ વીઘા જમીનમાં વર્ષ ૨૦૨૫માં દસ લાખ વૃક્ષો વાવીને ઉછેરવામાં કાંતિલાલ અમૃતિયાએ પરસેવો રેડ્યો છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાં ૭૫માં જન્મદિવસે વન કવચ (નમો વન)નું રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે લોકાર્પણ થયુ હતું. આઠ મહિના પહેલા જે વિસ્તાર વેરાન વગડો હતો ત્યાં અત્યારે વનરાજી ખીલી ઉઠી છે. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફરી વખત આ નમોવનની મુલાકાત લીધી હતી અને લોકો આ વનનો આનંદ લઈ શકે તે માટે રૂ ત્રણ કરોડના ખર્ચે આઈકોનિક રોડ બનાવવા માટે વિશેષ ગ્રાન્ટ ફાળવી છે. ૬૪ વર્ષીય શ્રી કાંતિલાલ અમૃતિયાને તાજેતરમાં જ કેન્સરનું નિદાન થતા સર્જરી કરાવી છે. હવે તેઓ પોતાનું શેષ જીવન પ્રકૃતિ સંરક્ષણ માટે સમર્પિત કરવા ઈચ્છે છે. કાંતિલાલે સરકારને પત્ર લખીને મચ્છુ ડેમના કિનારે આવેલી નજીકની સરકારી જમીન ફાળવવાની પણ માંગ કરી છે, જેથી ત્યાં પણ આ પ્રકારનું વિશાળ વૃક્ષારોપણ અભિયાન હાથ ધરી શકાય છે.

# મમતા બેનર્જીને મોટો ઝટકો, TMC ના ફાયરબ્રાન્ડ સાંસદ કાકોલી ઘોષે આપ્યું રાજીનામું

નવીદિલ્હી :પશ્ચિમ બંગાળના રાજકારણમાંથી તૃણમૂલ કોંગ્રેસ અને મમતા બેનરજી માટે એક ખૂબ જ મોટા અને આંચકાજનક સમાચાર સામે આવ્યા છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકાર તરફથી 'રૂ' કેટેગરીની સુરક્ષા મેળવનારા વરિષ્ઠ નેતા અને સાંસદ ડૉ. કાકોલી ઘોષ દસ્તીદારે પક્ષના મહત્વના પદ પરથી રાજીનામું ધરી દીધું છે, જેના કારણે બંગાળના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.પશ્ચિમ બંગાળમાં સત્તા ગુમાવ્યા બાદ તૃણમૂલ કોંગ્રેસની અંદર આંતરિક વિખવાદ અને ઉથલપાથલ ચરમસીમાએ પહોંચી ગઈ છે. મમતા બેનરજીના અત્યંત નજીકના અને વફાદાર ગણાતા વરિષ્ઠ મહિલા સાંસદ ડૉ. કાકોલી ઘોષ દસ્તીદારે બારાસાત સંસદીય જિલ્લાના AITC જિલ્લા પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું છે. ખાસ વાત એ છે કે, આ સમગ્ર ઘટનાક્રમની વચ્ચે તાજેતરમાં જ કેન્દ્ર સરકારે તેમની સુરક્ષા વધારીને 'રૂ' કેટેગરીની કરી દીધી હતી. જેના કારણે તેમનો ઝૂકાવ ભાજપ તરફી થઈ રહ્યાની અટકળો પણ તેજ થઈ છે.

રાજકીય વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ, ડૉ. કાકોલી ઘોષ છેલ્લા કેટલાક સમયથી પક્ષના નિર્ણયોથી નારાજ હતા. અગાઉ તૃણમૂલ કોંગ્રેસે તેમને લોકસભામાં ચીફ વ્હીપના પદ પરથી હટાવી દીધા હતા અને આ જવાબદારી ફરીથી કલ્યાણ બેનરજીને સોંપી દીધી હતી. આ નિર્ણયથી કાકોલી ઘોષ ભારે નારાજ હતા અને ત્યારબાદ જ કેન્દ્ર સરકારે તેમને 'રૂ' કેટેગરીની વીઆઈપી સુરક્ષા પૂરી પાડી હતી. હવે તેમનું રાજીનામું મમતા બેનરજી માટે નવી મુશ્કેલીઓ ઉભી કરી શકે છે.

## ખોડલધામથી રાજ્યસભા સુધી? નરેશ પટેલની નિવૃત્તિ જાહેરાત બાદ રાજકીય અટકળો તેજ

ગાંધીનગર : ખોડલધામ ટ્રસ્ટ અને પાટીદાર સમાજના અગ્રણીઓમાં ગણાતા નરેશ પટેલ ફરી એકવાર રાજકીય ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. ખોડલધામના દશાબ્દી મહોત્સવ દરમિયાન તેમણે ૨૦૨૭ બાદ આરામ લેવાની જાહેરાત કરતાં અનેક અટકળોએ જન્મ લીધો છે. સાથે જ અનાર પટેલને ટ્રસ્ટીમાં સામેલ કરાયા બાદ હવે એવી ચર્ચા જોર પકડી રહી છે કે નરેશ પટેલને રાજ્યસભામાં મોકલવાની રાજકીય તૈયારીઓ ચાલી રહી હોઈ શકે છે. પાટીદાર સમાજમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ખોડલધામના સંચાલનની જવાબદારી આગામી સમયમાં નવી ટીમ અને અનાર પટેલ તરફ ટ્રાન્સફર કરીને નરેશ પટેલ સક્રિય રાજકારણ તરફ આગળ વધી શકે છે. સૌરાષ્ટ્રમાં પાટીદાર સમાજ પર નરેશ પટેલનો મોટો પ્રભાવ માનવામાં આવે છે. રાજકીય રીતે પણ તેઓ હંમેશા ચર્ચામાં રહ્યા છે. અગાઉ અનેક વખત તેમની રાજકારણમાં એન્ટ્રી અંગે ચર્ચા થઈ ચૂકી છે, પરંતુ કોઈ સત્તાવાર નિર્ણય સામે આવ્યો નહોતો. હાલ ગુજરાતમાં રાજ્યસભાની ચાર બેઠકો ખાલી થવાની ચર્ચા વચ્ચે હવે નરેશ પટેલનું નામ પણ રાજકીય વર્તુળોમાં ગુંજવા લાગ્યું છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ભાજપ તરફથી તેમને રાજ્યસભામાં મોકલવામાં આવે તો નવાઈ નહીં. ચર્ચા એવી પણ છે કે નરેશ પટેલ પોતાને બિનરાજકીય અને સામાજિક આગેવાન તરીકેની છબી જાળવી રાખવા માટે રાષ્ટ્રપતિ મનોનિત સભ્ય તરીકે રાજ્યસભામાં જવાની ઈચ્છા ધરાવતા હોઈ શકે છે.

## અંજારના માલા શેરીમાં કચરાના ઢગલામાં આગ લાગી






અંજારના માલાશેરી વિસ્તારમાં આવેલા ખુલ્લા પ્લોટમાં પડેલા કચરાના ઢગલામાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટનાની જાણ થતાં નગરપાલિકાના ફાયર ફાઈટર તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. આગના કારણે વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.

## સોના-ચાંદીમાં જબરદસ્ત તેજી,સોનું ૧.૫૯ લાખ પાર, ચાંદીમાં ૫,૦૦૦થી વધુનો ઉછાળો

નવી દિલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચે લગભગ ત્રણ મહિનાથી ચાલી રહેલા તણાવ વચ્ચે સોદાની આશા વધી ગઈ છે. દરમિયાન, સોમવારે સોના અને ચાંદીના ભાવમાં તીવ્ર વધારો જોવા મળી રહ્યો છે. એક તરફ, ચાંદીના ભાવમાં ૧.૫ ટકાથી વધુનો ઉછાળો જોવા મળી રહ્યો છે. બીજી તરફ, સોનાના ભાવમાં પણ લગભગ ૦.૪૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે.સોમવારે સવારે ૦૯:૪૧ વાગ્યા સુધીમાં, સોનાના ભાવ ૦.૩૯ ટકા વધીને ૧,૫૯,૩૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યા હતા, જે ૬૨૧ રૂપિયા છે. બીજી તરફ, ચાંદીના ભાવ ૧.૫૫ ટકા વધીને ૨,૭૬,૦૬૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઈ રહ્યા હતા, જે ૪૨૧૪ રૂપિયા છે.સોનાના ભાવમાં ૮૨૧ રૂપિયાનો વધારો થયો છે સોમવારે, અઠવાડિયાના પહેલા દિવસે, ૫ જૂનના રોજ ડિલિવરી માટેનું સોનું ૪૭૧ રૂપિયા વધીને ૧,૫૯,૧૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ખુલ્યું, જે શુક્રવારે તેના અગાઉના બંધ ભાવ ૧,૫૮,૬૭૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતું. આજના ટ્રેડિંગ દરમિયાન, સોનાના ભાવ ૧૦ ગ્રામ દીઠ ૧,૫૯,૫૦૦ રૂપિયાના ઈન્ટ્રાડે ઉચ્ચતમ સ્તરથી વધીને ૧,૫૯,૦૧૪ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચ્યા.

## જાહેરમાં કચરો ફેંકનાર 'ફન બ્લાસ્ટ'ને ગાંધીધામ મનપાનો ૧૦ હજારનો દંડ








ગાંધીધામ - કચ્છ ઉદય : ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત જાહેર સ્થળે કચરો ફેંકવા બદલ 'ફન બ્લાસ્ટ' સામે ૧૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. મનપાની આ કાર્યવાહી શહેરમાં સ્વચ્છતા જાળવવા અને નિયમોના પાલન માટે મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહી છે. મનપા દ્વારા સતત દેખરેખ રાખી સ્વચ્છ ગાંધીધામના સંકલ્પને સાકાર કરવા માટે કરવામાં આવતી કામગીરી પ્રશંસનીય છે. આવી કડક કાર્યવાહીથી અન્ય લોકોને પણ સ્વચ્છતા અંગે જાગૃતિ અને જવાબદારીનો સંદેશ મળશે.

# રોજનું ૯૬૦ કરોડનું ઇંધણ ટ્રાફિકમાં સ્વાહાઃ ખામીયુક્ત આયોજન અને નિયમોના ઉલ્લંઘનથી દેશને અબજોનું નુકસાન

નવીદિલ્હી : ભારતીયો દ્વારા અંદાજે દર વર્ષે ૩.૪૫ લાખ કરોડ રૂપિયાના પેટ્રોલ અને ડીઝલનો વ્યય માત્ર ટ્રાફિકના કારણે કરવામાં આવે છે. તેમાંય ભારતના ચાર મોટા મહાનગરો જેવા કે દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બેંગ્લુરૂ દ્વારા તેમાંથી મોટાપાયે વ્યય કરવામાં આવે છે. આ ચાર મહાનગરો દ્વારા વર્ષે ૧.૫૦ લાખ કરોડ રૂપિયાના પેટ્રોલનો ધુમાડો માત્ર ટ્રાફિકમાં કરવામાં આવે છે : બેંગ્લોરમાં ટ્રાફિક જામની સમસ્યા સૌથી ખરાબ છે.

બેંગ્લોરમાં સામાન્ય માણસો દર વર્ષે અંદાજે ૧૯૦૦૦ કરોડ રૂપિયાના પેટ્રોલ-ડીઝલ ફુંકી મારે છે. તેવી જ રીતે પુણેમાં પણ આવી જ સમસ્યા છે. અહીંયા લોકો દર વર્ષે અંદાજે ૧૭,૦૦૦ કરોડ રૂપિયાના પેટ્રોલ અને ડીઝલને ધુમાડો કરે છે. કોલકાતામાં પણ વર્ષે અંદાજે ૧૫,૫૦૦ કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વેડફાટ થાય છે. મુંબઈમાં પણ અંદાજે ૧૪,૫૦૦ કરોડ રૂપિયા જ્યારે દિલ્હીમાં અંદાજે ૧૨,૦૦૦ કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વેડફાટ થઈ જાય છે ભારતમાં પેટ્રોલ અને ડીઝલની અછત અંગે બુમરાણ ચાલી રહી છે. દેશના અનેક જિલ્લાઓમાં તો અછત વર્તાવા લાગી છે જ્યારે કેટલાક જિલ્લાઓમાં લોકો પેટ્રોલ અને ડીઝલ સ્ટોર કરવા લાગ્યાની વાતો પણ ફેલાઈ છે. આ દરમિયાન કેટલાક અહેવાલ સામે આવ્યા છે જે પણ ચિંતાજનક છે. ભારતીયો માત્ર વાહનો ચલાવવા દરમિયાન જ નહીં પણ ટ્રાફિકમાં પણ અધધ રૂપિયાનું પેટ્રોલ અને ડીઝલ ઉડાવી દે છે.

## આરઈ પાર્કની કંપનીમાંથી ચોરી થયેલા કેબલ સાથે બે શખ્સ પકડાયા



ભુજ - કચ્છઉદય : તાલુકાના ખાવડા વિસ્તારમાં આવેલ આરઈ પાર્કની કંપનીમાંથી કોપર કેબલ વાયરની ચોરી કરવામાં આવી હતી. આ બનાવમાં ધોરડો પોલીસે બે શખ્સોની અટક કરી હતી. ધોરડો પોલીસે મોટા ગામના સોહેબ ઈસ્માઈલ સમા અને ધ્રોબાણા ગામના અલીમ જુનસ સમાની અટક કરી તેમની પાસેથી ૬૦ હજારના એક ડ્રમ એવા કોપર વાયરના ૩૦ ડ્રમ કિંમત રૂા. ૧૮ લાખ અને ત્રણ લાખની બોલેરો નંબર જી.જે. ૧૨ બીટી ૮૦૫૮ તેમજ મોબાઈલ સહિત મળી ૨૧.૨૫ લાખનો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી હતી.

**૧૮ લાખના કોપર વાયર સાથે ૨૧.૨૫ લાખનો મુદ્દામાલ કબજે કરાયો**

## બનાસકાંઠાની દિયોદર તાલુકા પંચાયતના પ્રમુખ સહિતના હોદેદારોની ચૂંટણી રદ : ડખો થતા પોલીસે મોરચો સંભાળ્યો

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર : બનાસકાંઠાના દિયોદરમાં પ્રમુખ સહિતના હોદેદારોની ચૂંટણી થવાની હતી અહી કોંગ્રેસના બાર સભ્યો હોવાથી તેમની સત્તા આવતી હોય તેમ દર્શાતા બે સભ્યો દ્વારા બબાલ કરવામા આવી હોવાના આક્ષેપ દીયોદર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભરતસિંહ દ્વારા કરવામા આવ્યો હતો. ભાજપ હાર ભાળી ગઈ હોવાથી આ ડખ્ખો કર્યા હોવાનુ આરોપ લગાવવામા આવ્યો છે. બબાલ થયાની ઘટનાથી પોલીસ દોડી આવી હતી તો વળી ચૂંટણી અધિકારીએ પણ તરત જ ચૂંટણી રદ કરી દીધી હતી.

# અંજાર કોમર્સ એન્ડ ડેવલોપમેન્ટ કાઉન્સિલ દ્વારા ભુજ-દિલ્હી નવી ટ્રેનનું સ્વાગત કરાયું

**દૈનિક એક્સપ્રેસ ટ્રેનને અંજારમાં સ્ટોપેજ અપાતા શહેર તથા આસપાસના વિસ્તારના મુસાફરોમાં આનંદની લાગણી**



અંજાર - કચ્છ ઉદય : પ્રેસ નોટ ભુજ-દિલ્હી વચ્ચે શરૂ થયેલ નવી દૈનિક એક્સપ્રેસ ટ્રેન સેવા કચ્છ જિલ્લાના મુસાફરો માટે અત્યંત લાભદાયી સાબિત થનાર છે. ખાસ કરીને આ ટ્રેનને અંજાર ખાતે સ્ટોપેજ આપવામાં આવતા અંજાર શહેર તથા આસપાસના વિસ્તારના મુસાફરોમાં આનંદની લાગણી વ્યાપી છે.

આ અવસરે અંજાર કોમર્સ એન્ડ ડેવલોપમેન્ટ કાઉન્સિલ દ્વારા સાંસદ વિનોદભાઈ ચાવડા,, રેલ્વે મંત્રી, ભારત સરકાર તથા પશ્ચિમ રેલ્વે પ્રશાસનનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. નવી દૈનિક એક્સપ્રેસ ટ્રેનના અંજાર ખાતે પ્રથમ આગમન સમયે કાઉન્સિલના આગેવાનો તથા શહેરના આગેવાનો દ્વારા ટ્રેનનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો દ્વારા જણાવાયું હતું કે, ભુજ-દિલ્હી વચ્ચેની આ નવી દૈનિક ટ્રેન સેવા કચ્છના વેપાર, રોજગાર, શિક્ષણ અને પ્રવાસન ક્ષેત્રે નવી તકો ઊભી કરશે તેમજ મુસાફરોને સરળ અને સુવિધાજનક મુસાફરી ઉપલબ્ધ કરાવશે. અંજાર કોમર્સ એન્ડ ડેવલોપમેન્ટ કાઉન્સિલ દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી હતી કે, ભવિષ્યમાં પણ કચ્છ જિલ્લાના હિતમાં વધુ ટ્રેન સેવાઓ અને સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ ટ્રેનના સ્વાગત માટે પ્રમુખ દીપેનભાઈ પંડ્યાની સાથે વિપલભાઈ વોરાણી, ભોગીભાઈ પટેલ, નિતેશભાઈ પટેલ, હિમ્મતભાઈ પટેલ, રાજનભાઈ હર્ષ, અમિતભાઈ સોની, હરેશભાઈ દક્ષિણી, જીગ્નેશભાઈ સોની, ડી.સી. ઠક્કર વગેરે કાઉન્સિલ અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા એવું મંત્રી દિલીપભાઈ શેઠિયા એ જણાવ્યું હતું.

## નેત્રંગ તાલુકા પંચાયતમાં ભાજપ-કોંગ્રેસ સાથસાથ : આમઆદમી પાર્ટી બાયપાસ

ગાંધીનગર : નેત્રંગ તાલુકા પંચાયતમાં ભાજપ અને કોંગ્રેસ સાથ સાથે આવ્યા હોવાની વિગતો સામે આવી રહી છે. અહી તાલુકા પંચાયતમાં સાત ભાજપ અને સાત આમઆદમી પાર્ટીના સભ્યો જીત્યા હતા ત્યારે ભાજપની તરફેણમાં કોંગ્રેસના એક સભ્ય સમર્થનમાં આવતા ભાજપે અહી સત્તાના સુકાન સંભાળ્યા છે. ત્યારે અહી ચિત્ર ભાજપ-કોંગ્રેસ સાથસથા અને આમઆદમી પાર્ટી બાયપાસ થવા પામી ગઈ છે.

## ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં નોકરીની રાહ જોઈ રહેલા યુવાનો માટે મહત્વના સમાચાર

ગાંધીનગર : ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં નોકરીની રાહ જોઈ રહેલા યુવાનો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં ગુજરાત પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા રાજ્યની જિલ્લા અને નગર શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓમાં વિવિધ પદો માટે ભરતી પ્રક્રિયા જાહેર કરવામાં આવી છે. વિદ્યાસહાયક, સ્પેશિયલ એજ્યુકેટર અને મુખ્ય શિક્ષક સહિત કુલ ૩૯૬૬ જગ્યાઓ માટે ભરતી હાથ ધરવામાં આવશે. જેના કારણે શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છુક ઉમેદવારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.આ ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારો આગામી ૧ જૂન, ૨૦૨૬થી ઓનલાઈન અરજી કરી શકશે. અરજી પ્રક્રિયા બપોરે ૧૨ વાગ્યાથી શરૂ થશે અને ૧૦ જૂન, ૨૦૨૬ના રોજ સાંજે ૫ વાગ્યા સુધી ચાલુ રહેશે.

# રશિયાનો યુક્રેન ઉપર 'ઓરેશ્નિક' મિસાઇલ્સના પ્રચંડ હુમલો

(એજન્સી દ્વારા)નવી દિલ્હી :રશિયા યુક્રેન યુદ્ધ બેહદ ખતરનાક વળાંકે પહોંચ્યું છે તે અટકવાનું નામ નથી લેતું. પૂર્વે યુક્રેને રશિયા ઉપર ડ્રોન વિમાનોથી કરેલા હુમલાનું વેર વાળવા રશિયાએ શનિવાર-રવિવાર વચ્ચેની રાત્રીએ ૧ વાગે યુક્રેનનાં પાટનગર કીવ ઉપર પ્રચંડ મિસાઈલ અને ડ્રોન હુમલો કર્યો છે. તેમાં કેટલીએ મોટી ઈમારતો, સ્કૂલો, અન્ય નાગરિક ઈમારતો ધ્વસ્ત થઈ ગઈ છે. જોકે હજી સુધીમાં માત્ર એક જ વ્યક્તિનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે પ્રમુખ ઝેલેન્સ્કીએ લોકોને એલર્ટ રહેવા જણાવી દીધું છે.આ ધમાકો થયો તે પહેલાં થોડા સમયે યુક્રેનનાં એરફોર્સે આવા હુમલાની સંભાવના અંગે ચેતવણી ઉચ્ચારી હતી. તેણે જણાવ્યું હતું કે રશિયા તેના બેહદ ખતરનાક 'ઓરેશ્નિક' હાઈપર સોનિક બેલાસ્ટિક મિસાઈલ્સથી હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે.

કીવના મેયરે જણાવ્યું હતું કે, નુકશાન વેઠેલા વિસ્તારોમાં રાહતકાર્ય ઝડપભેર ચલાવવામાં આવી રહ્યું છે અને સમગ્ર યુક્રેનમાં 'એર-ડીફેન્સ સીસ્ટીમ' હાઈ એલર્ટ પર મુકી દેવાઈ છે.રશિયાના આ હુમલાની કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ઉગ્ર ટીકા કરી છે.રશિયાના આ હુમલા પૂર્વે પ્રમુખ ઝેલેન્સ્કીએ દેશવાસીઓને શનિવારે સાંજે જ કરેલાં સંબોધનમાં કહ્યું હતું કે, પુતિનની સેના કોઈ એક જ સ્થળને નહીં પરંતુ એક સાથે અનેક સ્થળોને - પાટનગર કીવ સહિત લગભગ તમામ શહેરો ઉપર એક સાથે નિશાન બનાવવા માગે છે. તેની પાસે અનેક પ્રકારનાં ઘાતક શસ્ત્રો છે. શનિવારે રાત પડતાં જ સાયરન વગાડવામાં આવશે તેને જરા પણ હળવી રીતે ન લેતા, કારણ કે રશિયાનાં પાગલ મનની કોઈ સીમા નથી. તેથી સાયરન વાગે કે તુર્તજ બંકરોમાં છુપાઈ જજો.

## પહેલા પાનાથી...

**મોંઘવારીનો માર**

અને ચેન્નાઈમાં ૯૯.૫૫ પ્રતિ લિટરમાં ઉપલબ્ધ થશે.ગયા અઠવાડિયે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. શનિવારે ૧૦ દિવસથી ઓછા સમયમાં તેલના ભાવમાં ત્રીજો વધારો થયો હતો. પેટ્રોલના ભાવમાં ૮૭ પૈસા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો હતો, જ્યારે ડીઝલના ભાવમાં ૯૧ પૈસા પ્રતિ લિટરનો વધારો થયો હતો. આ વધારા બાદ, દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૧૦ દિવસમાં લગભગ ૫ રૂપિયા પ્રતિ લિટરનો વધારો થયો છે.

પેટ્રોલ અને ડીઝલની સાથે વાહનના ઈંધણ તરીકે ઉપયોગમાં લેવાતા સીએનજીના ભાવમાં પણ શનિવારે પ્રતિ કિલોગ્રામ એક રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોમાં આ ત્રીજો વધારો છે, જેનાથી સીએનજીનો કુલ ભાવ પ્રતિ કિલોગ્રામ ૪ રૂપિયા થયો છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ વચ્ચે, જાહેર ક્ષેત્રની પેટ્રોલિયમ કંપનીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થવાને કારણે રિટેલ ઈંધણના ભાવમાં સતત વધારો કરી રહી છે. જો કે, ૧૫ મે પહેલા, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં લાંબા સમયથી વધારો કરવામાં આવ્યો ન હતો.

ઝ્દ્રય ના ભાવ પણ સતત વધી રહ્યા છે. શનિવારે, તેમાં પ્રતિ લિટર એક રૂપિયો વધારો કરવામાં આવ્યો હતો, જેના કારણે દિલ્હીમાં ઝ્દ્રય ના ભાવ ૮૦.૦૯ રૂપિયાથી વધીને ૮૧.૦૯ રૂપિયા પ્રતિ કિલોગ્રામ થયા છે. ૧૦ દિવસથી ઓછા સમયમાં ઝ્દ્રય ના ભાવમાં આ ત્રીજો વધારો છે. પહેલો વધારો ૧૫ મેના રોજ પ્રતિ કિલોગ્રામ ૨ રૂપિયાનો હતો, ત્યારબાદ ૧૭ મેના રોજ એક રૂપિયાનો વધારો થયો હતો. ૨૩ મેના રોજ ત્રીજા વધારામાં ઝ્દ્રય ના ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૪ રૂપિયાનો વધારો થયો હતો.

૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઇઝરાયલના ઈરાન પર હુમલા બાદ, ખાડી ક્ષેત્રમાં સંઘર્ષને કારણે વૈશ્વિક તેલ પરિવહન માટે મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ હોર્મુઝ સ્ટ્રેટ બંધ થઈ ગયો છે. આના કારણે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં ૫૦ ટકાથી વધુનો વધારો થયો છે.

**રાજ્યની ૧૫**

પ્રક્રિયા હાથ ધરવામાં આવનારી હોય કોણ મેયર બનશે તે નામ પર અટકળો તેજ બની છે જોકે પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલા નામોને આવતીકાલથી શરૂ થનારી બેઠકો માં જે તે મહાનગરપાલિકામાં જિલ્લા નિરીક્ષક અને જિલ્લા પ્રભારી ની ઉપસ્થિતિમાં મળનારી બેઠકમાં સત્તાવાર નામ ની જાહેરાત કરવામાં આવ્યા બાદ જ ખ્યાલ આવશે કે મેયરનો તાજ કોના શિરે આવશે.

**વાત ફરી બગડી**

તો લેબનાનમાં ઈરાન હવે હીઝબુલ્લાની મદદથી આ દેશની લોકશાહી ઢબે ચુંટાયેલી સરકારને ઉથલાવવા પ્રયાસ કરી રહ્યા હોવાનો આરોપ અમેરિકી વિદેશ મંત્રી માર્કેટ રૂબીયોએ મુકયો હતો.

**વાઈબ્રન્ટ માટે**

ઉચ્ચ અધિકારીઓના પ્રતિનિધિમંડળ વિવિધ દેશોના પ્રસ્તાવ કરે છે જેની તૈયારીઓ થઈ ગઈ છે પણ હવે નવી પરીસ્થિતિને જોતા વાઈબ્રન્ટ ગુજરાત માટે જે પ્રતિનિધિમંડળો વિદેશ જવાના છે તે શકય તેટલા નાના હોય તે પણ નિશ્ચિત કરવા જણાવાયું છે.

# CNGના ભાવ ભડકે બળતા સ્કૂલ વર્ધીના ભાડામાં વધારાની તૈયારી

અમદાવાદ : નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ની શરૂઆત પહેલા જ વાલીઓ માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ઝ્દ્રય્ના ભાવમાં થઈ રહેલા સતત વધારાને પગલે સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા હવે સ્કૂલ વાન અને સ્કૂલ રિક્ષાના ભાડામાં વધારો કરવાની ગંભીર ગતિવિધિઓ શરૂ કરવામાં આવી છે. વેકેશન ખૂલતાની સાથે જ વાલીઓ પર મોંઘવારીનો વધુ એક ડામ પડે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ અંગે આગામી જૂન મહિનાની શરૂઆતમાં એસોસિએશન દ્વારા એક મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી છે, જેમાં ભાડા વધારા અંગે આખરી નિર્ણય લેવામાં આવશે.પ્રાપ્ત માહિતી અનુસાર, સામાન્ય રીતે સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા દર ૩ વર્ષે ભાડામાં વધારો કરવામાં આવતો હોય છે. જે અનુસાર, છેલ્લે ૧૧ જૂન, ૨૦૨૪ના રોજ ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો, જેથી હવે પછીનો વધારો છેક વર્ષ ૨૦૨૭માં કરવાનો થતો હતો. પરંતુ, છેલ્લા ભાડા વધારા બાદ સીએનજીના દરમાં અણધાર્યો અને તોતિંગ વધારો થયો છે. જેના કારણે એસોસિએશનને સમય પહેલા જ ભાડા વધારવાની ફરજ પડી રહી છે. ૨૦૨૪માં જ્યારે એસો. દ્વારા સ્કૂલ રિક્ષા અને સ્કૂલ વાનના ભાડામાં વધારો કરવામાં આવ્યો ત્યારે સીએનજીનો ભાવ રૂ. ૭૬ આસપાસ હતા. જોકે, હાલમાં સીએનજીનો ભાવ રૂ. ૮૬ને પાર પહોંચી ગયો છે. આમ, રૂ. ૧૦નો તોતિંગ વધારો થઈ ચૂક્યો છે. એસોસિએશનના સભ્યોનું કહેવું છે કે, સીએનજીમાં પ્રતિ કિલો ૧૦ જેટલો મોટો વધારો થઈ ચૂક્યો હોવાથી જૂના ભાડામાં વાહન ચલાવવું હવે આર્થિક રીતે પોસાય તેમ નથી.

ગેસ એ કિમંતી સંપત્તી છે, તેનો વ્યય ન કરો
રેસોઈ પહેલા દાળ-ચોખા પલાળીને રાખો-ગેસની બચત થશે

# કચ્છ જિ.પં.ના ૨૩મા પ્રમુખ તરીકે પ્રભાબેન રબારીએ જવાબદારી સંભાળી






**ઉપપ્રમુખ તરીકે મહાવીરસિંહની નિયુક્તિ : કારોબારી ચેરમેન હરીશ ભંડેરી, શાસકપક્ષના નેતા ધનજીભાઈ ચાવડા અને દંડક તરીકે મેઘબાઈ ગઢવીની આગામી સામાન્ય સભામાં થશે વરણી : જિલ્લા પંચાયત ખાતે કચ્છ જિલ્લા ભાજપ પ્રભારી ફલજી ચૌધરી સહિત ભાજપના નેતાઓ અને સમર્થકો હાજર રહી અભિનંદન આપ્યા : રબારી સમાજે વાજતે ગાજતે જિલ્લા પંચાયતના નવા હોદ્દેદારો અને ડીડીઓ સહિતનું સન્માન કર્યું**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા પંચાયતની કુલ ૩૮ બેઠકોમાંથી ભાજપના ફાળે ૩૪ અને કોંગ્રેસને ચાર બેઠકો આવી હતી. બહુમતીના કારણે આજે સતાવાર રીતે બીનહરીફ ભાજપના હોદ્દેદારો ચૂંટાઈ આવ્યા છે. ગઈકાલે ભાજપ દ્વારા જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે ભીમાસર ચકાસર બેઠકના પ્રભાબેન મેરામણભાઈ હુણ (રબારી)ની પસંદગી કરવામાં આવી હતી. જે બાદ ઉપપ્રમુખ તરીકે નલિયા બેઠકના મહાવીરસિંહ જાડેજા, કારોબારી ચેરમેન તરીકે સુખપર બેઠકના હરીશ નાનજી ભંડેરી, શાસકપક્ષના નેતા તરીકે કુકમા બેઠકના ધનજી ખીમા ચાવડા અને દંડક તરીકે ગઢશીશા બેઠકના મેઘબાઈ જીવરાજ ગઢવીના નામની જાહેરાત કરવામાં આવી હતી, તેઓનું પણ આજે સન્માન કરવામાં આવ્યું હતું. આજે જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પંચાયતના વહિવટદાર અને કલેકટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. જેમાં પ્રમુખ અને ઉપપ્રમુખની સતાવાર વરણી કરવામાં આવી હતી. તેઓએ ચાર્જ સંભાળી લીધો હતો તથા અન્ય હોદ્દેદારોની આગામી સામાન્ય સભામાં સતાવાર જાહેરાત થશે. ચાર્જ સંભાળ્યા બાદ પ્રતિક્રિયા આપતા ઉપપ્રમુખ મહાવીરસિંહે જણાવ્યું કે, નિષ્ઠાથી કામ કરીને સામાન્ય લોકોને સરકારી યોજનાઓનો લાભ મળે તે દિશામાં કાર્યો કરવામાં આવશે. બાબુ ભીમા હુંબલે જણાવ્યું કે, ભીમાસર સીટ ૨૦ વર્ષથી કોંગ્રેસ પાસે હતી. અમે કોંગ્રેસ પાસેથી સીટ આંચકી લીધી અને પ્રભાબેન ત્યાંથી વિજેતા બન્યા અને આજે જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી છે. રબારી સમાજમાંથી તેઓ પ્રથમ મહિલા પ્રમુખ બન્યા છે. આ બદલ નવનિયુક્ત તમામ હોદ્દેદારોને શુભેચ્છા આપી પોતાની વાતને ગ્રાહ્ય રાખવા બદલ ભાજપના નેતૃત્વનો આભાર માન્યો હતો.

ઉલ્લેખનીય છે કે, રોટેશન પ્રમાણે આ બેઠક ભીમાસર ચકાસરને ફાળવાઈ હોઈ શરૂઆતથી આ બેઠકના ઉમેદવાર જિલ્લા પંચાયતના પ્રમુખ બનશે તે નક્કી હતું. આજે મોટી સંખ્યામાં ભાજપના નેતાઓ, ટેકેદારો પહોંચ્યા હતા અને હોદ્દેદારોનું સન્માન કર્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમનું રબારી સમાજની બહેનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે કચ્છ જિલ્લા ભાજપ પ્રભારી ફલજી ચૌધરી, અબડાસા ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા, જિલ્લા ભાજપ મહામંત્રી ધવલ આચાર્ય, હિતેશ ખંડોળ, ભીમજી જોધાણી, બાબુભાઈ ભીમાભાઈ હુંબલ, અરજણભાઈ રબારી, પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, ભુજ નગરપતિ શીતલ શાહ, કારોબારી ચેરમેન કમલ ગઢવી, અબડાસા તાલુકા ભાજપ પ્રમુખ જયદીપસિંહ જાડેજા, ભુજ તાલુકા ભાજપ પ્રમુખ અશોક બરાડિયા, રાજેન્દ્રસિંહ જાડેજા, રાજુ રબારી, દિપક ડાંગર, જયંત ઠક્કર, દિપક પટેલ સહિતના હાજર રહ્યા હતા.

## હવે સમિતિઓના ચેરમેન માટે લોબીંગ શરૂ


જિલ્લા પંચાયતમાં હોદ્દેદારોની જાહેરાત બાદ હવે સૌની નજર સમિતિઓના ચેરમેન પર છે. ખાસ કરીને શિક્ષણ સમિતિ, આરોગ્ય, સામાજિક ન્યાય સમિતિ, બાંધકામ, સિંચાઈ સહિતની સમિતિઓમાં ચેરમેનની જાહેરાત કરવામાં આવશે. આ માટે સામાન્ય સભા બોલાવી તેની સતાવાર જાહેરાત કરવામાં આવશે. ઉપરાંત વિપક્ષ ભલે સિગલ ડીજીટમાં છે. પરંતુ વિપક્ષ દ્વારા પણ પોતાના વિપક્ષી નેતા જાહેર કરાશે. સમિતિઓમાં ચેરમેન બનવા માટે અત્યારથી જ હોદ્દેદારોએ લોબીંગ શરૂ કરી નાખ્યું છે. હવે કયા તાલુકાને પ્રાધાન્ય અપાય છે અને કોના સપનાઓ સાકાર થાય છે તે જોવું રહ્યું.

## કચ્છ જીલ્લા પંચાયતના પ્રમુખ પદે પ્રભાબેન હુણની નિમણુંક થતા શુભકામનાઓ પાઠવી



અંજાર - કચ્છઉદય : કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ પદે પ્રભાબેન હુણની નિમણુક થતાં બાબુભાઈ ભીમાભાઈ હુબલ દ્વારા શુભકામનાઓ પાઠવી હતી. વિકાસ, સેવા અને સંકલનના માર્ગે આગળ વધીને આપ કચ્છ જિલ્લાને વધુ સમૃદ્ધ અને પ્રગતિશીલ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. વધુમાં જણાવ્યું હતું કે, ૨૦ વર્ષથી કોંગ્રેસ પાસે રહેલ સીટ પર પ્રચંડ બહુમતી સાથે ભાજપને ભવ્ય વિજય અપાવવા બદલ ભીમાસર (ચ) સીટને કચ્છ જીલ્લા પંચાયતનું પ્રમુખ પદ સોંપવા બદલ ભારતીય જનતા પાર્ટીના શીર્ષ નેતૃત્વ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, જી, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવે, ગુજરાત સરકારના રાજયમંત્રી અને અંજાર વિધાનસભાના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, સાંસદ વિનોદભાઈ ચાવડા, કચ્છ જીલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ સહિત સંગઠનના હોદ્દેદારો, પદાધિકારીઓ, ચૂંટાયેલા સૌ પ્રતિનિધિઓનો આભાર માન્યો હતો.

# ભુજના હમીરસર તળાવમાં ડૂબી જતા આધેડનું મોત

**પાવડી પાસેના કિનારા નજીકથી દેહ શોધાયો: ઓળખ માટેના ચક્રો ગતિમાન કરાયા**

ભુજ - કચ્છઉદય : શહેરના હમીરસર તળાવમાં એક તરફ પાણી ઓછું થઈ રહ્યું છે. હાલમાં પાવડી વાળા કિનારા પાસે પાણી છે ત્યારે આજે સવારે કોઈ વ્યક્તિનો મૃતદેહ તરતો હોવાની માહિતી મળતા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ટીમ દ્વારા દેહને બહાર કાઢી પોલીસને જાણ કરતા પોલીસે ઓળખના ચક્રો ગતિમાન કર્યા છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ આજે સવારે સાડા નવ વાગ્યાના અરસામાં નગરપાલિકાની ફાયર ટીમને હિરેન રાઠોડે કોલ કર્યો હતો કે હમીરસર તળાવમાં પાવડી પાસે કોઈ વ્યક્તિનો દેહ તરતો જોવા મળી રહ્યો છે. જેથી ટીમ પહોંચી હતી અને રેસ્કયુ સાધનોની મદદથી દેહને બહાર કાઢવામાં આવ્યો હતો.

એ ડીવીઝન પીઆઈ એમ. આર.નકુમ ટીમ સાથે પહોંચ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, હાલમાં ઓળખ સહિતના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. રેસ્કયુ કાર્યમાં ફાયર વિભાગના વિશાલ ગઢવી, વિશાલ ગોર સહિતના જોડાયા હતા. આ ઘટનાની જાણ હીરેન રાઠોડે તાત્કાલિક તંત્રને કરતા ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, છતરડીના તળાવમાં હાલમાં પાણી સાવ સુકાઈ ગયું છે. રામધુનની સામે અને ઈદગાહ પાસેની સાઈડમાં પણ પાણી સુકાઈ ગયું છે. એક માત્ર પાવડી પાસે હાલમાં જળનો જથ્થો છે. આજે પણ અહીં ઘણી મહિલાઓ કપડા ધોવા માટે આવે છે. રાજેન્દ્ર બાગમાંથી તરણની પ્રવૃતિ ચાલુ છે. તેમજ નગરપાલિકાની બેદરકારીના પાપે પાવડી સાઈડ તેમજ કૃષ્ણાજી પુલ સહિતના વિસ્તારમાં કચરાના ગંજ એટલી હદે ખડકાયેલા છે કે, આવી પરિસ્થિતિમાં કોઈ વ્યક્તિને બહાર કાઢતી વખતે ફાયર ટીમોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઘણી વખત વ્યક્તિને બહાર કાઢતા પહેલા કચરો બહાર કાઢવો પડે છે. કમસે કમ નગરપાલિકા તળાવની સાફ સફાઈ પર દેખરેખ રાખે, તળાવની ફરતે ઘણી જગ્યાએ આવેલી ગ્રીલ તુટી ગઈ છે તેની મરંમત કરે તો પણ આવા બનાવો અટકી શકે તેમ છે.

## ખાણોટ પાસે આધાર-પુરાવા વગરનું ડીઝલ પકડાયું



ભુજ - કચ્છઉદય : લખપત તાલુકાના પાનધ્રોથી ખાણોટ જતા કાચા રસ્તા પર એલસીબીએ શંકાસ્પદ ૬૦ લીટર ડીઝલ સાથે ખાણોટ ગામના સિકંદર રમધાન જત અને હનીફ અલીમામદ જતને પકડી આધાર પુરાવા માંગતા મળી આવ્યા ન હતા. જેથી શક પડતા મુદ્દામાલ તરીકે બન્ને શખ્સો અને મુદ્દામાલને નારાયણ સરોવર પોલીસને સોંપવામાં આવ્યા હતા.

## નાની ચિરઈમાં જૂની અદાવતમાં પાંચ શખ્સોનો પરિવાર પર હુમલો

ભચાઉ : ભચાઉ તાલુકાના નાની ચિરઈ ગામે જૂની અદાવતમાં પાંચ શખ્સોએ પરિવાર પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે ભચાઉ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ નાની ચિરઈ ગામે રહેતા અને મજૂરી કામ કરતા સુમરાભાઈ ખીમાભાઈ નાગડાએ ફરિયાદ નોંધાવી હતી કે તેમના પરિવાર સાથે જૂની રંજિશને લઈને આરોપીઓ રહીમ ગુલામમહદ પરીટ, ઈકબાલ ગુલામમહદ પરીટ, ઈરફાન ગુલામમહદ પરીટ, હાજી ઉર્ફે ગલી અબ્દલરહેમાન પરીટ અને ઈમરાન હાજી ઉર્ફે ગલી પરીટે ગાળો બોલી ઝઘડો કર્યો હતો. ફરિયાદ મુજબ આરોપીઓ રાત્રિના સમયે ફરિયાદીના ઘરે આવી પરિવારની મહિલાઓ સામે બૂમાબૂમ કરી ગાળો બોલી ઉશ્કેરાટ મચાવ્યો હતો. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે આરોપીઓએ ઘરની સામે ઉભા રહી લાકડીઓ અને હાથથી મારામારી કરી હતી. ઝઘડો વધતા પરિવારના સભ્યો વચ્ચે પડી છોડાવવા ગયા ત્યારે પણ આરોપીઓએ હુમલો ચાલુ રાખ્યો હતો. આ દરમિયાન ફરિયાદીના સગાને શરીરે ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે ભચાઉ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

**શ્રી વાગડ કલા કેન્દ્ર-મુંબઈ અને શ્રી વાગડ વેલ્ફેર સોસાયટી હોસ્પિટલ- ભચાઉના**

સંયુક્ત ઉપક્રમે યુરોલોજીના વિઝિટિંગ નિષ્ણાંત મુંબઈના યુરોલોજીસ્ટ ડો.ધીરજ શાહ દ્વારા તારીખ- ૩૦/૦૫/૨૦૨૬ ના રોજ પથરી/પ્રોસ્ટેડના દૂરબીનથી તદન ફ્રી માં નિદાન તથા ઓપરેશનો ભચાઉની શ્રી વાગડ વેલ્ફેર સોસાયટી હોસ્પિટલમાં કરવામાં આવશે.તે માટે દર્દીઓએ તેમના રિપોર્ટ જેવાકે એક્સરે, સોનોગ્રાફી, લેબોરેટરી રિપોર્ટ સાથેની ફાઈલ હોસ્પિટલના ફુલટાઈમ એમ.ડી.ફિઝિશયન ડો.નિખિલેશ પટેલ પાસે તપાસ કરાવી તારીખ-૨૮/૦૫/૨૦૨૬ ના રોજ હોસ્પિટલમાં દાખલ થવાનું રહેશે.

**સંપર્ક કરો. મો.૯૦૧૬૨૯૨૩૭૮ - ૯૬૮૭૭૮૦૮૭૩**

### જાહેર નોટીસ
કેસ નં.૧૦૮/૨૦૨૬

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અબડાસાની કોર્ટમાં તા.અબડાસા**

અરજદાર : કુંભાર કુલસુમબેન ઈસ્માઈલ, રહે.માતાનામઢ, તા.લખપત
અરજદારના વિ.વ.શ્રી અનવર આઈ.મંધરા રહે.નલીયા, તા.અબડાસા
વિરૂધ્ધ
સામાવાળા : તલાટી સહમંત્રીશ્રી, વમોટી મોટી ગ્રા. પં, તા.અબડાસા


**વિષય : જન્મની નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના નામે કુલસુમબેન ઈસ્માઈલ કુંભારનો તા.૦૧/૦૬/૧૯૮૩ના રોજ મોજે-વમોટીમોટી, તા.અબડાસા-કચ્છ ખાતે જન્મ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે અરજદારશ્રીના વડીલોની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારશ્રીએ તેમના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી. નં. ૧૦૮/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહીં આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.
આજરોજ તા. ૨૧ માહેઃમે સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**હુકમથી (એ.આર.નીનામા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અબડાસા**

# લોદ્રાણી ગામની સીમમાં દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

**૫૦૦ લીટર આથો અને ૪૦૦ કિલો અખાદ્ય ગોળ જપ્ત**



ગાંધીધામ - કચ્છ ઉદય : બાલાસર પોલીસે લોદ્રાણી ગામની સીમ વિસ્તારમાં પ્રોહિબિશન અંગે મળેલી બાતમીના આધારે દરોડો પાડી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી અને આથો બનાવવા માટે વપરાતો અખાદ્ય ગોળનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

આ કાર્યવાહીમાં ૫૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો તથા ૪૦૦ કિલોગ્રામ અખાદ્ય ગોળ મળી કુલ રૂ.૧૬,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ કેસમાં અર્જુનસિંહ વિરૂભા વાઘેલા (રહે. લોદ્રાણી, તા. રાપર)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. સમગ્ર કાર્યવાહી પો.સ.ઈ. ડી.આર. ગઢવી અને બાલાસર પોલીસ સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી.

### માન ઇન્ડસ્ટ્રીઝે ૧૦૨ મિલિયન ડોલરમાં સાઉદી અરેબિયાની નેશનલ પાઇપ કંપની હસ્તગત કરી

અમદાવાદ : વૈશ્વિક સ્તરે કાર્યરત માન ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે આંતરરાષ્ટ્રીય વ્યુહરચનાને વેગ આપતાં સાઉદી અરેબિયાની નેશનલ પાઈપ કંપની (એનપીસી) ને ૧૦૨ મિલિયન ડૉલરમાં હસ્તગત કરી છે. કંપનીની સંપૂર્ણ માલિકીની પેટા કંપની માન ઈન્ટરનેશનલ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આ આખો સોદો પાર પાડવામાં આવ્યો છે. આ સંપાદનને કારણે માન ઈન્ડસ્ટ્રીઝ સાઉદી અરેબિયાના એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બજારમાં મજબૂત પદાર્પણ કરી શકશે. નેશનલ પાઈપ કંપની પાસે સાઉદી અરામકો જેવા મોટા ગ્રાહકો હોવાથી કંપનીને સીધો મોટો ફાયદો થશે. આ સોદાથી વૈશ્વિક પાઈપ ઉત્પાદન ક્ષેત્રે માન ઈન્ડસ્ટ્રીઝનું વર્ચસ્વ નોંધપાત્ર રીતે વધશે. આ સંપાદન દ્વારા કંપની સાઉદી અરેબિયાના વધતા માળખાકીય વિકાસ, ઊર્જા, ડિસેલિનેશન અને ઔદ્યોગિક બજારોમાં સીધો પ્રવેશ મેળવશે, જે સાઉદીના વિઝન ૨૦૩૦ લક્ષ્યોને ટેકો આપશે. ઉલ્લેખનીય છે કે એનપીસીની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા આશરે ૪,૩૦,૦૦૦ મેટ્રિક ટન છે. આ ઉપરાંત ત્યાં એક નવી કોટિંગ મિલ પણ સ્થાપિત કરવામાં આવશે, જે સાઉદી અરેબિયામાં વિશિષ્ટ પાઈપ લાઈન્સની વધતી જતી માંગને પૂરી કરવામાં અગત્યની ભૂમિકા ભજવશે.

### જાહેર નોટીસ
કેસ નં.૮૮/૨૦૨૬

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અબડાસાની કોર્ટમાં તા.અબડાસા**

અરજદાર : હનીફાબાઈ ડો/ઓ અલુ વા/ઓ હારૂન કેર, રહે.કેરવાંઢ, તા.અબડાસા
અરજદારના વિ.વ.શ્રી, જેઠમલ બી. ફફલ રહે.નલીયા, તા.અબડાસા
વિરૂધ્ધ
સામાવાળા : તલાટી સહમંત્રીશ્રી, કેરવાંઢ જુથ ગ્રામ પંચાયત, તા.અબડાસા

**વિષય : મરણની નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના માતા નામે સ્વ.રહીમાબાઈ અલુ કેરનું તા.૧૫/૦૪/૨૦૦૨ના રોજ મોજે-કેરવાંઢ, તા.અબડાસા ખાતે મરણ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારશ્રીએ તેમના માતાના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી. નં. ૮૮/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહીં આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.
આજરોજ તા. ૧૪ માહેઃમે સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**હુકમથી**
**(એ.આર.નીનામા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અબડાસા**

### જાહેર નોટીસ
કેસ નં.૭૪/૨૦૨૬

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અબડાસાની કોર્ટમાં તા.અબડાસા**

અરજદાર : મંધરા ઓસમાણ જુમા, રહે.રાયધણપર, તા.અબડાસા
અરજદારના વિ.વ.શ્રી જેઠમલ બી. ફફલ રહે.નલીયા, તા.અબડાસા
વિરૂધ્ધ
સામાવાળા : તલાટી સહમંત્રીશ્રી, કાળાતળાવ જુથ ગ્રા. પં, તા.અબડાસા

**વિષય : જન્મની નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્રી નામે મંધરા તાયરાબાઈ ઓસમાણનો તા.૦૭/૦૪/૨૦૧૦ના રોજ મોજે-રાયધણપર, તા.અબડાસા-કચ્છ ખાતે જન્મ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે અરજદારશ્રીની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારશ્રીએ તેમના પુત્રીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી. નં. ૭૪/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહીં આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.
આજરોજ તા. ૧૪ માહેઃમે સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**હુકમથી**
**(એ.આર.નીનામા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અબડાસા**

### જાહેર નોટીસ

**નામદાર શ્રી અધિક સિનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, અંજાર-કચ્છ.**

SPCS/15/2025
મુદત તારીખઃ૦૮/૦૬/૨૦૨૬

પી.જી.વી.સી.એલ. .................. વાદી
વિરૂધ્ધ
બાબુ વેલા અવાડીયા ............... પ્રતિવાદી

**વાદીના વકીલઃ શ્રી એમ.કે.ગૌસ્વામી**

આથી આ જાહેર સમન્સ થી પ્રતિવાદીઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વાદી કંપનીએ અત્રેની કોર્ટમાં સીડીયુલ માં જણાવેલ વિગતે દિવાની દાવો દાખલ કરેલ છે.જે દાવા કામે આવતી તારીખ કોલમ નંબર ૫માં જણાવ્યા મુજબ મુકરર કરવામાં આવેલ છે.જે તારીખ ૦૮/૦૬/૨૦૨૬ ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે પ્રતિવાદી જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં હાજર થઈ જવાબ કરવા જણાવવામાં આવે છે.તેમ છતાય જાહેર સમન્સ માં જણાવેલ તારીખ નામદાર કોર્ટમાં હાજર રહેવા કસુર કરશો તો સદરહુ દાવા કામે પ્રતિવાદીઓ વિરૂધ્ધ તેમની ગેરહાજરીમાં દાવાની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવી યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટનોંધ લેવી.

| અનુ. નંબર | કેસ નંબર | પ્રતિવાદી ના નામ | રકમ | મુદત તારીખ |
|---|---|---|---|---|
| ૧. | Sp.CS/15/2025 | બાબુ વેલા અવાડીયા | 3,42,45,497.50 | 08-06-2026 |

આજ તારીખ ૨૦ માહે મે/૨૦૨૬ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

તૈયાર કરનાર: I/C (પી. જે. ચાવડા) આસીસ્ટન્ટ
મુકાબીલ કરનાર: (પી. જે. ચાવડા) આસીસ્ટન્ટ
કોર્ટનું સીલ
આદેશથી
(ડી. કે. જાડેજા)
રજીસ્ટ્રારશ્રી, પ્રિન્સીપાલ સીનીયર સિવીલ જજ સાહેબ ની કોર્ટ

ક્રાંતિકારી સંતશ્રી મુકતાનંદજી બાપુની પ્રેરણા અને ગુજરાતનાં પ્રખર શિક્ષણશાસ્ત્રી શ્રી ગિજુભાઈ ભરાડનું સીધુ માર્ગદર્શન
બ્રહ્મચારીશ્રી ભગવતીનંદજી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત સંલગ્ન ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS)
**શ્રી બ્રહ્માનંદ વિદ્યા મંદિર - ચાપરડા** તા. વિસાવદર જિ. જૂનાગઢ
પ.પૂ.મુક્તાનંદજી બાપુ સંસ્થાના શિલ્પી | ગિજુભાઈ ભરાડ સંસ્થાના ચેરમેનશ્રી
સફળતા એ તમારો જન્મસિદ્ધ અધિકાર છે... - પૂજ્ય મુક્તાનંદ બાપુ
**માર્ચ - ૨૦૨૬ પરિણામ**

ધો. 10 શાળા પરિણામ 92%
કોડીયાતર જયમલ (A1) PR : 98.82 ગ્રેડ : A1- 566/600
વાઘેલા શ્યામ (A1) PR : 98.27 ગ્રેડ : A1 -561/600
વાજા કેવલ (A1) PR : 95.42 ગ્રેડ : A1 - 541/600

ધો. 12 કોમર્સ પરિણામ 96%
પઢિયાર ક્રિષ્ના (A1) PR : 99.31 ગ્રેડ : A1-700/646
વાળા રવિના (A2) PR : 96.43 ગ્રેડ : A2-700/607
સવાણી તીર્થ (A2) PR : 96.22 ગ્રેડ : A2-700/605

ધો. 12 સાયન્સ પરિણામ 95.04 %
ધોરિયા કુલદીપ (A2) BOARD PR-99.52 GUJCET 102.50/120
લૂણી જયદીપ (A2) BOARD PR-99.02 GUJCET-111.25/120
કોલી પ્રિન્સ (A2) BOARD PR-98.88 GUJCET 90.75/120
સોલંકી આર્યન (A2) BOARD PR-98.88 GUJCET-99.25/120

કાર્યરત એકમ અને વિશેષતા :
- ભાઈઓ-બહેનોની અલગ અલગ હોસ્ટેલ સુવિધા
- ધો. ૫ થી ૧૨ આર્ટસ - કોમર્સ - સાયન્સ
- જૂનિયર NCC ડિવિઝન
- (DLSS) સ્પોર્ટસ સ્કૂલ
- સ્વાંગી વિકાસ પ્રવૃત્તિઓ
- માતા-પિતા વિનાના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શિક્ષણ

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓના વિષય મુજબ ઉચ્ચગુણ: કમ્પ્યુટર - 100, ફિજીક્સ - 97, કેમીસ્ટ્રી - 98, મેથ્સ - 95, બાયોલોજી - 97
ધો. ૧૦માં વિદ્યાર્થીઓના વિષય મુજબ ઉચ્ચગુણ: ગણિત - 100, હિન્દી - 95, વિજ્ઞાન - 99, ગુજરાતી - 93, સમાજ - 98
ધો. ૧૨ વિદ્યાર્થીઓના વિષય મુજબ ઉચ્ચગુણ: બી.એ. - 100, અર્થશાસ્ત્ર - 98, આંકડાશાસ્ત્ર - 99, એસ.પી. - 96, એકાઉન્ટ - 99
કાર્યરત : ધો. 5 થી 12
મો. 2873- 222280/81
94291 62106
96245 65591
સાયન્સ : 94092 98939

# ગાંધીધામમાં ડિઝલ ખલાસ થઈ ગયું? તંત્ર કરે તપાસ વાસ્તવિકતા શું?

## ગાંધીધામમાં ડિઝલની કૃત્રિમ અછત? સામાન્ય વાહનચાલકો પરેશાન, પસંદગીના ગ્રાહકોને જ પુરવઠાનો આક્ષેપ

ગાંધીધામ: ગાંધીધામ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ડિઝલની અછતને લઈને અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. શહેરના બીએમ પેટ્રોલ પંપ સિવાયના મોટાભાગના પેટ્રોલ પંપો પર દિવસ દરમિયાન ડિઝલ ઉપલબ્ધ હોવાની માહિતી મળી રહી છે, પરંતુ સાંજના લગભગ ૫ વાગ્યા બાદ સામાન્ય ગ્રાહકોને "ડિઝલ ખતમ થઈ ગયું" હોવાનું કહી પરત મોકલવામાં આવતાં હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.સ્થાનિક વાહનચાલકો અને ટ્રાન્સપોર્ટરોમાં ચર્ચા છે કે કેટલાક પેટ્રોલ પંપો પોતાના ખાતાકીય અથવા નિયમિત ગ્રાહકો માટે ડીઝલનો જથ્થો અનામત રાખે છે, જ્યારે સામાન્ય ગ્રાહકોને ડીઝલ ઉપલબ્ધ નથી હોવાનું જણાવવામાં આવે છે. પરિણામે શહેરમાં માત્ર થોડાક પંપો પર જ ડિઝલ મળતું હોવાથી લાંબી લાઈનો લાગી રહી છે અને વાહનચાલકોને કલાકો સુધી રાહ જોવી પડી રહી છે.ડિઝલની અછતના કારણે ટ્રાન્સપોર્ટ વ્યવસાય, ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અને રોજિંદા વાહનવ્યવહાર પર સીધી અસર પડી રહી છે. સામાન્ય જનતામાં એવી પણ માંગ ઉઠી રહી છે કે છેલ્લા ૧૫ દિવસના તમામ પેટ્રોલ પંપોના ઝ્ઝ્ફ ફૂટેજ અને વેચાણના રેકોર્ડની તપાસ કરવામાં આવે જેથી વાસ્તવિક સ્થિતિ સામે આવી શકે. જો ડીઝલનો જથ્થો ઉપલબ્ધ હોવા છતાં પસંદગીના ગ્રાહકોને જ આપવામાં આવતો હોય તો તે સામાન્ય ગ્રાહકો સાથે અન્યાય સમાન ગણાશે.

વાહનચાલકોનું કહેવું છે કે જો તમામ પંપો પર પારદર્શક રીતે ડીઝલનું વિતરણ કરવામાં આવે તો એક જ પંપ પર ભીડ અને લાંબી લાઈનોની સમસ્યા ઊભી ન થાય. હવે જિલ્લા વહીવટીતંત્ર અને પુરવઠા વિભાગ આ મુદ્દે તપાસ કરીને હકીકત જાહેર કરે તેવી માંગ ઉગ્ર બની રહી છે.

# સ્ટર્લિંગ રામકૃષ્ણ સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા ગાંધીધામમાં એમ્બ્યુલન્સ ડ્રાઇવરો માટે 'સારથી કાર્ડ' પહેલનો પ્રારંભ






ગાંધીધામ: કમ્યૂનિટી હેલ્થકેર અને ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટને વધુ મજબૂત બનાવવા પ્રતિબદ્ધ સ્ટર્લિંગ રામકૃષ્ણ સ્પેશિયાલિટી હોસ્પિટલ, ગાંધીધામે ગાંધીધામ ખાતે એમ્બ્યુલન્સ ડ્રાઈવરો માટે 'સારથી કાર્ડ' પહેલના લોન્ચ કાર્યક્રમનું સફળ આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર વિસ્તાર ૧૦૦થી વધુ એમ્બ્યુલન્સ ડ્રાઈવરો ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલ એમ્બ્યુલન્સ ડ્રાઈવરોના યોગદાનને માન્યતા આપવા અને તેમને સહયોગ પૂરો પાડવાના હેતુથી શરૂ કરવામાં આવી છે. એમ્બ્યુલન્સ ડ્રાઈવરો ઈમરજન્સી હેલ્થકેર સેવાઓમાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ઘણી વખત મેડિકલ ઈમરજન્સી દરમિયાન પ્રથમ પ્રતિસાદ આપનાર તરીકે કામગીરી બજાવે છે. કાર્યક્રમના ભાગરૂપે ડો. રવિ રાજાણી દ્વારા બેઝિક લાઈફ સપોર્ટ (બીએલએસ) તાલીમ સત્રનુંઆયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઈમરજન્સી રિસ્પોન્સ અંગે જાગૃતિ વધારવા તેમજ એમ્બ્યુલન્સ ડ્રાઈવરોને જીવન બચાવવાની જરૂરી કૌશલ્યોથી સજ્જ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ તાલીમનો મુખ્ય હેતુ ગંભીર પરિસ્થિતિઓ દરમિયાન વધુ સારી તૈયારી અને દર્દીઓને હોસ્પિટલ પહોંચતા પહેલાં યોગ્ય સહાય ઉપલબ્ધ કરાવવાની ક્ષમતા વિકસાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન એમ્બ્યુલન્સ ડ્રાઈવરો માટે ખાસ તૈયાર કરવામાં આવેલા 'સારથી કાર્ડ'નું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્ડ દ્વારા એમ્બ્યુલન્સ ડ્રાઈવરો તથા તેમના પરિવારજનોનેસ્ટર્લિંગ રામકૃષ્ણ સ્પેશિયાલિટી હોસ્પિટલ, ગાંધીધામ ખાતે વિશેષ આરોગ્ય સેવાઓ અને ડિસ્કાઉન્ટનો લાભ મળશે. આ પ્રસંગે સ્ટર્લિંગ રામકૃષ્ણ સ્પેશિયાલિટી હોસ્પિટલ, ગાંધીધામના ફેસિલિટી ડિરેક્ટર શ્રી અભિષેક શર્માએ જણાવ્યું હતું કે, "એમ્બ્યુલન્સ ડ્રાઈવરો ઈમરજન્સી હેલ્થકેર સેવાઓના સૌથી મહત્વપૂર્ણસ્તંભોમાંના એક છે. તેઓ પડકારજનક પરિસ્થિતિઓમાં સતત સેવા આપીને દર્દીઓને સમયસર સારવાર મળે તેની ખાતરી કરે છે.

સારથી કાર્ડ પહેલ દ્વારા અમે તેમના અમૂલ્ય યોગદાનને સન્માન આપવા સાથે તેમને અને તેમના પરિવારજનોને અર્થપૂર્ણ આરોગ્ય સહાય પૂરી પાડવા ઈચ્છીએ છીએ. બીએલએસ તાલીમ સત્રો દ્વારા તેમને જીવન બચાવવાની મહત્વપૂર્ણ કૌશલ્યોમાં વધુ સક્ષમ બનાવવાનો પણ અમારો પ્રયાસ છે." આ પહેલ અંગે સ્ટર્લિંગ હોસ્પિટલ્સના સીઈઓ અને એમડી શ્રી સંતોષ મરાઠેએ જણાવ્યું હતું કે, "સ્ટર્લિંગ હોસ્પિટલ્સ ખાતે અમે હેલ્થકેર ઈકોસિસ્ટમ સાથે જોડાયેલા દરેક હિતધારકોને સહયોગ આપવાનો દ્રઢ વિશ્વાસ રાખીએ છીએ. એમ્બ્યુલન્સ ડ્રાઈવરો એવા નિઃશબ્દ યોદ્ધા છે, જે ઈમરજન્સી દરમિયાન સૌથી આગળ રહી સેવા આપે છે. સારથી કાર્ડ પહેલ અમારી વધુ સંવેદનશીલ અને મજબૂત હેલ્થકેર સમુદાય નિર્માણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સાથે જ આ પહેલ દ્વારા આ સાચા હીરો અને તેમના પરિવારજનોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓનો લાભ મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે." આ પહેલ દ્વારા સ્ટર્લિંગ રામકૃષ્ણ સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા સમુદાય સાથે જોડાણ મજબૂત બનાવવાની તેમજ વિસ્તારમાં ઈમરજન્સી હેલ્થકેર સપોર્ટ સિસ્ટમને વધુ સશક્ત બનાવવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 1 | | | 9 | 7 | 4 | | | 2 |
| 4 | 8 | | 1 | | 3 | | 5 | 7 |
| | | 4 | | 3 | | 7 | | |
| 6 | 2 | | | | | | 1 | 5 |
| | | 1 | | 9 | | 2 | | |
| 5 | 9 | | 3 | | 8 | | 7 | 1 |
| 2 | | | 7 | 1 | 5 | | | 8 |
| | | | | | | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 3 | 5 | 8 | 7 | 6 | 1 | 2 |
| 5 | 7 | 6 | 1 | 3 | 2 | 4 | 8 | 9 |
| 2 | 1 | 8 | 6 | 4 | 9 | 7 | 5 | 3 |
| 1 | 8 | 4 | 2 | 9 | 3 | 5 | 6 | 7 |
| 3 | 6 | 9 | 4 | 7 | 5 | 8 | 2 | 1 |
| 7 | 5 | 2 | 8 | 1 | 6 | 9 | 3 | 4 |
| 4 | 2 | 7 | 3 | 6 | 8 | 1 | 9 | 5 |
| 6 | 3 | 1 | 9 | 5 | 4 | 2 | 7 | 8 |
| 8 | 9 | 5 | 7 | 2 | 1 | 3 | 4 | 6 |

# આર્યિકા માતાજી અકસ્માત મામલે જૈન સમાજમાં ભારે રોષ







**અખિલ કચ્છ દિગંબર જૈન સમાજ અને સમસ્ત જૈન સમાજના આગેવાનો દ્વારા ગાંધીધામ મામલતદારને આવેદન**




ગાંધીધામ : મધ્યપ્રદેશના રીવા જિલ્લામાં વિહાર દરમિયાન આર્યિકા માતાજી સાથે બનેલી દુઃખદ અકસ્માત ઘટનાને લઈને જૈન સમાજમાં ભારે રોષ અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઘટનાની નિષ્પક્ષ તપાસ તેમજ જૈન સાધુ-સંતોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અખિલ કચ્છ દિગંબર જૈન સમાજ અને સમસ્ત જૈન સમાજના આગેવાનો દ્વારા ગાંધીધામ મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનમાં મુખ્યત્વે ઘટનાની SIT અથવા ન્યાયિક તપાસ કરાવવા, ઘટનાસ્થળ અને આસપાસના તમામ CCTV ફૂટેજ, વીડિયો તથા ડિજિટલ પુરાવાઓ સુરક્ષિત રાખવા, જવાબદાર વ્યક્તિઓ સામે કઠોર કાનૂની કાર્યવાહી કરવા તથા જો તપાસ દરમિયાન કોઈ ષડ્યંત્ર કે પૂર્વનિયોજિત કૃત્યના પુરાવા મળે તો સંબંધિત કડક ધારાઓ હેઠળ ગુનો નોંધવાની માંગ કરવામાં આવી છે.આ ઉપરાંત દેશભરમાં વિહારરત જૈન સાધુ-સંતો માટે વિશેષ સુરક્ષા વ્યવસ્થા, માર્ગ સુરક્ષા માટે જરૂરી પગલાં તેમજ રાષ્ટ્રીય સંત સુરક્ષા નીતિ ઘડવાની પણ માંગ કરવામાં આવી છે. જૈન સમાજના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે સાધુ-સંતો સંપૂર્ણપણે અહિંસક, નિઃસ્વાર્થ અને પગપાળા વિહાર કરતા હોવાથી તેમની સુરક્ષા માટે સરકાર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવી જરૂરી છે.જૈન સમાજે સ્પષ્ટ કર્યું હતું કે તેમનો હેતુ કોઈ પ્રકારનું તણાવ ઊભું કરવાનો નથી, પરંતુ આવી દુઃખદ ઘટનાઓની પુનરાવૃત્તિ અટકાવવા અને સંતોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. આવેદન સ્વીકારી પ્રશાસન દ્વારા યોગ્ય અને ત્વરિત કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

આ વેળાએ બૃહદ જૈન સમાજ ગાંધીધામના અધ્યક્ષ ચંપાલાલજી પારેખ, કચ્છ દિગંબર જૈન સમાજના અધ્યક્ષ અશ્વિન જૈન, તેરાપંથ સમાજ ગાંધીધામના અધ્યક્ષ અશોકજી સંઘવી, રાજસ્થાન જૈન નવયુવક મંડળ ગાંધીધામના અધ્યક્ષ જવેરીલાલજી નાહટા, ગાંધીધામ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તેજસ શેઠ, જૈન સોશિયલ ગ્રુપ ગાંધીધામના અધ્યક્ષ રોહિત શાહ, મુકેશ પારેખ, જિતેન્દ્ર જૈન (સેઠિયા), રૂપેન્દ્રજી જૈન, શ્રી રાકેશ અજમેરા, શ્રીચંદજી ગંગવાલ, મુકેશ મહેતા, મિતેશ ધરમશી તથા મહિલા મંડળના સભ્યો અને યુવક પરિષદના સભ્યો સહિત મોટી સંખ્યામાં સમાજના આગેવાનો જોડાયા હતા.

# ગુજરાતના ફ્રોઝન ફૂડ નિકાસ ક્ષેત્રને મળી સ્પેશિયલ રેલ-ટુ-પોર્ટ કોલ્ડ ચેઈન કોરિડોરની ભેટ




ગાંધીધામ : અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ ની સંકલિત લોજિસ્ટિક્સ પાંખ 'અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ' દ્વારા હાયફન ફૂડ્સની નિકાસ માટે ગુજરાતના આઈસીડી વિરોચનનગરને મુંદ્રા પોર્ટ સાથે જોડતો ખાસ રીફર રેલ કોરિડોર શરૂ કરાયો છે.દેશની પ્રથમ ખાસ (રેફ્રિજરેટેડ) કન્ટેનર ટ્રેનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું છે. આ પહેલ ભારતના ફ્રોઝન ફૂડ નિકાસ માટે ટકાઉ અને અત્યાધુનિક કોલ્ડ ચેઈન લોજિસ્ટિક્સ કોરિડોરના નિર્માણમાં મોટું સીમાચિહ્ન સાબિત થશે.આ નવો પ્રોજેક્ટ હાયફન ફૂડ્સ, અદાણી લોજિસ્ટિક્સ અને વૈશ્વિક શિપિંગ અગ્રણી એવરગ્રીન મરીન કોર્પોરેશન વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીનું પરિણામ છે. આ ત્રિપ ક્ષીય ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્યરેલ-ટુ-પોર્ટ સપ્લાય ચેઈન દ્વારા ફ્રોઝન અને સંવેદનશીલ એવા કાર્ગોના પરિવહનમાં વ્યાપક સુધારો કરવાનો છે એટલું જ નહીં, તેનાથી ભારતના તાજા અને ગુણવત્તાયુક્ત શાકભાજી તેમજ અન્ય પ્રોસેસ્ડ ફ્રોઝન ફૂડ પ્રોડક્ટ્સને વિશ્વભરમાં તાજા અને સુરક્ષિત પહોંચાડવામાંમદદ મળશે.

આ ખાસ રીફર ટ્રેન દ્વારા ફ્રોઝન કાર્ગો મલેશિયા, સિંગાપોર, દક્ષિણ કોરિયા, જાપાન, તાઈવાન અને ઈન્ડોનેશિયા જેવા અગ્રણી આંતરરાષ્ટ્રીય બજારોમાં મોકલવામાં આવશે. જેને વિશ્વની સૌથી પ્રખ્યાત બ્રાન્ડ્સ જેવી કે પીઝા હટ, બર્ગર કિંગ , ટેકો બેલ, સબવે, આઈકિયા અને કેએફસીને સપ્લાય કરવામાં આવશે.આ નવીન રેલ સેવા દ્વારા રોડ ટ્રાન્સપોર્ટને બદલે રેલવેનો ઉપયોગ વધશે, જેનાથી પ્રદૂષણમાં મોટો ઘટાડો થશે અને કાર્બન ઉત્સર્જન ઘટશે. આ ટ્રેન મુસાફરી દરમિયાન ચોક્કસ તાપમાન જાળવી રાખશે, જેથી માલની ગુણવત્તા બગડશે નહીં અને સમયસર ડિલિવરી સુનિશ્ચિત થશે.આ પહેલમાં અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ ની ભૂમિકા માત્ર પરિવહન પૂરતી મર્યાદિત નથી. કંપનીએ નિકાસકારો અને ઉત્પાદકોને એન્ડ-ટુ-એન્ડ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ પૂરા પાડવા માટે બંદરો, ઈનલેન્ડ કન્ટેનર ડેપો, રેલ કનેક્ટિવિટી અને વેરહાઉસિંગ ક્ષેત્રે પોતાના મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સતત વિસ્તાર કર્યો છે.સાણંદ, વિરમગામ અને કડી જેવા ઔદ્યોગિક હબની નજીક આવેલું અદાણી આઈસીડી વિરોચનનગર વાર્ષિક ૯૨,૪૦૦ કન્ટેનર હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવે છે. વ્યૂહાત્મક કનેક્ટિવિટીના ફાયદા અને મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતાઓને કારણે તે વધુ પ્રખ્યાત બન્યું છે. આ ટર્મિનલ દેશનું પ્રથમ 'ઝીરો ટચ કસ્ટમર એક્સપિરિયન્સ' પ્રોગ્રામ ધરાવતું કેન્દ્ર છે.મુંદ્રા અને પીપાવાવ બંદરો માટે તે આયાત-નિકાસ કનેક્ટિવિટી પૂરી પાડે છે, જ્યારે ડોમેસ્ટિક કાર્ગો રૂટને ડંકુની, કોલકાતા, જીરાનિયા (ત્રિપુરા), હલ્દિયા અને બાયહાટા જેવા સ્થળો સાથે જોડે છે.ભારત વેપાર સ્પર્ધાત્મકતા મજબૂત કરવા સુદ્રઢ સપ્લાય ચેઈનબનાવવા પ્રયત્નશીલ છે, ત્યારે આ સ્પેશિયલ કોરિડોરનિકાસને ટેકો આપવા ભવિષ્ય માટે તૈયાર મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ (છન્ન) ની સતત વધી રહેલી ભૂમિકાને રેખાંકિત કરે છે.

## રત્નકણિકા

**મિત્ર મેળવવાનો એક જ રસ્તો છે...પોતે જાતે કોઇના મિત્ર બની જાઓ...- એમર્સન**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. દએ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ સુદ-૧૦ ગંગાદશહરા સમાપ્તિ તા.૨૫ મે ૨૦૨૬, સોમવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૭, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, વજ્ર યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૨૮

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), સવારે ૯:૦૮ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

## કચ્છનોંધ

**કવિઓ જૈન મહાજન**

● અનશન વ્રતધારી, જૈન સમાજ રત્ન તારાચંદભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ જીગર છેડાના માર્ગદર્શન હેઠળ કવિઓ જૈન મહાજન ભુજ સંચાલિત નવતીનગર, ભુજ-મુંદરા રોડ ખાતે આવેલ પ્રેમીલાબેન પ્રેમચંદ સંઘવી સાર્વજનિક દવાખાના ખાતે જાણીતા જનરલ પ્રેક્ટિસનર ડૉ. જયશ્રીબેન સોજીત્રા સોમવારથી શનિવાર સુધી સાંજે ૪.૩૦ થી ૬.૩૦ વાગ્યા સુધી દર્દીઓની તપાસણી રાહત દરે કરશે. દવા, ઈન્જેક્શન અને તબીબી સારવાર રાહત દરે પૂરી પાડવામાં આવશે.

# અવસાન નોંધ

**અંજાર** : મૂળ ભુજના ગં.સ્વ. પરીબેન (ઉ.વ. ૯૨) તે અરવિંદરાય અંજારિયાના પત્ની, ઈશ્વરલાલ જે. વૈષ્ણવ (બી.એસ.એન.એલ.)ના પુત્રી, સ્વ. દુષ્યંતભાઈ (ટેલિફોન), હેમંતભાઈ (જિલ્લા પંચાયત), ગં.સ્વ. ચેતના મુકેશ ઝાલાના માતા, ખ્યાતિ બિમલ વૈદ્ય, વૈશાલી ઋષભ બૂચ, પૂજા, કૃતિકા ભાવિન ધોળકિયા, નીકિતા અંજારિયાના દાદી, રિતેશ, સારાંશના નાની, શ્રેયશ, પલાશ, આરુષ, માર્મિકના પરદાદી તા. ૨૦-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. મો. ૯૫૬૬૨ ૩૩૭૯૯, ૯૮૯૮૫ ૧૩૩૪૫, ૮૭૮૦૯ ૮૭૮૭૯.

**ભુજ** : તુષાર ઘનશ્યામભાઈ ઠક્કર (ઉ.વ. ૪૪) તે ધર્મિષ્ઠા ઘનશ્યામભાઈ ઠક્કર (જલારામ ટ્રેડર્સ)ના પુત્ર, સ્વાતિબેનના પતિ, જીલના પિતા, જિગર ઘનશ્યામભાઈ ઠક્કરના મોટા ભાઈ, નીલમ જિગરના જેઠ, ધૈર્યના મોટાબાપા, ભાવનાબેન ગોપાલજી રતનસિંહ ભલ્લા (અંજાર રાધિકા ડ્રેસીસ), રંજનબેન જયંતીલાલ ગણાત્રા (માંડવી)ના જમાઈ, સ્વ. કાંતાબેન કાંતિલાલ જાદવજી ઠક્કરના પૌત્ર, સ્વ. વિમળાબેન વિશામભાઈ કેશવજી ગણાત્રા (તેરા હાલે મુલુંડ)ના દોહિત્ર, વંદના સાગરભાઈ ભલ્લા, વૈશાલી અમિતભાઈ આહુજા, સીમા વિકાસભાઈ ભલ્લાના બનેવી, નિરુપમા હીરાલાલ ઠક્કર (જય અગરબત્તી), ચારુલતા ધીરજભાઈ ઠક્કર (ધીરજ પ્રોવિઝન સ્ટોર), છાયા પ્રફુલભાઈ ઠક્કર (મા આશાપુરા મેડિકલ), કીરા ગિરીશ ઠક્કર (હકુ કોમ્પ્યુટર), નર્મદા લક્ષ્મીકાંત કોઠારી (નાગપુર), મંજુલા શૈલેન્દ્ર કોઠારી (નાગપુર), ચંદા દિનેશભાઈ ફુલબદવા (ઘાટકોપર)ના ભત્રીજા, રીના લીલાધર ગણાત્રા (મુલુંડ), નીતા મુકેશ ગણાત્રા (મુલુંડ), જયશ્રી મુલજીભાઈ બારૂ (સુરત), ભગવતી શાંતિલાલ ભગદે (ભુજ), નીતા નીતિન માણેક (મુલુંડ), હસ્તા મહેન્દ્રભાઈ કોઠારી (મુલુંડ)ના ભાણેજ, ચેતન, ડેનિસ, પુનિતના કાકાઈ ભાઈ તા. ૨૩-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૫-૨૦૨૬ના સોમવારે સાંજે ૫થી ૬ નાનજી સુંદરજી સેજપાલ લોહાણા મહાજનવાડી, ભુજ ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**ભુજ** : સમા સલીમ (ઉર્ફે-ભુરા) (ઉ.વ. ૫૦) તે ઉમર અલીમામદ (ઉર્ફે ગલીમામા)ના પુત્ર, મ. અલીમામદ ઉમરના નાના ભાઈ, ઈરફાન, ઈમરાનના કાકા, તૌસિફ, મોશીન, જાવેદ, ફીરોજ લાખા, સલમાન પઠાણના મામા, મ. અલીમામદ રાજા (અંજાર)ના જમાઈ, શેખ ઈમ્તિયાઝના સસરા, અરમાન, અરકાનના પિતા, અબ્દુલ જુસબ સમા, રમજુ ઈસ્માઈલ સમાના પિતરાઈ ભાઈ, ફકીરમામદ ઈશા બાવા, સલીમ જુણસ ઘાંચીના મામાઈ ભાઈ તે તા. ૨૩-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૨૬-૫-૨૦૨૬ના મંગળવારે સવારે ૧૦થી ૧૧ કુંભાર જમાતખાના, ભીડ ગેટ, ભુજ ખાતે.

**ભુજ** : ભુકેરા જુસબ આરબ (ઉ.વ. ૪૯) તે ઓસમાણ, ઈસ્માઈલ, મ. સુમાર, મ. ગુલામના ભાઈ, ફરહાન, અલ્ફાજના પિતા, પડેયાર મામદ કેસરના જમાઈ તા. ૨૪-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૨૬-૫-૨૦૨૬ના મંગળવારે સવારે ૯.૩૦થી ૧૦.૩૦ ચાકી જમાતખાના, મહેંદી કોલોની, ભુજ ખાતે.

**ભુજ** : અરવિંદગિરિ જેરામગિરિ ગોસ્વામી (ઉ.વ. ૪૪) તે સ્વ. મોરારગિરિ અને સ્વ. તુલસાબેનના પૌત્ર, સ્વ. જેરામગિરિ અને વેલબાઈના પુત્ર, વસંતગિરિ, સીતાબેન (ભુજ), વિમળાબેન (નલિયા), રતનબેન (રામપર-સરવા), કમળાબેન (ભીમાસર-અંજાર), સ્વ. નર્મદાબેન (વિરાણી મોટી)ના ભત્રીજા, જ્યોતિબેનના પતિ, સુરેશગિરિ, ઈશ્વરગિરિ (કાળાતળાવ), નરેન્દ્રગિરિ, સંજયગિરિ (ભુજ), નયનાબેન શૈલેષગિરિ (કોટડા-જ.), અસ્મિતાબેનના મોટા ભાઈ, ઉષાબેન, વૈશાલીબેન, દિવ્યાબેન, તનિશાબેનના જેઠ, શિવમ, ઓમ, પ્રિતેશના પિતા, ક્રિષ્નાબેન, આસ્થાબેનના સસરા, સોમ્યા, જીયાન, કેવલ, આરોહીના મોટાબાપા, સંયોગિતા, હેનિસ, જયના મામા, સ્વ. બાબુવન અને શાન્તાબેન (ભવાનીપર)ના જમાઈ, કલ્પનાબેન (સિંધોડી), પ્રવીણાબેન (ભુજ), રેખાબેન (ભુજ), મુકેશભન, નવીનભન (ભુજ)ના બનેવી તા. ૨૧-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૫-૨૦૨૬ના સોમવારે સાંજે ૪થી ૫ નિવાસસ્થાન ગણેશનગર, કોમર્સ કોલેજ રોડ, સ્વામિનારાયણ ગુરુકુળ સામે, સચ્ચિયાર માના મંદિર, ભુજ ખાતે.

**ભુજ** : ગં.સ્વ. રુક્ષમણિબેન ગોસ્વામી (ઉ.વ. ૯૪) તે સ્વ. નારણગિરિ પુરસોત્તમગિરિ (દીપક નાસ્તાગૃહ) (દહીંસરા)ના પત્ની, બળવંતગિરિ, દેવગિરિ, પ્રવીણગિરિ (પપ્પુભાઈ), જયશ્રીબેનના માતા, મીનાબેન, શીલાબેન, સ્વ. છાયાબેન, નીતિનગિરિ (જામનગર)ના સાસુ, બિંદિયા, પૂનમ, અંજલિ, વિશ્વ, સંતોષ, ઉમંગના દાદી, મહર્ષના પરદાદી, ધવલ, પ્રતીક, માલાના નાની, સ્વ. રામગર, સ્વ. વિશ્રામગર, સ્વ. ચેનગરના ભાભી, સ્વ. હીરાગિરિ, ગુલાબગિરિ, દિલીપગિરિ (બટુકભાઈ), મહેશગિરિ, હિતેશગિરિ, સ્વ. ઉપેનગિરિ, નિશાંત (મુન્નો)ના કાકી, સ્વ. લક્ષ્મીબેન ગોપાલગર (પુનડી)ના પુત્રી, સ્વ. વલ્લમગરના બહેન તા.૨૩-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૫-૨૦૨૬ના સાંજે ૫.૩૦થી ૬.૩૦ ગોસ્વામી સમાજવાડી, ભુજ ખાતે.

**માધાપર (તા. ભુજ)** : મૂળ ઓખાના કાંતિલાલ ગોપાલજી પંડયા (ઉ.વ. ૭૮) તે સ્વ. કમળાબેન ગોપાલજી પંડયાના પુત્ર, સ્વ. શિવજી જગજીવન રાસ્તે (માધાપર)ના જમાઈ, ક્રિષ્નાબેનના પતિ, સ્વ. પદમાબેન, ભગવતીબેન (રાધીવાડ)ના ભાઈ, સ્વ. સુરેશ, સ્વ. જયસુખભાઈ પંડયા, મુકેશભાઈ કાકુભાઈ પંડયાના કાકાઈ ભાઈ, સ્વ. રજનીભાઈ રાસ્તે, પ્રફુલભાઈ, મુન્નાભાઈ, લતાબેન સુરેશ આચાર્ય, રેણુકાબેન પ્રવીણ આચાર્યના બનેવી, જિગીશ, જયેશ, નિશાંત, અર્જુન, ભાર્ગવ (ભોલુ), ગુડી, ધારા, મિતા, પાયલ, જીની, કોમલના ફુવા તા. ૨૨-૫-૨૦૨૬ના આવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૫-૨૦૨૬ના સોમવારે સાંજે ૫થી ૬ કચ્છ ગુર્જર મિત્રી સમાજવાડી, જૂનાવાસ, માધાપર ખાતે.

**માધાપર (તા. ભુજ)** : મૂળ ગાગણના કિશોરબા વિક્રમસિંહ વાઘેલા (ઉ.વ. ૭૩) તા. ૧૬-૫ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૫-૫ સુધી નિવાસસ્થાને માધાપર ખાતે.

**પાનધ્રો (તા. લખપત)** : હઠુભા ચાંદુભા જાડેજા (ઉ.વ. ૫૭) તે હિંમતસિંહ, લગધીરસિંહના પિતા, રતનજી ચાંદુભા, ભગુભા ચાંદુભા, ભુરજી ચનુભા, કરશનજી રામસિંહજી, ભુરૂભા દાજીભાના ભાઈ, તખતસિંહ સુરુભાના કાકા તા. ૧૫-૫ના અવસાન પામ્યા છે. તા. ૨૫-૫ના આગરી રાત અને તા. ૨૬-૫ના ઘડાઢોળ તેમના નિવાસસ્થાન ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**

**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**

**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ**

# આપનું અઠવાડીયું કેવું જશે..?

**કનકચંદ્ર સી. વ્યાસ**

મેષ : આ સપ્તાહ દરમિયાન નોકરીયાત વર્ગ તથા વ્યાપારી વર્ગને અણધાર્યો લાભ થાય. પારિવારીક જીવનમાં કોઇ શુભ પ્રસંગનું આયોજન થાય. મોજ-શોખના કોઇ નવા સ્થળની મુલાકાત થાય. નાણાંકીય ખેંચ હોય તો તે દૂરથાય. જમીન-મકાન અંગેના પ્રશ્નોનો યોગ્ય ઉકેલ મળે. આ સપ્તાહ દરમિયાન કાર્યબોજમાં હળવાશનો અનુભવ કરી શકશો. જુગાર-શેર-સટ્ટાથી દૂર રહેવું હિતાહવ.

વૃષભ : આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. ગૃહજીવનની સમસ્યાનો સુખદ અંત આવતો જોવા મળે. મિત્ર-વર્તુળ દ્વારા તમને યોગ્ય માર્ગદર્શન મળી રહે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોથી આ સમય દરમિયાન દૂર રહેવું હિતાવહ. તેમજ ખાસકરીને જોવા જઈએ તો નવા કોઈ નાણાંકીય સાહસો કે રોકાણ હાલપૂરતા ટાળવા. લાંબા સમયથી પ્રયત્નશીલ રહ્યા હોવ તે યોજનામાં સપ્તાહના અંતે સફળતા મળે.

મિથુન : આર્થિક પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ થાય. આરોગ્ય અંગે ચિંતા દૂર થાય. વડીલવર્ગનો શુભ સહકાર પ્રાપ્ત કરી શકશો. કોઈપણ વસ્તુ જેવી કે જમીન, મકાન કે વાહનની લે-વેંચ હાલપૂરતી ટાળવી. ખાસ તો હિતશત્રુઓથી સાવચેત રહેવું ખૂબ જ જરૂરી છે. નવા આનંદદાયક સમાચાર પ્રાપ્ત થાય. સાસરાપક્ષ તરફથી લાભ મેળવી શકશો. મુસાફરી, પ્રવાસ, યાત્રા કરવા માટે સમય શુભ છે. વ્યવહારીક કાર્યોની પ્રતિકૂળતા દૂર થાય. રાજકીય ક્ષેત્રના વ્યક્તિને લાભ થવાના યોગ છે.

કર્ક : લાંબા સમયથી ચાલી આવતી અસ્થિરતા દૂર થાય. ભાઈ-બહેન દ્વારા આકસ્મીક લાભ મેળવી શકશો. પરિવારમાં સુમેળભર્યું વાતાવરણ સર્જાય. જો કે, નાણાંકીય બાબતોમાં તો હજુ પણ સાવચેત રહેવા જેવો સમય છે. સમાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠા વધારનારી કોઇ ઘટના બને, જેનો વધુલાભ ભવિષ્યમાં મળે. નોકરીયાત વર્ગે ઉપરી અધિકારી વર્ગથી સાવચેત રહેવું. સપ્તાહના અંત ભાગે નવિન શુભ સમાચાર મળે.

સિંહ : રોકાયેલા નાણાં છૂટા થાય તે માટે સમય સારો કહી શકાય. પારિવારીક જીવનમાં વધુ આનંદ અને ઉલ્લાસભર્યું વાતાવરણ રહે. આરોગ્ય અંગેની ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો કરનારી ઘટના બને. કોઇ નાનકડા ધાર્મિક કાર્યક્રમના આયોજનમાં ધન ખર્ચ થવા સંભવ છે. તે ઉપરાંત સામાજિક કે વ્યવહારીક કાર્યમાં પણ ધન ખર્ચ થાય. કોઇ ગુપ્ત ષડયંત્રનો ભોગ ન બની જવાય. તેની ખાસ તકેદારી રાખશો. વ્યવહારમાં ખાસ સંભાળવું.

કન્યા : કોઇના જામીનગીરીના કાર્યથી દૂર રહેવાની ખાસ તકેદારી સાથે તમારા કાર્યક્ષેત્રમાં ખૂબ જ સાનુકૂળતાસભર સમય રહે. જૂની ઓળખાણ કે જૂના સંબંધો અણધાર્યો લાભ આપી જાય. સરકારી કામકાજ સરળતાપૂર્વક પાર પડી જાય. નાણાંકીય રોકાણ હાલપૂરતું ટાળવું. કોઈપણ મહત્વનો નિર્ણય કરવાનો હોય તો ખૂબ જ વિચારીને પગલું ભરવું. પરિવારના સભ્યો સાથે વાણી ઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ભાગીદાર વર્ગ સાથે પણ મતભેદ ન સર્જાય તે જોજો.

તુલા : આરોગ્ય અંગે ચિંતા હોય તો તે દૂર થાય તેમજ નોકરી-ધંધા અંગેના પ્રયત્નોમાં ધારી સફળતા મેળવી શકશો. કોઈ અગત્યની મીટીંગ કે મિલન-મુલાકાત હોય તો તેમાં સફળતા મેળવી શકશો. પ્રિયજન સાથેના સંબંધોમાં લાગણીનો વધારો થાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો સુખદ ઉકેલ આવે. ખોટી જવાબદારીમાંથી મુક્ત થવા માટેના ઉજળા સંજોગો છે. તમારા આત્મવિશ્વાસમાં વધારો કરનારી મહત્વની ઘટના બને.

વૃશ્ચિક : ખોટો વહેમ કે અંધશ્રધ્ધાના ભોગ ન બની જવાય તે જોજો. સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે તેની તકેદારી રાખવી. સંતાનવર્ગ દ્વારા નવિન શુભ સમાચાર મળે. માનસિક આનંદમાં વધારો કરનારી એકાદ ઘટના બને. ખોટા વાદ-વિવાદથી દૂર રહી અને પોતાના કાર્યમાં વ્યસ્ત રહેવું. તમે ધારેલા કાર્યની સફળતા માટે હજુ પણ તમારે ધીરજ રાખવી પડશે તેમજ સાહસિક કાર્યો પણ આ સમય દરમિયાન ટાળવા હિતાવહ છે.

ધન : નવિન શુભ સમાચાર આપનારું તેમજ માનસિક આનંદ-ઉલ્લાસમાં વધારો કરનારું આ સપ્તાહ નાણાંકીય સમસ્યાનો ઉકેલ લાવનારું નીવડે. પારિવારીક સભ્યોની મદદથી અગત્યના કાર્યમાં પ્રગતિ થાય. આકસ્મીક પ્રવાસ-પર્યટનના યોગ છે તથા અગત્યના મિલન-મુલાકાત હોય તો તે સફળ બને. કાર્યક્ષેત્રમાં કોઈ સમસ્યા ઊભી ન થાય તેની તકેદારી રાખજો. માંગલિક કાર્યમાં સફળતા મળે. કોઈને કોઈ કાર્યમાં વ્યસ્ત રહેવાને કારણે થાક અને સુસ્તીનો અનુભવ થાય.

મકર : માનસિક ટેન્શનમાંથી હળવાશનો અનુભવ કરનારું આ સપ્તાહ પરોપકારના કાર્યોથી દૂર રહેવાનું સૂચવે છે અન્યથા ખોટી સમસ્યામાં ફસાવવાનો વખત આવે. વિદેશ સંબંધિત કાર્યોમાં ધારી સફળતા મળે. જીવનસાથી સંબંધિત કોઈ પ્રશ્ન હોય તો તેનો ઉકેલ આવે. નવી લાભની તક હાથમાં આવે. વડીલવર્ગ સાથે મતભેદ ન સર્જાય તેની કાળજી રાખવી. એકંદરે આ સપ્તાહ દરમિયાન તમને મિશ્રફળ મળતું હોય તેવો અનુભવ કરશો. વિદ્યાર્થી વર્ગે સાવચેત રહેવું.

કુંભ : લાંબા સમયથી ચાલી આવતા ટેન્શનમાંથી મુક્ત થઇ અને ખૂબ જ હળવાશ અનુભવી શકશો. વ્યાપાર-ધંધામાં એકંદરે રાહત આપનારો આ સમય પારિવારીક જીવનમાં કોઈ મહત્વની ઘટના પાર પાડનારો બને. નાણાંકીય વ્યવહારો ખૂબ જ સરળતાપૂર્વક પાર પાડી શકશો. બાકી રહેલા કાર્યોને પૂર્ણ કરી શકશો. શત્રુઓ સાથેના સંબંધો મિત્રતામાં પરિણમવાના સંજોગો છે. સંતાન સંબંધી કોઈ પ્રશ્ન હશે તો તેનો સુખદ ઉકેલ આવે. સમાજિક પ્રતિષ્ઠામાં વધારો કરનારી કોઈ ઘટના બને તો નવાઈ નહીં.

મીન : લાંબાગાળાના આયોજનો સફળ થાય. માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારી કોઈ મહત્વની ઘટના બને. જીવનસાથીનો શુભ સહકાર સાંપડે. આર્થિક સમસ્યાનું આકસ્મિક નિરાકરણ થાય. આરોગ્ય અંગેની ચિંતા હોય તો તે દૂર થાય. કોઈ એવી ઘટના બને જેથી ઈશ્વર પ્રત્યેની તમારી શ્રધ્ધામાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદથી કોઈ અગત્યનું કાર્ય પાર પાડી શકશો. જમીન-મકાન-વાહનને લગતા કાર્યમાં સફળતા મળે. ઉપરી અધિકારી કે વડીલવર્ગની મદદ મળે. મનની કોઈ ગુપ્ત ચિંતા હોય તો તે દૂર થાય.

## કસ્ટમના ઉચ્ચ અધિકારીઓએ ત્રણેયને મોકલ્યું તેડું

# મુંદરા કેપ્ટાગોન ડ્રગ્સકાંડ : બંટી-લાકડાના બની બેઠેલ ઠગ આગેવાન આણી ત્રિપુટીમાં પડયા ઉભા ફાડા.!

ડ્રગસકાંડના ધંધાઓને અંજામ આપી રહ્યા છો, અને અમને કોઈને જાણ પણ નથી કરી? **કસ્ટમના ટોચના અધિકારીએ લાકડાના બની બેઠેલા ઠગ આગેવાનના પાછલા બે દીવસથી લીધા છે બરાબરના કડક રીમાન્ડ-પુછાણા** : લાકડાના બની બેઠેલા વેપારી અને રાજુએ આખેઆખા પ્રકરણનું ઠીકરું **આદિપુરના બંટી પર જ ફોડયા**ની ચર્ચા : કસ્ટમ સમક્ષ લુલો બચાવ કરી અને કહી દીધુ કે, અમને કંઈ જ ખબર નથી, અમે બંટીને ફ્રી હેન્ડ આપ્યો હતો, તેનો તેણે ગેરલાભ લઈ લીધો લાગે છે..? : તો વળી **બંટી મુંબઈ-દિલ્હીમાં ઉતરી ગયો ભુગર્ભમાં**

### કસ્ટમના ઉચ્ચ અધિકારીએ રાજુને તેડું મોકલ્યું તો રાજુ અમદાવાદમાં થઈ ગયો છે આગોપાછો, પાંચ દિવસ સુધી રજુ થવા તૈયાર જ ન હોવાની જામી છે ચર્ચા

**પૂર્વ જીએસટી ઉચ્ચ અધિકારીના નામની શુંઠ ખાઈને ખોખારા ખાનારાઓ ચેતજો** : મોટાપેટવાળા પૂર્વ જીએસટી ઉચ્ચ અધિકારી રીટાયર્ડ થયા બાદ સુરતને હેડકવાર્ટર બનાવીને ગાંધીધામ-મુંદરા-કંડલામાં કસ્ટમના અધિકારીઓના વહીવટદારની ભુમિકા ભજવે છે, આ ત્રિપુટી પણ આ જ પૂર્વ જીએસટી ઉચ્ચ અધિકારીના ભરોસે સોપારી-એમએચઓ-અને હવે કેપ્ટાગ્રોન ડ્રગ્સ ઠાલવવા ગયા પરંતુ હવે ધોળા દીવસે તારા જોવાનો આવી ગયો છે સમય.!

**લાકડાનો બની બેઠેલો ઠગ આગેવાન કેટલો બહુરૂપીયો છે..**જુઓ તો ખરા..? રામનામ જપના-પરાયા માલ અપના વાળી પાછલા અમુક સમયથી કરતો હતો રીતીનીતી : દિવસે રામ-નામના ખુદ પણ જાપ કરતો તો અને અન્યોને પણ કરાવતો હતો, દીવસે સુંદરકાંડના પાઠ અને ઢળતી સાંજે સોપારી-એમએચઓ-ડ્રગસકાંડને અંજામ આપવા ચિતરાયેલો ઠગભગત લાકડાનો બની બેઠેલ આગેવાન કોણ?

## સાચા બ્રોકરો જાગે, આવા ઠગભગત ત્રિપુટીઓને ઉઘાડા પાડે

### મુંદરા-કંડલાના બ્રોકર એસો. વેળાસર જ બંટી આણી ટોળકી જેવાઓની સામે અવાઝ નહી ઉઠાવે તો તેમના ધંધા-રોજગારને પણ આવા ભ્રષ્ટ અજગરો ખાઈ જતા વાર નહી થાય

ગાંધીધામ :કંડલા-મુંદરા બંદર દેશના જ નહી વિશ્વ કક્ષાએ ઝળકી રહ્યા છે. બન્ને બંદરોની સાંખ અને પ્રતિષ્ઠા દુનીયામાં અલાયદી જ રહેલી છે. પરંતુ અહી કેટલાક ભ્રષ્ટ ભેજાબાજો પોતાના બેનામી ધંધાઓને એક યા બીજીરીતે ધમધમાવી રહ્યા છે તેના લીધે સાચા વેપારી અને ઉદ્યોગપતીઓને પણ શંકાના દાયરામાં જોવાની નોબત આવી રહી છે. બંટી-લાકડાનો બની બેઠેલ ઠગ આગેવાન-રાજુ આણી ત્રિપુટી પાછલા અમુક સમયથી એમએચઓ, સોપારી-કેપ્ટાગોન ડ્રગ્સ જેવા કારનામાઓમાં પોતાની લાલચના લીધે અન્યોના સાચા અને ચોખ્ખા ધંધાઓન પણ હડપ કરવાની ફિરાકમાં છે જેના લીધે કઈક વેપારીઓ-સીએચએ-બ્રોકરની માઠી સ્થિતી સર્જાયેલી છે. હવે જયારે આ ઠગ ત્રિપુટી ચકચારમા આવી જ ગઈ છે ત્યારે સાચા બ્રોકર સંગઠનોએ પણ આવા તત્વાને તંત્ર સમક્ષ ઉઘાડા પાડવા માટે આગળ આવવુ જોઈએ.

ગાંધીધામ : નાર્કોટીક્સ કન્ટ્રોલ બ્યુરો એટલે કે એનસીબીએ તાજેતરમાં જ સીરીયાથી લઈ અને દિલ્હી-દહેરાદુન-વાયા કચ્છ-મુંદરાથી થઈને વકરેલા એક મોટા ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ પ્રકરણમાં એનસીબી જેવી એજન્સી ત્રાટકી છે એ જ તેની ગંભીરતા કહી જાય તેમ છે. તપાસ આગળ ધપી રહી છે તેમ તેમ નવા નવા ખુલાસાઓ થવા પામી રહ્યા છે.

એનસીબીએ જથ્થો પકડવા ઉપરાંત, સીરીયનના એક શખ્સ, એક બારોઈના શખ્સને ઉઠાવી લીધો છે અને આ કડીમાં દહેરાદુનમાં બોગસ લેબનો પણ પર્દાફાશ કરી દીધો છે. તે વચ્ચે જ સ્થાનિકે ઉઠેલી ચર્ચાઓ અનુસાર આ આખાય કાંડમાં આદિપુરના બંટી, લાકડાના એક બની બઠેલા ઠગ આગેવાન અને રાજુ નામની ત્રિપુટી ભારે ચર્ચામા આવી જવા પામી છે. આ ત્રિપુટીની સંડોવણી સલગ્ન આંખ ઉઘાડનારો અહેવાલ એજન્સીઓને તપાસમાં મદદરૂપ થઈ શકે તેવા ઉદેશ્ય સાથે આ જ પ્લેટફોર્મ પરથી ઉજાગર થવા પામતા હવે આ ત્રિપુટીને લઈને મોટા સમાચાર સામે આવવા પામી રહ્યા છે. વાત સહેજ વિગતે કરીએ તો ડીઝલ-એમએચઓના નામે અગાઉ પણ પાછલા થોડા સમયથી બહુચર્ચિત બનેલી આ ત્રિપુટી ગેંગ એજન્સીઓ-અધિકારીઓની સાથે સેટીગ અને વહીવટથી કરતી હોવાથી બધાયના ધ્યાને જ રહેલી છે પરંતુ ઓ એજન્સીઓ પાસે એટલી જ વાત સીમીત હતી કે આ ત્રિપુટી એમએચઓની આડમાં ડીજલ દાણચોરીનું કામ કરી રહ્યા છે પરંતુ ડ્રગ્સકાંડમાં પણ આ ત્રિપુટીજ પડદા પાછળ રહેલી હોવાનુ ધ્યાને આવતા આ ત્રણેયને કસ્ટમના ઉચ્ચ અધિકારીએ તેડુ મોકલી દીધુ અને કડક પુછાણાઓ લેવાનુ શરૂ કરી દીધુ હોવાને સામે આવી રહ્યુ છે. આ પ્રકરણમાં ત્રિપુટીનું નામ ઉછળીને સામે આવતા હવે આ ત્રણેયમાં ઉભા ફાડા પડયા હોય તેવી પણ ચર્ચા સામે આવવા પામી રહી છે. બંટી તો આ પ્રકરણ બાદ દિલ્હી-મુંબઈ તરફ ભુર્ગભમાં ઉતરી જવા પામ્યો છે. રાજુ અમદાવાદ જઈને શરણું મેળવીને બેસી ગયો છે. વધ્યો લાકડાનો બની બેઠેલ ઠગ આગેવાન. તે પાછલા બે દીવસથી કસ્ટમના અધિકારીઓ સમક્ષ બોલાવાઈ રહ્યો છે અને તેના કડકમા કડક રાહે રીમાન્ડ મેળવાઈ રહ્યા છે. ત્યારે વિગતો સામે આવી છે કે, આ લાકડાનો વેપારી લુલો બચાવ કરી રહ્યો છે કે, અમે તો બંટીને કહ્યુ હતુ કે, તારે કરવુ હોય તે કર, અમને તેનાથી કોઈ લેવા દેવા નથી. પરંતુ બંટી પર વધુ પડતો રાખેલો ભરાસો આજે તેમને આ કેપ્ટાગોન ડ્રગ્સ પ્રકરણ સુધી તાણી લાવ્યો હોવાના રોદડા જ રડી રહ્યો છે. લાકડાનો બની બઠેલ ઠગ આગેવાન, રાજુ બન્ને ભેગા થઈ અને આખાય કાંડનું ઠીકરું હવે બંટીના માથે ફોડવા મથી રહ્યા હોય અને પોતે સેટીંગ કરી અને તેમાથી સેફ નીકળી જવાની ગોઠવણોમાં હોવાનુ ચર્ચાય છે. લાકડાનો બની બેઠલ ઠગ આગેવાન, રાજુ અને બંટી ત્રણેયની સ્થિતી હવે કફોડી બનવા પામી ગઈ છે. અત્યાર સુધીમાં એમએચઓની આડમાં કે સોપારી દાણચોરીના જે કારનામાઓ કર્યા હોય તે બધાયમાં તો પૈસા ફેંક તમાસા દેખના તાલે બચી ગયા પરંતુ ડ્રગ્સ કાંડ દેશવિરોધી કૃત્યની સરખામણીએ જોવામા આવે છે અને એનસીબી જેવી એજન્સી ત્રાટકી છે એટલે આ કેસમાં તો તેમની હાલત બકરી ડબ્બામાં ને પુછડી બહાર જેવી જ થવા પામી ગઈ હોવાની સ્થીતી સર્જાતી જોવાઈ રહી છે. આ ત્રિપુટી જીએસટીના એક પૂર્વ કમીશ્રનરના જોરે કુદાકુદ કરતી હાવાનુ પણ ચર્ચાય છે, પરંતુ હવે તો આ કેસમાં તે પૂર્વ જીએસટી ઉચ્ચ અધિકારી પણ કામ આવે તેમ દેખાતુ નથી. એટલે પૂર્વા જીએસટી ઉચ્ચ અધિકારીના નામની શુંઠ ખાઈને ખોખારા કરનાર આ ત્રિપુટીની વર્તમાન સમયે સ્થિતી કફોડી બની જવા પામી છે.

## એનસીબી કેમ ન કરે તપાસ? : ઈડી પણ જોડાય

## બંટી-લાકડાના ઠગ આગેવાન-રાજુ પર જીએસટીના ક્યા પૂર્વ અધિકારી તથા કસ્ટમના અજયની છે છત્રછાયા?

**અમદાવાદની કઠવાડા જીઆઈડીસીમાં જીએસટીના પૂર્વ અધિકારી સાથે લાકડાના બની બેઠેલા ઠગ આગેવાન તથા રાજુનો શેનો ધમધમે છે અડ્ડો? : ગુજરાતના હોટસ્પોટ સમાન ધોલેરામાં પણ આ ત્રિપુટીએ કર્યુ છે કરોડોનું રોકાણ? : પૂર્વ્ જીએસટી ઉચ્ચ અધિકારી રીટાયર્ડ થતા પહેલા સુરતમાં ઓફીસ. ધમધમાવી દીધી હોવાની છે ચર્ચા**

ગાંધીધામ : આદિપુરનો બંટી-લાકડાનો બની બેઠલ ઠગ આગેવાન-રાજુની ત્રિપુટી પાછલા અમુક સમયથી જે કરોડાના મિસડીકલેરેશન કૌભાંડોને અંજામ આપી રહ્યા છે તેમાં કસ્ટમના અમુક ભ્રષ્ટત ત્વોની ભુમિકા પણ ખુબ ચર્ચામા આવી ગઈ છે કહેવાય છે કે આ ઠગભગત ત્રિપુટીને જીએસટીના પૂર્વ અધિકારી તથા કસ્ટમના એક અજય નામના શખ્સનો પુરો સધીયારો છે. આ બન્નેના પીઠબળથી જ આ ત્રિપુટી બેનામી ધંધાઓ બેફામ કરે છે.

## ભચાઉમાં ગાંજાના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો, પોલીસની કાર્યવાહી

ભચાઉ: ભચાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નશાકારક પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે પોલીસ દ્વારા કરવામાં આવેલી ઝુંબેશ અંતર્ગત એક સફળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તારીખ ૨૪/૦૫/૨૦૨૬ના રોજ ભચાઉ પોલીસ સ્ટેશનના કર્મચારીઓને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ભચાઉના હિંમતપુરા વિસ્તારમાં રહેતા દાઉદ કાસમભાઈ નારેજાના રહેણાંક મકાન પર દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન આરોપીના કબજામાંથી ૨૫૫ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની અંદાજિત કિંમત રૂ. ૧૨,૭૫૦/- થાય છે. વધુમાં, આરોપીના મકાનમાંથી રોકડ રકમ રૂ. ૪,૬૭,૫૦૦/-, વેચાણ કરારના દસ્તાવેજો, લાઈટ બિલ, ઈ-શ્રમ કાર્ડ અને ખાલી પ્લાસ્ટિકની પારદર્શક થેલીઓ મળી આવી હતી. પોલીસે રૂ. ૧૨,૭૫૦/- ના ગાંજા અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૪,૮૦,૨૫૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ મામલે પોલીસે આરોપી દાઉદ કાસમભાઈ નારેજા વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી), ૨૦(બી)(૨-એ) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ પ્રકારની કડક કાર્યવાહીથી નશાના વેપાર સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.


કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા જનતાની લાગણીનું પ્રમાણ સૂતેલા તંત્રને જગાડવાનું આહ્વાન 'કચ્છઉદય' ની છે ખરી પહેચાન



ભરતભાઈ વેલજીભાઈ સોલંકી
પૂર્વ પ્રમુખ, અંજાર ચોવીસી ગુર્જર મેઘવાળ સમાજ
ચેરમેનશ્રી, ગુજરાત પ્રદેશ કામદાર અને કર્મચારી કોંગ્રેસ


## ગાંધીધામમાં લાકડાની કંપનીમાં ભીષણ આગ, અંદાજે ૨ કરોડ રૂપિયાનું નુકસાન

ગાંધીધામ : ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ગ્રીન ગોલ્ડ ટિમ્બર્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ગત તારીખ ૨૧/૦૫/૨૦૨૬ના રોજ રાત્રિના ૨૨ વાગ્યાના અરસામાં આગ લાગવાની ઘટના સામે આવી છે. ગાંધીધામ તાલુકાના પડાણા સીમ સર્વે નંબર ૩૫/૧, ૩૫/૨ અને ૩૭ ખાતે આવેલી આ કંપનીમાં શોર્ટ સર્કિટના કારણે આગ ફાટી નીકળી હતી, જેમાં કંપનીમાં રહેલા ગોળ લાકડા તથા કટીંગ કરેલા લાકડાં બળીને રાખ થઈ ગયા હતા. આગની આ ઘટનામાં માલ-સામાનના નુકસાનની સાથે સાથે કંપનીના સ્ટોર રૂમમાં રાખવામાં આવેલા ગત નાણાકીય વર્ષના જી.એસ.ટી. તથા ઈક્મ ટેક્સને લગતા તમામ મહત્વના દસ્તાવેજો પણ બળીને ખાખ થઈ ગયા છે. કંપનીના ડિરેક્ટર અખિલેશભાઈ દ્વારા નોંધાવવામાં આવેલી વિગતો મુજબ, આ દુર્ઘટનામાં અંદાજે બે કરોડ રૂપિયાનુ નુકસાન થયું હોવાનો અંદાજ છે. ગાંધીધામ બી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે.


**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૩૨-૨૦૨૬-૨૭ | આસિસ્ટન્ટ ડિવિઝિનલ એન્જિનિયર-ધોળા અધિકારક્ષેત્ર-ધોળા ખાતે સબવે/LHS, સ્ટેશન પ્લેટફોર્મ સબવે અને આસપાસના વિસ્તાર ખાતે વરસાદી પાણી ઉલેચવાનું/કાઢવાનું કામ. | ૩૧,૧૧,૩૭૨.૦૦ | ૬૨,૨૦૦.૦૦ |
| ૦૨ | ૩૩-૨૦૨૬-૨૭ | અમરેલી-ધારી સેક્શન (MG) - કિ.મી. ૧૯/૬-૮ ખાતે મુખ્ય બ્રિજ નં. ૩૨ અને કિ.મી. ૨૬/૯-૨૭/૨ ખાતે બ્રિજ નં. ૪૨ નું પુનર્વસન કરવાનું કામ. | ૪,૨૧,૪૫,૧૩૬.૩૪ | ૮,૪૨,૯૦૦.૦૦ |
| ૦૩ | ૩૪-૨૦૨૬-૨૭ | ઢસા-મહુવા સેક્શન - પાંચ સ્ટેશનો ખાતે ટ્રેક મશીન સાઈડિંગ માટે સાઈડિંગ સુવિધાઓની સ્થાપનાના મંજૂર થયેલા કામની સામે સહાયક સિવિલ અને આનુષંગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામ. | ૪,૯૬,૬૯,૫૮૪.૩૭ | ૯,૯૩,૪૦૦.૦૦ |
| ૦૪ | ૩૫-૨૦૨૬-૨૭ | સિનિ. DEN (C) અધિકારક્ષેત્ર - ભાવનગર ડિવિઝન - ટ્રેકમેન માટે (૮૧ નંગ) ટૂલ રૂમ સહ વિશ્રામ રૂમની જોગવાઈ કરવાના મંજૂર થયેલા કામની સામે ટ્રેકમેન માટે (૩૭ નંગ) ટૂલ રૂમ સહ વિશ્રામ રૂમની જોગવાઈ કરવાનું કામ. | ૪,૪૯,૬૪,૫૪૨.૩૨ | ૮,૯૯,૩૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** ૦૧-૦૬-૨૦૨૬ **અને બિડિંગ બંધ થવાની તારીખ:** ૧૫-૦૬-૨૦૨૬ **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in

BVP-042

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**લિઝીંગ, પાર્કિંગ, જાહેરાત, પરચુરણ સ્ટેટીક સેવાઓ અને પે એન્ડ યુઝ કોન્ટ્રાક્ટસ માટે ટેન્ડર**

ભાવનગર ડિવિઝન પર **લિઝીંગ, પાર્કિંગ, જાહેરાત, પરચુરણ, સ્ટેટીક સેવાઓ અને પે એન્ડ યુઝ** કોન્ટ્રાક્ટસ માટે ટેન્ડર આમંત્રિત કરતી ટેન્ડર નોટીસ.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | હરાજી શરૂ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|
| PARKING-2026-04 | સોનગઢ, (૪-વહીલર) સાવરકુંડલા, ભાવનગર પરા, જોરાવરનગર, રાણપરા, વઢવાણ સિટી અને વસ્ત્રાપુર રેલવે સ્ટેશનો માટે પાર્કિંગ કોન્ટ્રાક્ટ. | પાર્કિંગ | ૦૫-૦૬-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે |
| PNU-WRL-2026-3 | ગાંધીગ્રામ રેલવે સ્ટેશન ખાતે ૦૫ (પાંચ) વિશ્રામ રૂમ્સ અને ૦૧ (એક) ડોર્મિટરી (૦૬ પથારી)ના અને વેરાવળ રેલવે સ્ટેશન ખાતે ૦૪ (ચાર) વિશ્રામ રૂમ્સ, ૦૨ (બે) ઉચ્ચ શ્રેણી પ્રતિક્ષા રૂમ્સ (મહિલા અને પુરૂષ) અને ૦૧ (એક) AC પ્રતિક્ષા હૉલના સંચાલન અને જાળવણી માટે કોન્ટ્રાક્ટ. | પે એન્ડ યુઝ-રિટાયરીંગ રૂમ | ૦૫-૦૬-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે |
| MSS-BVP-26-03 | વેરાવળ રેલવે સ્ટેશન ખાતે રેલ કોચ રેસ્ટોરન્ટ અને મોબાઈલ એસેસરીઝ કિઓસ્ક. | પરચુરણ-સ્ટેટીક સેવાઓ | ૦૫-૦૬-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે |
| ADVT-RDN-LED-03 | ભાવનગર ડિવિઝન ઉપર વિવિધ સ્થળોએ LED યુનિપોલ અને RDN બોર્ડ. | જાહેરાત | ૦૫-૦૬-૨૦૨૬ ના ૧૦:૦૦ કલાકે |
| LEASE-2026-03 | ભાવનગર ડિવિઝન ઉપર વિવિધ ટ્રેનોમાં SLR કમ્પાર્ટમેન્ટ. | પાર્સલ | ૦૨-૦૬-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે |

બિડર / ટેન્ડરરે (www.ireps.gov.in/) સાઈટ ની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ માહિતી માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગર અથવા (કોમર્શિયલ ઈન્સ્પેક્ટર - NFR), ભાવનગર ડિવિઝન-૭૨૨૭૯૮૯૪૮૬) ની ટેલીફોનિક મુલાકાત લેવાની રહેશે.

BVP-041

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાંચા આપી સાચા અર્થમાં સરહદના સંત્રીની ભૂમીકા ભજવતા કચ્છી માડુઓના પોતિકા સાંધ્ય દૈનિક **કચ્છઉદય**ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખુબ ખુબ શુભેચ્છા...

**VINAYAK BULK MOVERS (P) LTD.**
Gandhidham - Kutch



**પ્રજાના પોતિકા અખબાર તરીકે લોકહૃદયમાં સ્થાન અંકિત કરનાર**

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

સાંધ્ય દૈનિક ને૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા...

**CARGO MOTORS PVT. LTD.**
Authorised Dealer
TATA MOTORS
* SALES * SERVICE * SPARE PARTS *



Images shown are for representation purpose only.

| | | |
|---|---|---|
| GANDHIDHAM | : | Mobile : +91 98796 08956, Email : cmlgdm@cargomotors.co.in |
| WORKSHOP | : | Phone : 02836 230407 Email : cmplgdmwscvd@cargomotors.co.in |
| MUNDRA | : | Phone : 02838 296243/244/249. Email : cmplmunwm@cargomotors.co.in |
| BHUJ | : | Phone : 02832 220821, Email : cmplbhjsales@cargomotors.co.in |
| WORKSHOP | : | Phone : 02832 242988, Email : cmplbhujws@cargomotors.co.in |

HONDA The Power of Dreams
**CARGO HONDA**
सच कर देंगे सपने




Honda Exclusive Authorised Dealer | Any Inquiry Contact : Gandhidham 9687652827 / 9925239545 Bhuj 9879611150

# લંડન હીથ્રો એરપોર્ટ કેસરની સુગંધથી મહેક્યું

**સાત સમંદર પાર કચ્છ - સૌરાષ્ટ્ર સહિત ગુજરાતી કેરીનો દબદબો : હોટ વોટર અને હાઇડ્રો-કૂલિંગ જેવી આધુનિક ટ્રીટમેન્ટ બાદ જ વિદેશી બજારોમાં એન્ટ્રી, ફ્રૂટ ફ્લાય અને રોગો નાશ પામતા શેલ્ફ લાઇફ વધી : ખેડૂતો જાતે જ હવે વિદેશમાંથી ડોલર-પાઉન્ડ કમાઈ શકશે : એફ.પી.ઓ. બનાવો અને સરકારની સબસિડી મેળવો : પેક હાઉસ ઓનર સમીર સાપરિયા**



દિગ્વિજયસિંહ ગોહિલ



સમીર સપારિયા

ગાંધીનગર - કચ્છઉદય : જ્યારે લંડનના હીથ્રો એરપોર્ટ પર ગુજરાતથી આવેલી કેસર અને હાફુસના બોક્સ ઉતરે અને તેની સુગંધ આખા કાર્ગો એરિયામાં ફેલાઈ જાય, ત્યારે એક ભારતીય તરીકે બહુ ગર્વ થાય. લંડન, લેસ્ટર અને બર્મિંગહામમાં વસતા ગુજરાતીઓ અને ભારતીયો માટે આ માત્ર ફ્રૂટ નથી, વતનની યાદ છે. લોકો ગમે તેટલા ભાવ આપીને પણ ખરીદવા તૈયાર હોય છે. હવે તો યુરોપિયન પ્રજાને પણ 'ઈન્ડીયન મેન્ગો' નો ચસ્કો લાગ્યો છે. આ શબ્દો છે દિગ્વિજયસિંહ ગોહિલના, જેઓ પ્રતિ વર્ષ કેરી ખરીદવા ગુજરાત રૂબરૂ આવે છે અને ઈંગ્લેન્ડમાં કેરી ઈમ્પોર્ટ કરે છે. શ્રી ગોહિલ વધુમાં જણાવે છે કે, વિશ્વમાં અને ભારતમાં ઘણા પ્રકારની કેરીઓ મળે છે પણ ગુજરાતીઓ અને વિદેશીઓને માત્ર કેસર કેરી અને મહારાષ્ટ્રની હાફુસ જ ભાવે છે. સૌથી વધુ ડિમાન્ડ કેસર કેરીની છે. ભારતની કેસર તથા હાફુસ જેવી સુગંધ અને મીઠાશ આખી દુનિયામાં ક્યાંય નથી. સાઉથ અમેરિકા, બ્રાઝિલ કે પેરુની કેરીઓ દેખાવમાં લાલચટ્ટક હોય છે પણ સ્વાદમાં અંદરથી ફિક્કી હોય છે, જ્યારે ભારતની કેસર કેરી તો સ્વાદનો રાજા છે.

એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા માન્યતા પ્રાપ્ત કેરીનાં બગીચાની કેરી અને માન્યતા પ્રાપ્ત પેક હાઉસમાં કેરીની પ્રોસેસિંગ કર્યા બાદ જ તેની નિકાસ કરવામાં આવે છે.

રાજકોટના કુવાડવા ખાતે સ્થિત એપીઈડીએ માન્યતા પ્રાપ્ત 'કુંજ કોલ્ડ વેર સોલ્યુશન-પેક હાઉસ'ના માલિક શ્રી સમીર સાપરીયા જણાવે છે કે, અમે કેરીની નિકાસ માટેની પ્રક્રિયા અમારા પેક હાઉસમાં કરીએ છીએ. અમેરિકા, ઈંગ્લેન્ડ, યુ.એ.ઈ., ઓસ્ટ્રેલીયા, યુરોપિયન દેશો તથા ગલ્ફના દેશોમાં જરૂરિયાત મુજબ પ્રોસેસ કરીને કેરી પેકિંગ કરી આપીએ છીએ.

અમેરિકા માટે ખાસ પ્રકારની હોટ વોટર પ્રોસેસ કરીને આપી છીએ, જેમાં સૌથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ઈંગ્લેન્ડ અને કેનેડા માટે હોટ વોટર ઉપરાંત રાઈપનિંગ પ્રોસેસ કરીને પછી તેનું પેકિંગ કરવામાં આવે છે. કેસર, રાજાપુરી અને આલ્ફાનસો કેરીની પણ પ્રોસેસ કરીએ છીએ. કેસર કેરી જુનાગઢ, તાલાળા અને કચ્છથી આવે છે, જ્યારે રાજાપુરી વલસાડથી આવે છે.

કેરી જ્યારે બરાબર પાકવા પર આવે ત્યારે તેને સવારના ઠંડા પહોરમાં તોડી પેક હાઉસમાં લાવી સૌથી પહેલું કામ ડી-સેપિંગનું થાય છે. કેરીની ડીંટડીને ઉંધી રાખીને સ્પેશિયલ કન્વેયર બેલ્ટ કે ટ્રે પર રાખવામાં આવે છે જેથી ડીંટડીનો બધો રસ (ચીક) નીકળી જાય. આનાથી કેરી કાળી પડતી નથી અને લાંબો સમય બગડતી નથી. લીલી કેરીને તોડી ૪૮ અંશ સેલ્સિયસ થી ૫૨ અંશ સેલ્સિયસ તાપમાન ધરાવતા ગરમ પાણીમાં લગભગ ૧૦ મિનિટ માટે ડુબાડી રાખવામાં આવે છે. આ પ્રક્રિયાથી કેરીમાં થતો 'એન્થ્રેકનોઝ' (કાળા ડાઘા પડવાનો રોગ) અને સડો ફેલાવતી ફૂગ નાશ પામે છે. તેમજ ફળમાખીના ઈંડા અને ઈયળો મરી જાય છે. ગરમ પાણીના કારણે કેરીમાં કુદરતી 'ઈથિલિન' ગેસ સક્રિય થતાં બધી જ કેરીઓ એકસાથે અને એકસરખી રીતે પાકે છે.ગરમ પાણીમાંથી કાઢેલી કેરીને ૧૦ અંશ સેલ્સિયસ થી ૧૫ અંશ સેલ્સિયસ સુધીના ઠંડા પાણીમાં ૧૦ મિનિટ માટે રાખવામાં આવે છે. ત્યારબાદ તેને હવામાં સંપૂર્ણપણે સુકવવામાં આવે છે. ઠંડકને કારણે કેરીનો શ્વસન દર ધીમો પડી જાય છે, જેનાથી કેરી લાંબા સમય સુધી તાજી રહે છે, તેની છાલ કડક રહે છે અને પાક્યા પછી તેનો રંગ ખૂબ જ આકર્ષક અને પીળો દેખાય છે. જ્યારે પ્રોડક્ટમાં દમ હોય અને તેને આધુનિક ટેકનોલોજીનો સંગાથ મળે, ત્યારે દુનિયાભરમાં નામના મેળવી શકાય છે. ગીરની વાડીઓથી નીકળેલી કેસર આજે વૈશ્વિક બ્રાન્ડ બની ચૂકી છે. તેમજ સમીર સાપરિયાએ જણાવ્યું હતું.

એફ.પી.ઓ. ના માધ્યમથી ખેડૂતો કેરીને સીધી વિદેશમાં પોતાની રીતે જ એક્સપોર્ટ કરીને ડૉલર-પાઉન્ડમાં કમાઈ શકે છે. ખેડૂતો પોતાનું ગ્રુપ કે એફ. પી.ઓ. બનાવીને એકસરખું ઉત્પાદન કરે અને એક્સપોર્ટ કરે તો સરકાર દ્વારા વિવિધ પ્રકારની સબસિડી અને સહાય કરવામાં આવે છે. આ માટે કોઈ ખેડૂત ભાઈઓને મદદ કે માર્ગદર્શનની જરૂરિયાત હોય તેમને પૂરતી મદદ અને માર્ગદર્શન આપવામાં આવશે, તેમ શ્રી સાપરીયાએ જણાવ્યું હતું.

નિકાસકારોના જણાવ્યા મુજબ, માત્ર કેરી જ નહીં પરંતુ ૨૦૨૬ ના ચોમાસા પછી એટલે કે આગામી સપ્ટેમ્બર મહિનાથી ગુજરાતના પ્રીમિયમ શાકભાજી જેવા કે જી—ફોર મરચાં, ભીંડો, કારેલા, તૂરિયા અને ગલકા સહિતની જણસો પણ આ જ આધુનિક પ્રોસેસિંગ સાથે વિદેશી બજારોમાં મોકલવાનું ભવ્ય આયોજન હાથ ધરવામાં આવ્યું છે.







## ગોંડલ નજીક બસ પલટીઃ બે મહિલાના મોત, ૬૨ શ્રદ્ધાળુમાંથી ૫ની હાલત નાજુક

(પ્રતિનિધિ દ્વારા)

ગોંડલ : રાજકોટના ગોંડલ નજીક સોમવારે વહેલી સવારે એક અત્યંત કરૂણ માર્ગ અકસ્માત સર્જાયો છે. પુરષોત્તમ માસના પવિત્ર અવસરે ધાર્મિક પ્રવાસે નીકળેલા શ્રદ્ધાળુઓની એક ખાનગી બસ પલટી મારી જતાં પરિવારના બે મહિલા સભ્યો (સાસુ-વહુ) ના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ ભયાનક દુર્ઘટનામાં બસમાં સવાર અન્ય મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે, જેમાંથી પાંચ લોકોની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોંડલના ભોજરાજપરા વિસ્તારમાંથી રવિવારે વહેલી સવારે એક ખાનગી બસ બગદાણા, ઊંચા કોટડા, રાજપરા અને ભગુડા જેવા પ્રસિદ્ધ ધાર્મિક સ્થળોના દર્શન કરવા માટે ઉપડી હતી. તમામ પવિત્ર ધામોના દર્શન કરીને પરત ફરી રહેલી આ બસ સોમવારે પરોઢિયે આશરે ૪:૩૦ વાગ્યે વોરા કોટડાથી બાંદરા જવાના સિંગલ પટ્ટી રોડ પરથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન સામેથી આવી રહેલા એક ટ્રકને જગ્યા આપવા માટે બસ ચાલકે વાહનને રિવર્સમાં લીધું હતું. સિંગલ રોડ હોવાના કારણે ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા જ બસ રોડ કિનારે આવેલા ઊંડા ખાડામાં પલટી ખાઈ ગઈ હતી.

અકસ્માત સમયે બસમાં માસૂમ બાળકો, મહિલાઓ અને વયસ્ક શ્રદ્ધાળુઓ સહિત કુલ ૬૨ મુસાફરો સવાર હતા. વહેલી સવારના અંધકારમાં અચાનક બસ પલટી જતાં મુસાફરોની ચીસાચીસથી હાઈવે ગુંજી ઉઠ્યો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના ગામના સ્થાનિક યુવાનો અને સેવાભાવી સંસ્થાઓ તાત્કાલિક બચાવ રાહત માટે દોડી આવ્યા હતા અને બસના કાચ તોડીને ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા.

ઈમરજન્સી સેવાઓ અને પોલીસ પ્રશાસન પણ ત્વરિત એક્શનમાં આવ્યું હતું. ૧૦૮ અને નગરપાલિકાની એમ્બ્યુલન્સો મારફતે તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ગોંડલની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યારે ગંભીર રીતે ઘાયલ ૫ દર્દીઓને વધુ સારવાર માટે રાજકોટ રિફર કરાયા છે. હાલમાં પોલીસ કાફલો કાયદેસરની કાર્યવાહી અને અકસ્માતના ચોક્કસ કારણોની તપાસ કરી રહ્યો છે.

## ગુજરાતમાં ફૂટબોલને પ્રોત્સાહનની જરૂર : પરિમલ નથવાણી



ગાંધીધામ - કચ્છઉદય : ભારત દેશમાં જ્યાં ક્રિકેટ હેડલાઈન્સ અને જનમાનસ પર રાજ કરે છે, ત્યાં ફૂટબૉલે ઉત્સાહ, સતત પ્રયત્ન અને વૈશ્વિક આકર્ષણ દ્વારા ધીમે ધીમે પોતાનું સ્થાન બનાવ્યું છે. ઈન્ડિયન સુપર લીગ આઈ.એસ.એલ.) જેવી સ્પર્ધાઓ અને ઓલ ઈન્ડિયા ફૂટબૉલ ફેડરેશન (એ.આઈ.એફ.એફ.) ના પ્રયત્નોએ દેશમાં આ રમતના વિકાસમાં યોગદાન આપ્યું છે. તેમ છતાં, ગુજરાત જેવા રાજ્યોમાં ફૂટબૉલને હજુ પણ જરૂરી પ્રોત્સાહન મળવાનું બાકી છે.

ગુજરાત ઉદ્યોગસાહસિકો અને વૈશ્વિક વિચારધારાવાળા લોકોની ધરતી છે. તે તેના ઉદ્યોગસાહસિક સ્વભાવ, મજબૂત માળખાકીય સુવિધાઓ અને સશક્ત રમતગમત સંસ્કૃતિ માટે જાણીતું છે. ગુજરાત સ્ટેટ ફૂટબૉલ એસોસિએશન (જી.એસ.એફ.એ.), સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (એસ.એ.જી.), કેટલીક ફૂટબૉલ ક્લબો અને એકેડેમીઓ તથા થોડા ઉદ્યોગસાહસિકોના ધરખમ પ્રયત્નો છતાં રાજ્યમાં ફૂટબૉલ હજુ પણ પાછળ છે. ક્રિકેટની જેમ ફૂટબૉલ પણ વૈશ્વિક સ્તરે અબજો ડોલરનો ઉદ્યોગ છે. રાજ્યમાં ફૂટબૉલ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાની તાત્કાલિક જરૂર છે. આથી સ્પોર્ટ્સ મેનેજમેન્ટ, સ્પોર્ટ્સ મેડિસિન અને ટૂરિઝમ જેવાં ક્ષેત્રોમાં નવી તકો ઉભી થઈ શકે છે.

ગ્રાસરૂટ સ્તરે ફૂટબૉલને વ્યવસ્થિત રીતે વિકસાવવાની જરૂર છે. ગુજરાતની શાળાઓ અને કોલેજો ઘણીવાર ક્રિકેટને પ્રાથમિકતા આપે છે, જેના કારણે ફૂટબૉલ માટે માળખાકીય સુવિધાઓ અને કોચિંગનો અભાવ રહે છે. સુવ્યવસ્થિત આંતર-શાળા લીગ, પ્રમાણિત કોચિંગ પ્રોગ્રામ અને સરળતાથી ઉપલબ્ધ મેદાનો ફૂટબોલમાં ભાગીદારીને નોંધપાત્ર રીતે વધારી શકે છે. જી.એસ.એફ.એ. દ્વારા આ દિશામાં પગલાં લેવાયાં છે, પરંતુ તેની વ્યાપકતા અને સાતત્ય વધારવાની જરૂર છે.

અમદાવાદ, સુરત અને વડોદરા જેવાં શહેરી કેન્દ્રોમાં રિક્રિએશનલ ફૂટબૉલ સંસ્કૃતિમાં વધારો જોવા મળ્યો છે ટર્ફ ગ્રાઉન્ડ્સ, એમેચ્યોર લીગ્સ અને વીકએન્ડ ટૂર્નામેન્ટ્સ. આ સકારાત્મક સંકેત છે. પરંતુ ગ્રાસરૂટથી વ્યાવસાયિક સ્તર સુધીનો સ્પષ્ટ માર્ગ ન હોવાને કારણે ઘણા પ્રતિભાશાળી ખેલાડીઓ અજાણ્યા રહી જાય છે. ગુજરાતમાં રાષ્ટ્રીય ફૂટબોલ સર્કિટમાં મજબૂત હાજરીનો અભાવ છે, જે યુવા ખેલાડીઓ માટે પ્રેરણા અને ઓળખ બંનેને મર્યાદિત કરે છે.

ફૂટબૉલ ક્ષેત્રે રોકાણ પણ એક મહત્વપૂર્ણ પરિબળ છે. કોર્પોરેટ સ્પોન્સરશિપ્સ અને પબ્લિક-પ્રાઈવેટ ભાગીદારી પરિવર્તનકારી સાબિત થઈ શકે છે. જેમ ગુજરાતના ઉદ્યોગોએ ઔદ્યોગિક વિકાસને ગતિ આપી છે, તેમ તેઓ જી.એસ.એફ.એ.ના માળખામાં વિવિધ વય જૂથો માટે પુરુષો અને મહિલાઓના ટૂર્નામેન્ટ્સને સ્પોન્સર કરીને રમતના વિકાસમાં યોગદાન આપી શકે છે. આથી રાજ્ય સ્તરની ટીમો અને ક્લબોને રાષ્ટ્રીય સ્તરે નિયમિત સ્પર્ધામાં ભાગ લેવાની તક મળશે અને પ્રતિભાઓ તેમજ ચાહકો બન્નેને તેનો લાભ મળશે.

તે જ રીતે, ચાહક સંસ્કૃતિ પણ એટલી જ મહત્વપૂર્ણ છે. ફૂટબૉલ ચાહક સમુદાયની ઊર્જા પર જીવંત રહે છે. સ્થાનિક ક્લબોને પ્રોત્સાહન આપવું, શહેર આધારિત લીગ મેચોનું આયોજન કરવું અને એક્ઝિબિશન મેચો યોજવી—આ બધાથી મજબૂત ચાહક વર્ગ વિકસાવી શકાય છે. અંગ્રેજી પ્રીમિયર લીગ જેવી વૈશ્વિક લીગના પ્રસારણ દ્વારા યુવાનોમાં રસ વધે છે. પડકાર એ છે કે આ સુષુપ્ત દર્શકોને સક્રિય ભાગીદારીમાં પરિવર્તિત કરવા.

સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે સરકારનો ટેકો અને સહકાર પ્રેરક બળ તરીકે કામ કરી શકે છે. ફૂટબૉલ મેદાનો માટે જમીન ફાળવતી નીતિઓ, શિક્ષણમાં રમતગમતનો સમાવેશ અને સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપતી નીતિઓ વિકાસને તેજ કરી શકે છે. ફૂટબૉલ માત્ર રમત નથી; તે ફિટનેસ, શિસ્ત, ટીમવર્ક અને સામાજિક એકતાનું સાધન છે.

ગુજરાત પાસે યુવા શક્તિ, સંસાધનો અને મહત્ત્વાકાંક્ષા બધું જ છે. હવે તેને દિશા અને પ્રતિબદ્ધતાની જરૂર છે. સંસ્થાઓ, ઉદ્યોગો અને સમુદાયોના સંયુક્ત પ્રયત્નોથી ગુજરાતમાં ફૂટબૉલ એક ગૌણ પ્રવૃત્તિમાંથી મુખ્ય પ્રવાહની રમતમાં પરિવર્તિત થઈ શકે છે. તક હકીકતમાં છે, હવે તે તક ઝડપવાનું કાર્ય કરવાની જરૂર છે.

## તો અરબ દેશોની જેમ ઈરાન પણ ઈઝરાયલ સાથે હાથ મિલાવી લેશે ? ટ્રમ્પના દાવાથી ખળભળાટ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક ચોંકાવનારો અને મોટો દાવો કર્યો છે કે ઈરાન ટૂંક સમયમાં જ 'અબ્રાહમ અકોર્ડ' કરારમાં સામેલ થઈ શકે છે. હાલમાં જ ઈરાન સાથે ચાલી રહેલી રાજદ્વારી વાતચીતમાં મદદ કરવા બદલ ખાડી દેશોનો આભાર માનતા ટ્રમ્પે ઈશારા-ઈશારામાં સંકેત આપ્યો હતો કે ઈરાન આ ઐતિહાસિક સમજૂતીનો હિસ્સો બની શકે છે. નોંધનીય છે કે, આ એ જ સમજૂતી છે જેનો મુખ્ય હેતુ આરબ દેશો અને ઈઝરાયલને નજીક લાવવાનો હતો. જો કે, અમેરિકન પ્રમુખની આ ટિપ્પણી પર ઈરાન તરફથી હજી સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. પરંતુ જો ટ્રમ્પનો આ દાવો સાચો સાબિત થશે, તો મિડલ ઈસ્ટમાં એક તદ્દન નવો વૈશ્વિક ઈતિહાસ રચાશે.

ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રૂથ સોશિયલ' પર એક પોસ્ટ શેર કરીને મિડલ ઈસ્ટના દેશોના વખાણ કર્યા છે. તેમણે લખ્યું, 'હું મિડલ ઈસ્ટના તમામ દેશોનો તેમના સમર્થન અને સહયોગ બદલ આભાર માનવા માંગુ છું. ઐતિહાસિક અબ્રાહમ સમજૂતીમાં સામેલ થવાથી આ સહયોગ વધુ મજબૂત બનશે અને કોણ જાણે, કદાચ ઈસ્લામ રિપબ્લિક ઓફ ઈરાન પણ આમાં જોડાઈ જાય!' આ પહેલા પણ ઈરાન સાથેની વાતચીતમાં સાથ આપવા બદલ ટ્રમ્પ આરબ દેશોની પ્રશંસા કરી ચૂક્યા છે.

આ કોઈ પહેલીવાર નથી જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને લઈને આવો દાવો કર્યો હોય. આ પહેલા વર્ષ ૨૦૨૫માં ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરતી વખતે પણ ટ્રમ્પે કહ્યું હતું કે તેમને પૂરો વિશ્વાસ છે કે એક દિવસ ઈરાન પણ આ સમજૂતીનો હિસ્સો બનશે. જો કે, તે સમયે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચી દ્વારા આ નિવેદનને સંપૂર્ણપણે ફગાવી દેવામાં આવ્યું હતું અને સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે તેહરાન ઈઝરાયલને ક્યારેય માન્યતા નહીં આપે. ઈરાન હંમેશાથી ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચેના સંબંધો સુધારવાના પ્રયાસોનો વિરોધ કરતું આવ્યું છે અને આ સમજૂતીને પેલેસ્ટાઈન સાથેનો વિશ્વાસઘાત માને છે.

અબ્રાહમ અકોર્ડ એ અમેરિકાની મધ્યસ્થતાથી તૈયાર કરવામાં આવેલો એક ઐતિહાસિક કરાર છે, જેની શરૂઆત વર્ષ ૨૦૨૦માં થઈ હતી. આ સમજૂતીનો મુખ્ય હેતુ આરબ દેશો અને ઈઝરાયલ વચ્ચેની વર્ષો જૂની દુશ્મનીનો અંત લાવીને તેમની વચ્ચે રાજદ્વારી અને વ્યાપારી સંબંધો સામાન્ય બનાવવાનો છે. કોરોના કાળ દરમિયાન થયેલા આ કરારમાં સૌથી પહેલા યુનાઈટેડ આરબ એમિરેટ્સ અને બહેરીન જેવા દેશો જોડાયા હતા અને ઈઝરાયલ સાથે સત્તાવાર સંબંધો શરૂ કર્યા હતા. ત્યારબાદ મોરોક્કો અને સુદાન પણ તેમાં સામેલ થયા. આ કરાર પાછળનો એક મોટો વ્યૂહાત્મક હેતુ મિડલ ઈસ્ટમાં ઈરાનના વધતા પ્રભાવને રોકવાનો પણ હતો, પરંતુ હવે ટ્રમ્પ પોતે જ ઈરાનને આ ગ્રુપમાં લાવવાની વાત કરી રહ્યા છે જે ઘણું મહત્ત્વ ધરાવે છે.

ઈતિહાસ પર નજર કરીએ તો વર્ષ ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પહેલા ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સારા સંબંધો હતા. પરંતુ આયતુલ્લા અલી ખામેનેઈ અને અન્ય આયાતુલ્લાઓના સત્તામાં આવ્યા પછી 'ઈઝરાયલની તબાહી' એ ઈરાનની વિદેશ નીતિનો મુખ્ય હિસ્સો બની ગઈ. ઈરાને ઈઝરાયલનો સામનો કરવા માટે હમાસ, હિઝબુલ્લાહ અને હુથી બળવાખોરો જેવા સંગઠનોનું આખું એક 'એક્સિસ ઓફ રેઝિસ્ટન્સ' ઊભું કર્યું છે. બીજી તરફ, તાજેતરના સમયમાં ઈઝરાયલ અને અમેરિકાના હુમલાઓએ ઈરાનનો પારો વધુ ગરમ કર્યો છે. આવા તંગ વાતાવરણ વચ્ચે કટ્ટર દુશ્મન ગણાતા ઈરાનનું અબ્રાહમ અકોર્ડમાં જોડાવું હાલના તબક્કે મુશ્કેલ દેખાઈ રહ્યું છે, પરંતુ ભવિષ્યની ડિપ્લોમસી શું વળાંક લે છે તે જોવું રસપ્રદ રહેશે.

## મહાબળેશ્વર નજીક ૧૫૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી કાર, ૮ લોકોના દર્દનાક મોત, દૂરબીનથી મૃતદેહોની શોધખોળ

(એજન્સી દ્વારા)

મુંબઈ : મહારાષ્ટ્રના પ્રખ્યાત હિલ સ્ટેશન મહાબલેશ્વર નજીક એક ભયાનક અકસ્માત સર્જાયો છે. કોંકણથી પરત ફરી રહેલા પ્રવાસીઓની એક સ્કોર્પિયો કાર અનિયંત્રિત થઈને આશરે ૧૫૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. આ દર્દનાક દુર્ઘટનામાં સતારાના ૮ યુવકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં છે. ખીણ અતિશય ઊંડી હોવાના કારણે દૂરબીનની મદદથી મૃતદેહોની શોધખોળ કરવામાં આવી રહી છે.

મળતી માહિતી અનુસાર, આ ભયાનક અકસ્માત રાયગઢના આંબેનલી ઘાટ પર રવિવાર અને સોમવારની મધ્યરાત્રિએ વહેલી સવારે આશરે ૨:૪૫ વાગ્યે સર્જાયો હતો. અકસ્માતનો ભોગ બનેલી સ્કોર્પિયો કાર સતારા જિલ્લાના કોરેગાંવ તાલુકાના આસગાંવની છે. આ તમામ યુવકો કોંકણના હરણાઈ બીચથી ફરીને વહેલી સવારે પોલાદપુર માર્ગ થઈને સતારા તરફ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ડ્રાઈવરે કાર પરથી નિયંત્રણ ગુમાવતાં કાર સીધી ઊંડી ખીણમાં પડી ભાંગી હતી.

આ અકસ્માત એ જ જગ્યાની આસપાસ થયો છે, જ્યાં વર્ષ ૨૦૧૮માં દાપોલી કૃષિ યુનિવર્સિટીની બસ ખીણમાં ખાબકી હતી અને મોટો હોબાળો મચ્યો હતો. પોલાદપુર પોલીસ સ્ટેશનના અધિકારી આનંદ રાવડેએ જણાવ્યું કે, વહેલી સવારે અંધારામાં કાર પરથી કાબૂ ગુમાવવાને કારણે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતની જાણ થતાં જ પોલાદપુર પોલીસની ટીમ સહિત મહાબલેશ્વર ટ્રેકર્સ, પ્રતાપગઢ રેસ્ક્યુ ટીમ, સિસ્કેપ મહાડ પોલાદપુર, આપદા મિત્ર અને સ્થાનિક લોકોની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ખીણ ખૂબ જ ઊંડી હોવાના કારણે શરૂઆતમાં બચાવ દળે દૂરબીનની મદદથી તપાસ શરૂ કરી હતી, જેમાં પહેલો મૃતદેહ દેખાયો હતો. અતિશય મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે રેસ્ક્યુ ટીમને આશરે ૫૦૦થી ૭૦૦ ફૂટની ઊંડાઈએથી ૨ મૃતદેહો બહાર કાઢવામાં સફળતા મળી છે.પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે સ્કોર્પિયો ગાડીમાં સવાર તમામ પ્રવાસીઓ સતારા, આસગાંવ અને કોરેગાંવ વિસ્તારના રહેવાસી હતા. હાલમાં પોલીસ અને સ્થાનિક બચાવ દળ દ્વારા અકસ્માતગ્રસ્ત ગાડી અને બાકીના અન્ય યુવકોના મૃતદેહોને બહાર કાઢવા માટે યુદ્ધના ધોરણે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

## અમદાવાદમાં બ્રાન્ડેડ કંપનીઓના નામે નકલી સામાન વેચવાનું રેકેટ, ૩ શખસોની ધરપકડ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : અમદાવાદમાં જાણીતી કંપનીઓના પેકિંગ અને લોગોની આબેહૂબ નકલ કરી ગ્રાહકોને નકલી સામાન પધરાવી આર્થિક લાભ ખાટતી ટોળકી સક્રિય થઈ છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે એસ. જી. હાઈવે પર આવેલા સોલા ભાગવત ગેટ નજીકથી નકલી સિગારેટ, ઘી, ચા અને મસાલા સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓનું વેચાણ કરતા ૩ શખસોને ઝડપી પાડ્યા છે. કોપીરાઈટ એક્ટના ભંગ બદલ પોલીસે આ ત્રણેય સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, બેંગ્લોર સ્થિત એક ઓથોરાઈઝ્ડ એજન્સીના અધિકારીને અમદાવાદમાં બ્રાન્ડેડ કંપનીની નકલી સિગારેટ વેચાતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે એજન્સીના અધિકારીએ ડમી ગ્રાહક બનીને નકલી સામાન વેચતા શખસનો સંપર્ક કર્યો હતો અને મોટા જથ્થામાં માલ ખરીદવાના બહાને તેને સોલા ભાગવત ગેટ પાસે બોલાવ્યો હતો. આ દરમિયાન ક્રાઈમ બ્રાંચની ટીમે ઘટનાસ્થળે વોચ ગોઠવી દીધી હતી. ત્યાં કાર લઈને પહોંચેલા ત્રણ શખસો અરુણકુમાર ગુપ્તા, સચિન ગુપ્તા અને સુજીત પોદ્દારને પોલીસે ઘેરી લીધા હતા. કારની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કારમાંથી માત્ર નકલી સિગારેટ જ નહીં, પરંતુ રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી અનેક જાણીતી બ્રાન્ડ્સનો નકલી જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે આરોપીઓ પાસેથી સિગારેટના ૪૪ મોટા પેકેટ, અમૂલ ઘીના ૧૫ પાઉચ, ચાના ૧૨ પેકેટ, ડીટર્જન્ટના ૧૪ પેકેટ અને મસાલાના ૬૦ પેકેટ, બીડીના ૧૫ પેકેટ સહિત કુલ મુદ્દામાલ ૩,૦૯,૧૯૭ રૂપિયાનો સામન જપ્ત કર્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં મુખ્ય સૂત્રધાર સુજીત પોદ્દારે કબૂલાત કરી હતી કે, તે અલગ-અલગ સ્થાનો પરથી સસ્તા ભાવે આ ડુપ્લિકેટ માલ ખરીદી લાવતો હતો. ત્યારબાદ અરુણ અને સચિન મારફતે આ સામાન બજારમાં છૂટક ગ્રાહકો તથા નાના દુકાનદારોને ઓરિજિનલ ભાવે પધરાવી દેવામાં આવતો હતો.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ACP એ જણાવ્યું હતું કે, "મુખ્ય આરોપી સુજીત છેલ્લા દોઢ વર્ષથી શબ્બીર, પવન સિંધી અને જગદીશ પટેલ નામના શખ્સો પાસેથી વધુ નફાની લાલચમાં આ નકલી માલ લાવતો હતો. અરુણ અને સચિન નામના બે ભાઈઓ ગ્રાહકોની ડિમાન્ડ મુજબ ડિલિવરી પહોંચાડવાનું કામ કરતા હતા. આ નકલી વસ્તુઓનું ઉત્પાદન મોટાભાગે રાજસ્થાનમાં થાય છે અને આ લોકો ફેરિયાઓ મારફતે આર્થિક રીતે નબળા વિસ્તારોની નાની દુકાનોમાં આ માલ ઓરિજિનલ ભાવે પધરાવી દેતા હતા." પકડાયેલી તમામ વસ્તુઓ લોકોના સ્વાસ્થ્ય અને ખાણીપીણી સાથે જોડાયેલી હોવાથી ક્રાઈમ બ્રાંચે તેને પૃથ્થકરણ (એનાલિસિસ) માટે લેબોરેટરીમાં મોકલી આપી છે અને સંબંધિત વિભાગોને પણ આ અંગે જાણ કરી છે. હાલમાં પોલીસે કોપીરાઈટ એક્ટ મુજબ ગુનો નોંધીને ત્રણેય આરોપીઓની વધુ પૂછપરછ હાથ ધરી છે.

## ગઢશીશામાં સરકારી આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજ શરૂ

માંડવી - કચ્છઉદય : કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ગઢશીશા ખાતે રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલી સરકારી આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજ ચાલુ શૈક્ષણિક સત્રથી કાર્યરત બનશે. આ સાથે માંડવી તાલુકો બે સરકારી કોલેજ ધરાવતું ગુજરાતનું પ્રથમ તાલુકો બનવાનો ગૌરવ મેળવશે.

નવી કોલેજમાં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ એમ ત્રણેય પ્રવાહોમાં અભ્યાસની સુવિધા ઉપલબ્ધ કરાશે. વિદ્યાર્થીઓ માટે જીસીએએસ પોર્ટલ મારફતે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પ્રથમ વર્ષમાં કુલ ૧૭૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. ગઢશીશા અને આસપાસના ૩૦થી વધુ ગામોના વિદ્યાર્થીઓને હવે ઉચ્ચ શિક્ષણ માટે દૂર જવાની જરૂર નહીં રહે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે. સ્થાનિક સ્તરે ઉચ્ચ શિક્ષણની નવી સુવિધા ઉભી થતાં શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ વિકાસ માનવામાં આવી રહ્યો છે. કચ્છ જિલ્લામાં ઉચ્ચ શિક્ષણના વિસ્તરણ તરફ રાજ્ય સરકારનું વધુ એક મહત્વપૂર્ણ પગલું ગણાતી આ કોલેજથી વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

રામ સે અધિક રામકરદાસા

# ભગવાનના ભક્તો ભગવાનથી પણ વધે છે : પ.પૂ. કનકેશ્વરી દેવીજી

નખત્રાણા - કચ્છ ઉદય : મોરઝર ખાતે પુંજલદાદાના આશ્રમે પ.પૂ. મહંત દિલીપ રાજા કાપડીના યજમાન પદે ચાલી રહેલ શ્રી ધ્વજારોહણ એવમ શ્રી રામ કથાના આજે નવમા દિવસે કથા શબ્દ વિરામ પામી હતી.

વ્યાસપીઠ પરથી બોલતા કથાના વક્તા પ.પૂ. મહામંડલેશ્વર ૧૦૮૮ શ્રી કનકેશ્વરી માતાજીએ કહ્યું કે, રામ-વાલીના સંવાદ ટાંકતા જે જગતમાં કોઈ મોટું નથી. હું પણ શ્રેષ્ઠ નથી. મારા કરતા પણ મારા ભક્તો ભગવાનથી પણ વધે છે. રામ સે અધિક રામકર દાસા. તેમણે યુવાનોને ભક્તિ માર્ગમાં જોડાવવા અને જીવનમાં સંઘર્ષ એ સફળતાની સીડી છે. તેમ જણાવી કથાના વિવિધ પ્રસંગો વર્ણવ્યા હતા. તેમણે મોરઝરના મહંત દિલીપદાદાને તપોભૂમિના સાધક સંતનું બિરૂદ આપ્યું હતું.

કથામાં પ.પૂ. સંતરામ સાહેબ (લીંબડી), પ.પૂ. વજેરામબાપુ (પીપડી), મહામંડલેશ્વર મૂળજી દાદા, પ.પૂ. કલ્યાણદાસજીબાપુ, જગુદાદા, ભરતદાદા (ભારાપર), જયશ્રી માતાજી (નાગલપર), વિશાલ શાસ્ત્રી (ના. સરોવર), પ.પૂ. કથાકાર કશ્યપશાસ્ત્રી, દિલીપ જોષી, કામાશ્રી માતાજી, વૃશ્ચિક શાસ્ત્રી, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, શાંતિલાલ ભાવાણી, તા.પં. સભ્ય, જિ.પં. રાજેશભાઈ આહિર, નલિયા તા.પં. પ્રમુખ જયેન્દ્રસિંહ જાડેજા (નખત્રાણા), તા.પં. પ્રમુખ ભારતીબેન નીતિનગિરિ ગોસ્વામી, વિનયભાઈ ગડા, ખાનજી જાડેજા, સુરેન્દ્રસિંહ જાડેજા (મા.મઢ), વેશલજી તુંવર (ખાનય), ચંદુભાઈ રૈયાણી, કૃષ્ણકાંત પંડ્યા, ભરત રૈયાણી, કિશોર છાભૈયા, મંગલ વાણંદ, પાર્થભાઈ પાલેજા, હિરજી આહિર, મહાદેવ કાપડી, રમેશ ગરવા, મનીષ મહેશ્વરી, રમેશ સીજુ, વીરા કાપડી, ઈશ્વર છાભૈયા, રમેશ પટેલ, શરમણ જાટીયા, રઘુ આહિર, લક્ષ્મણ આહિર, રાજાભાઈ ભરવાડ, કાનજી કાપડી, હરીભાઈ કાપડી, રમેશ માતા, એન.ટી. આહિર, ઓમ આહિર, કાના આહિર, ભરત આહિર, નવિન કાપડી, શાંતિલાલ લીંબાણી, ઝખરાભાઈ હુંબલ, દિનેશ ગજર, વ્યવસ્થા સંભાળતા પાર્થદાદા કાપડી, ધીરજદાદા, વિશનજીદાદા, પંકજ કાપડી, બાલમુંકદ કાપડી, જયંતી પટેલ, ભરત લીંબાણી, ખેતસીભાઈ, પ્રકાશભાઈ કાપડી વગેરે તમામ નાની-અનામી સેવકોનું સન્માન થયું હતું. અગ્રણીઓ, દાતા, પત્રકાર અને કથામાં તન-મન-ધનથી સહયોગ આપનાર તમામનું આભાર માનવામાં આવ્યું હતું. કથામાં સંતવાણી, સાધુ-સંતો, જમાતના ધુણાના દર્શન અને મહાપ્રસાદનો લાખો લોકો ધર્મ લાભ લીધો હતો. રાત્રે આશાપુરા રામામંડળ આંબાપરના સેવકો રામાપીરનું આખ્યાન જીવન ચરિત્ર રજૂ કર્યો હતો. સંચાલન ગોવિંદભાઈ કાપડી અને રાજેશ ગઢવીએ કર્યું હતું. કથાને લઈ ખોબા જેવડા મોરઝર ગામમાં નવ દિવસ લોક મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો.





**મોરજર ખાતે રામકથા શબ્દ વિરામ પામી : કથા, સંતવાણી, સંતદર્શન, મહાપ્રસાદનો લાખો લોકો ધર્મલાભ લીધો : રામાપીરના આખ્યાને રંગ જમાવ્યું**

# ૪૭ વર્ષની પરંપરા મુજબ વિશિષ્ટ વ્યક્તિત્વોની કદરરૂપે કચ્છી નવા વર્ષે અપાતો કચ્છશક્તિ એવોર્ડ જાહેર

**૧૬મી જુલાઈએ મુંબઈના યોગી સભાગૃહમાં આમંત્રિતોની હાજરીમાં કચ્છી નવું વર્ષ ઉજવાશે : કચ્છ શક્તિ એવોર્ડના વિચાર શિલ્પી હેમરાજ શાહે કચ્છ માટે અને કચ્છી માડુઓ માટે જિંદગી આખી અદભુત કાર્ય**

ભુજ - કચ્છઉદય : મુંબઈમાં રહીને કચ્છના વિશિષ્ટ વ્યક્તિઓને પોંખવા વર્ષોથી અદભુત કાર્ય કરી રહ્યા છે તેવા મુંબઈવાસી કચ્છી હેમરાજભાઈ શાહ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ "કચ્છશક્તિ" નેશનલ એવોર્ડ - ૨૦૨૬ના વિજેતાઓ જાહેર કરાયા છે. કચ્છ - શક્તિ નેશનલ એવોર્ડના વિજેતાઓમાં કચ્છરત્ન એવોર્ડ જયપડમાગુણાજી મહાસતીજી (અચલગચ્છ), સમાજરત્ન એવોર્ડ જયંતીલાલ કેશવજી છાડવા (ચેમ્બુર), ધર્મપ્રેમી એવોર્ડ નરેન્દ્રભાઈ આર. નંદુ, સમાજસેવા એવોર્ડ હીરજી આર. પાસડ, સમાજસેવા એવોર્ડ વાપીના મહેન્દ્ર છેડા, સમાજસેવા એવોર્ડ ભુજના વેલજીભાઈ મહેતા, સાહિત્યરત્ન એવોર્ડ અંજારના અજય સોની, સંશોધન એવોર્ડ ભીમાસરના મહાદેવ બારડ, નારીરત્ન એવોર્ડ સમીરા રાંભિયા (મુલુંડ), નારીરત્ન એવોર્ડ દિશા દેઢિયા, ટી.વી. સ્ટાર એવોર્ડ ચૌરંગી ફિલ્મના નીલ ભટ્ટ, બાલ કલાકાર એવોર્ડ બોરીવલીના મિતેન પરીન ગાલા (હેમુદાદા), લીગલ પ્રોફેશનલ એવોર્ડ મઝગામના કાંતિલાલ સંઘોઈ, ફોટોગ્રાફી એવોર્ડ જન્મભૂમિના વિરલ કનૈયાલાલ જોશી, પત્રકાર એવોર્ડ મકાબોના તંત્રી ઉમેશ એમ. ત્રિવેદી, ભુજના કચ્છદર્શનના તંત્રી દર્શનકુમાર રામભાઈ ઠક્કરને, નૃત્યરત્ન એવોર્ડ સામખિયાળીના ખુશી ગડા અને જાન્હવી ગડા, પાર્શ્વગાયક એવોર્ડ રાજકોટના નિધિ ધોળકિયા, શિક્ષણ એવોર્ડ આઈ.એસ. એસ. દિશાંત અમૃતલાલ નિસર, વ્યાપાર એવોર્ડ ગાંધીધામના સુવર્ણકાર ભૂષણ આર. સોની તથા જસ્ટ ઈન ટાઈમના રાજુભાઈ છેડાને એનાયત કરવાની જાહેરાત થઈ છે. આ કાર્યક્રમમાં જૈન મેરેજ મિશનના આઠ ફિરકાના પ્રમુખોનું પણ સન્માન કરાશે. અષાઢી બીજ કચ્છી નવું વષ ૧૬મી જુલાઈએ મુંબઈના દાદરના યોગી સભાગૃહમાં આમંત્રિતો માટે કાર્યક્રમ યોજાશે. કચ્છ - શક્તિ તરફથી યોજાયેલ કાર્યક્રમ સુરસામ્રાજ્ઞી ટીના છેડા દ્વારા સંગીત મઢ્યા ગીતોથી શરૂ થશે. કચ્છ - શક્તિ નેશનલ એવોર્ડ' અનાયતથી સમાપ્ત થશે. કચ્છ-શક્તિ તરફથી સતત આ ૪૭મું વર્ષ મુંબઈમાં કચ્છી નવું વર્ષ ઉજવાય છે. કાર્યક્રમનું સંચાલન રીટા હરીયા કરશે. સમિતિની બેઠકમાં કનૈયાલાલ જોશી, ડો. નાગજી રીટા, ચીમનભાઈ મોતા, એડ. પીયૂષ એમ. શાહ, વેલજી અખેરાજ બોરીચા, ભુજના મિલન સોની અને ઉદય હેમરાજ શાહ હાજર રહ્યા હતા.

## "કચ્છશક્તિ" એવોર્ડ મેળવનાર નીલ ભટ્ટ માત્ર અભિનેતા જ નહીં પણ ફિલ્મનિર્માણ ક્ષેત્રના ઓલરાઉન્ડર



ભુજ - કચ્છઉદય : કચ્છ શક્તિ એવોર્ડમાં ટીવી સ્ટાર એવોર્ડ જેમને જાહેર થયો છે એ નીલ શરદભાઈ ભટ્ટ એ માત્ર ટીવી અથવા ફિલ્મના અભિનેતા જ નથી પરંતુ ફિલ્મ નિર્માણ ક્ષેત્રના ઓલરાઉન્ડર છે તેવું "કચ્છઉદય" સાથેની તેમની ખાસ મુલાકાતમાં તેમણે જણાવ્યું હતું. નીલભાઈ મૂળ ભૂજના અને જેના ડીએનએમાં છલોછલ કલા રહેલી છે તેવા ભટ્ટ પરિવારનું ગૌરવ છે. તેમના પિતા શરદભાઈ અને પિતાના કાકા નરેન્દ્રભાઈ ખૂબ જ જાણીતા સંગીતકાર અને તેમના કાકા યોગેશભાઈ ભટ્ટ ખૂબ જ સારા અભિનેતા છે. નીલભાઈએ ભુજની એન્કરવાલા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સેવા, અને સમર્પણના સંસ્કારો હેઠળ પ્રાથમિક શાળાનો અભ્યાસ કર્યો હોવાથી સેવા ક્ષેત્રમાં પણ તેઓ શિરમોર છે.

આજે પણ નર્મદા જિલ્લામાં તેમના ગ્રુપના ત્રણ હજારથી વધારે યુવાનો સાથે મળી અને જુદી જુદી સેવા કરે છે. આ પછી માધ્યમિક શિક્ષણ ભુજમાં સંસ્કારનગરમાં આવેલી સ્વામિનારાયણ વિદ્યાલયમાં પ્રાપ્ત કરી અને પછી અભિનય ક્ષેત્રના વધારે પગથિયાં ચડવા માટે જાણીતી મહારાવ શ્રી સયાજીરાવ યુનિવર્સિટી વડોદરામાં ૨૦૦૮માં જોડાયા અને એમની અભિનયની કલાના રસનું હવાઈજહાજ રાષ્ટ્રીય કક્ષાએ અનેક નાટ્ય કાર્યક્રમો દ્વારા ઉડાન ભરવા લાગ્યું. એમ.એસ. યુનિવર્સિટીમાંથી નાટ્યક્ષેત્રની અનુસ્નાતક પદવી એમણે ૨૦૧૫માં પ્રાપ્ત કરી. સમગ્ર ભારતના દિલ્હી મુંબઈ સહિતના મહાનગરોમાં તેમના નાટકના કાર્યક્રમો યોજાવા લાગ્યા. શાળા જીવનથી શરૂ થયેલો એમનો અભિનયનો શોખ દિલ્હીમાં આવેલી ભારતની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત "નેશનલ સ્કુલ ઓફ ડ્રામા" સુધી પહોંચ્યો અને ત્યાં પણ તેમણે થિયેટરમાં કામ કર્યું. આ ઉપરાંત હવે તેમનો પ્રોફેશનલ દુનિયામાં પણ પ્રવેશ થઈ ચૂક્યો હતો.

ગુજરાત સંગીત અને નાટ્ય અકાદમીની તથા જાણીતા ગુજરાતી સામયિક "ચિત્રલેખા દ્વારા યોજાતી હરિફાઈ જેવી અનેક જાણીતી હરિફાઈઓમાં હંમેશા વિજયી બનતા રહ્યા. "ચૌરંગી" ફિલ્મમાં કેવી રીતે કામ મળ્યું તેવા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે આ ફિલ્મના સહનિર્માતા શ્રી વિનોદભાઈ પરમાર ૨૦૦૮થી તેમના મિત્ર થાય જે તેમણે સાથે મળી અને આ ફિલ્મનું નિર્માણ કરવાનું નક્કી કર્યું. આ ફિલ્મમાં એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર પણ નીલભાઈ જ છે. ફિલ્મ જગતમાં કોસ્ચ્યુમ ,કેમેરા ડિરેક્શન ટીમ દરેક ક્ષેત્રમાં શ્રી નીલ ભટ્ટ ઓલ રાઉન્ડર અને અનુભવી છે. તેઓ ખૂબ જ પ્રગતિના શિખર સર કરી ને સમગ્ર કલાવિશ્વમાં કચ્છનું અને તેમનું નામ મહેકાવે એવી "કચ્છઉદય" પરિવાર શુભેચ્છા આપે છે.

# નખત્રાણા તાલુકામાં વાવણીના પહેલા ડીઝલ અને ખાતરની અછત સર્જાતા ખેડૂતો પરેશાન

**નખત્રાણામાં ડીઝલ, ડીએપી રાસાયણિક ખાતરની અછત ચોમાસા પહેલા દૂર કરવા ધારાસભ્ય અને મામલતદારને તાલુકા ભારતીય કિસાન સંઘ દ્વારા રજૂઆત : સરકારનો ૨૦૦ લીટર ડીઝલ આપવાનો હુકમ છે, છતાં નખત્રાણા તાલુકામાં ૩થી ૪ કલાક પેટ્રોલપંપ પર લાઈનમાં ઉભા રહ્યા બાદ માત્ર ૧૫થી ૨૦ લીટર ડીઝલ મળતું હોવા અંગે રજૂઆત**



નખત્રાણા - કચ્છઉદય : ચોમાસુ સિઝનની વાવણીનો સમય આવી રહ્યો છે, ત્યારે ટ્રેક્ટર ચલાવવા માટે ડીઝલની ખાસ જરૂરિયાત રહે છે પણ હાલે ખેડૂતોને સમયસર ડીઝલ મળતું નથી. ૧૫થી ૨૦ લીટર ડીઝલ માટે પણ ૭/૧૨ના ઉતારાની માંગ કરે છે, જે યોગ્ય નથી. ડીઝલના અભાવે વાવણી જમીન તૈયાર કરવાની કામગીરી, સિંચાઈ તથા અન્ય કૃષિ કાર્યોમાં ભારે વિલંબ થઈ રહ્યો છે. ચોમાસાની અનુકૂળ મોસમ દરમિયાન સમયસર વાવણી ન થાય તો ખેડૂતોને આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવી શકે છે. હાલની પરિસ્થિતિને કારણે ખેડૂતોમાં ચિંતા અને મુશ્કેલીનું વાતાવરણ સર્જાયું છે. નખત્રાણા તાલુકામાં ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવા માટે સંબંધિત વિભાગ અને પેટ્રોલ પંપ લોકોને જરૂરી સૂચનાઓ આપી તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે જેથી ખેડૂતોને સમયસર ડીઝલ મળી રહે અને ચોમાસું વાવણીની કામગીરી નિવિઘ્ને પૂર્ણ થઈ શકે તેમજ વાવણી માટે ડીએપી ખાતરની ઉપલબ્ધિ પણ સમયસર થતી નથી. ખાતર વગર પાકને પોષણ ન મળવાથી પાક સંપૂર્ણપણે નિષ્ફળ થઈ શકે છે માટે સમયસર ખાતર ઉપલબ્ધ કરાવવા માટે પણ રજૂઆતો કરાઈ હતી.

કિસાન સંઘના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે, નખત્રાણામાં ખેડૂતોને માંડ ૧૫થી ૨૦ લિટર ડીઝલ મળે છે. સરકારનો ૨૦૦ લીટર ડીઝલ આપવાનો હુકમ છે, છતાં પણ ૧૫ ૨૦ લિટર ડીઝલ લેવા માટે ૩થી ૪ કલાક સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે. ૨૦૦ લીટર ભેગું મળી જાય તો આઠ દિવસ સુધી ખેડૂતોને ધક્કા ન પડે અને પોતાના કામમાં વ્યસ્ત રહી શકે. પેટ્રોલ પંપ દ્વારા ખેડૂતો પાસેથી ડીઝલ લેવા માટે ૭/૧૨, ૮/અની માંગણી કરાઈ રહી છે જે યોગ્ય નથી. ૨૦૦ લીટર આપતા હોય તો ૭/૧૨ આપવા તૈયાર છીએ પણ ડીઝલનો જથ્થો અન્યત્ર બારોબાર વહેંચાતો હોવાની પણ ફરિયાદો કરી હતી. વહેલી તકે ડીઝલનો પૂરતો જથ્થો ખેડૂતોને મળે ડીએપી ખાતર મળે તથા ટેકાના ભાવે ખરીદી કરાય સહિતની રજૂઆતો સાથે નખત્રાણા તાલુકા ભારતીય કિસાન સંઘના ખેડૂતો મોટી સંખ્યામાં મામલતદાર કચેરી તથા ધારાસભ્યને રજૂઆત કરી હતી.

મામલતદાર રાકેશ પટેલે જણાવ્યું હતું કે, નિયમિત પેટ્રોલ પંપની તપાસ કરીએ છીએ. ક્યાંય પણ હજુ જોવા મળ્યું નથી ૨૪ કલાકના આંકડા લઈ રહ્યા છે. સીસીટીવીના ફૂટેજ પણ લઈ રહ્યા છે છતાં પણ ક્યાંક અન્યાય થતો હશે તો પેટ્રોલપંપ એસો.ને બોલાવીને સુચના આપવામાં આવશે. ખેડૂતોને પૂરતો ન્યાય આપવામાં આવશે. ખેડૂતોને ડીઝલ પૂરું મળે એવા પૂરતા પ્રયાસો ચાલુ છે તેમ જણાવ્યું હતું. ચંદુભાઈ ઢોસાણી, લખુભાઈ, નખત્રાણા તાલુકા ભારતીય કિસાન સંઘના પ્રમુખ શિવદાસભાઈ કેસરાણી, જગદીશભાઈ કેસરાણી, ભરતભાઈ નાથાણી સહિતના મોટી સંખ્યામાં કિસાનો હાજર રહ્યા હતા.

# પૂ.મોરારીબાપુના સાનિધ્યમાં જયેશદાન ગઢવીએ છંદની રમઝટ સાથે અદભુત વાણી પીરસી

**અવતાર ચરિત્રને વિશે વહેતા મીઠા ઝરણા જેવી અસ્ખલિત વાણીની ધારા વહેડાવી કચ્છના દેવીપુત્ર જયેશદાન ગઢવીએ શ્રોતાઓ અને બાપુને મંત્રમુગ્ધ કરી દીધા અને જણાવ્યું કે ભક્ત પ્રહલાદે કહ્યું હતું કે પ્રભુની ઈચ્છા વગર પવનનો ઝોકો પણ નથી ચાલી શકતો, પ્રભુની અરજીથી આવતી તકલીફ એ પ્રભુની કરુણા અને કૃપા જ હોય છે અને તે જ તેમાંથી ઉગારે**




ભુજ - કચ્છઉદય : પૂજ્ય મોરારીબાપુની હાજરીમાં અવતાર ચરિત્ર અંગે ચારણી છંદોની રમઝટ સાથે સુંદર છણાવટ કરતા કચ્છના જાણીતા વિદ્વાન કવિ, લોકસાહિત્યકાર અને ચિંતક જયેશદાનભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, ભક્તનો પોકાર સાંભળી અને ઈશ્વર જરૂર આવે જ છે તેવું અવતાર ચરિત્રના જુદા જુદા અવતાર વિશે જાણવાથી અનુભૂતિ થાય છે.અવતાર ચરિત્રમાં પ્રહલાદ ચરિત્રની સમજણ આપતાં જયેશદાન ગઢવીએ જણાવ્યું કે પ્રહલાદ કહે છે કે હે પ્રભુ તમારી ઈચ્છા વગર પવનનો ઝોકો પણ ચાલી શકતો ન હોય, જો એક પાંદડું ફરકી શકતું ન હોય તો તમારી ઈચ્છા વગર હિરણ્યકશ્યપુની શું તાકાત છે કે મારા ઉપર ત્રાસ ગુજારી શકે કે મને થાંભલો પકડાવી શકે...? પ્રહલાદ કહે છે કે હે પ્રભુ મને ખબર છે કે તારી જ ઈચ્છા અને મરજીથી કર્મની લીલા રૂપે આ ઘટના બની રહી હશે અને તારી ઈચ્છાથી જે કંઈ થાય તે ભક્ત ઉપર સંકટ ન હોય? એ તો કરુણા અને કૃપા હોય. તે હું સમજુ છું. પ્રહલાદ કહે છે કે હે પ્રભુ, તું મારું ખરાબ થવા જ ન દે.. કર્મની ગતિને કારણે બધી જ લીલા પરમાત્માની કૃપાથી અને મરજીથી થાય છે. આ વાતનું વર્ણન કરતાં જયેશદાનભાઈ ભાવવિભોર થઈ અને કહે છે કે...જે ભક્તનો પોકાર થાંભલો ફાડી નાખે તેવો હોય તેના પોકારથી જ નૃસિંહ ભગવાન પ્રગટે છે. જયેશદાનભાઈએ આધ્યાત્મિક નાનો રસની ઊંડાઈમાં અલૌકિક અદભુત વાણીથી છલાંગ મારી અને શ્રોતાઓને અને પૂજ્ય મોરારીબાપુને મંત્રમુગ્ધ કરી નાખ્યા હતા.

# ગુજરાત ગૌરવ એવોર્ડથી સાંયરાના રામજી મારવાડાનું સન્માન



પાલનપુર ખાતે આર્ટ ઓફ સંસ્કૃતિ આયોજિતમાં સાંયરા યક્ષના વણાટકામ કરતા અને અવનવી ડિઝાઈન બનાવતા રામજી મારવાડાને તારક મહેતાના ઉલ્ટા ચશ્માંના અબ્દુલ મિયાં એટલે શરદ સાકલાના વરદ હસ્તે હસ્તકલા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ગુજરાત ગૌરવ એવોર્ડ ૨૦૨૬થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# માધાપરના સેવાભાવી કર્મનિષ્ઠ ગાંગજી રૂડા દબાસિયાના અવસાનથી શોક



ભુજ - કચ્છઉદય : માધાપર ગામના સેવાભાવી અને સમાજપ્રેમી આગેવાન ગાંગજી રૂડા દબાસિયાનું અવસાન થતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. તેઓ લાંબા સમયથી સમાજસેવા, સંસ્કાર અને જનકલ્યાણના કાર્યો સાથે જોડાયેલા હતા.

ગાંગજીભાઈએ ગામમાં તળાવોના નિર્માણ, પશુ-પંખીઓને પાણીની સુવિધા, તેમજ સામાજિક અને ધાર્મિક કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેઓ સરળ સ્વભાવ, પ્રકૃતિપ્રેમી અને સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા હતા, જેના કારણે સમાજમાં વિશેષ માન સન્માન પામ્યા હતા. નવચેતન અધ્યયન મંડળ માધાપર સાથે પણ તેઓ સક્રિય રીતે જોડાયેલા હતા અને સંસ્થાના વિકાસ તથા દિવ્યાંગોના ઉત્થાન માટે માર્ગદર્શન અને સહયોગ આપ્યો હતો. પિતાના આ સેવાના વારસાને પુત્ર ઝીણાભાઈ દબાસિયા (ખજાનચી) તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. ગાંગજીભાઈના નિધનથી પરિવારજનો, સમાજજનો તેમજ સમગ્ર માધાપર ગામમાં શોકની લાગણી પ્રસરી છે. તેમના સેવાકીય કાર્યો અને માનવતાભર્યા વ્યક્તિત્વને લોકો હંમેશા યાદ રાખશે.

# ગુજરાત ઉચ્ચ મહેસૂલ લાયકાત પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર

ગાંધીનગર - કચ્છઉદય : બકરી ઈદની જાહેર રજાની તારીખમાં ફેરફાર થતાં ગુજરાત ઉચ્ચ મહેસૂલ લાયકાત પરીક્ષા - ૨૦૨૬ના કાર્યક્રમમાં આંશિક સુધારો કરવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગ દ્વારા અગાઉ ૨૫ મેથી ૩૦ મે ૨૦૨૬ દરમિયાન પરીક્ષા આયોજન જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨-૫ના જાહેરનામા મુજબ બકરી ઈદની રજા ૨૭ મેના બદલે ૨૮ મે ૨૦૨૬ના રોજ જાહેર થતાં પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે. સુધારેલા કાર્યક્રમ મુજબ હવે પ્રશ્નપત્ર નં. ૧ થી ૩ની પરીક્ષા અનુક્રમે ૨૫, ૨૬ અને ૨૭ મેના રોજ લેવામાં આવશે, જ્યારે પ્રશ્નપત્ર નં. ૪ની પરીક્ષા ૨૯ મે અને પ્રશ્નપત્ર નં. ૫ની પરીક્ષા ૩૦ મે ૨૦૨૬ના રોજ યોજાશે. દરેક દિવસે સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ સુધી હેતુલક્ષી પરીક્ષા તથા ૧૧:૪૦ થી ૧:૪૦ સુધી વર્ણનાત્મક પરીક્ષા લેવામાં આવશે.

# રેલવે દ્વારા અમદાવાદ-પટના અને અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ ટ્રેનોના ફેરા

અમદાવાદ - કચ્છઉદય : પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તથા વધારાની ભીડને સમાયોજિત કરવાના ઉદ્દેશથી અમદાવાદ - પટના અને અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૦૯૪૪૭ અમદાવાદ - પટના સ્પેશિયલ જેને ૨૦ મે સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને ૨૭ મે સુધી વિસ્તારિત કરવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૪૪૮ પટના - અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ જેને ૨૨ મે, ૨૦૨૬ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને ૨૯ મે, ૨૦૨૬ સુધી વિસ્તારિત કરવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૦૮૮ અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક સ્પેશિયલ જેને ૨૮ મે, ૨૦૨૬ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને ૦૪ જૂન, ૨૦૨૬ થી ૩૦ જુલાઈ, ૨૦૨૬ સુધી વિસ્તારિત કરવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૦૮૭ મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ જેને ૨૭ મે, ૨૦૨૬ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને ૦૩ જૂન, ૨૦૨૬ થી ૨૯ જુલાઈ, ૨૦૨૬ સુધી વિસ્તારિત કરવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૪૪૭ અને ૦૯૦૮૮ ના વિસ્તારિત ફેરાનું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થઈ ગયું છે. ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે વેબસાઈટ પર જોવા યાદીમાં જણાવ્યું છે.

# ગુજરાતમાં શિક્ષકોની ૩,૯૬૬ જગ્યા પર ભરતી કરાશે

**૧ જૂનથી ઓનલાઈન અરજી શરૂ થશે**

ગાંધીનગર : ગુજરાતમાં શિક્ષક બનવા ઈચ્છતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યની સરકારી અને અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ ૩,૯૬૬ શિક્ષણ સહાયકની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઉમેદવારો ૧ જૂન ૨૦૨૬થી ઓનલાઈન અરજી કરી શકશે.

ભરતી માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા ૧ જૂનના બપોરે ૧૨ વાગ્યાથી શરૂ થશે અને ૧૦ જૂન ૨૦૨૬ના સાંજે ૫ વાગ્યા સુધી ચાલુ રહેશે. ઉમેદવારોએ જરૂરી દસ્તાવેજો સાથે સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે. મોડેથી કરવામાં આવેલી અરજીઓ માન્ય ગણાશે નહીં.

આ ભરતીમાં દિવ્યાંગ ઉમેદવારો માટે પણ ખાસ તક આપવામાં આવી છે. સરકાર દ્વારા અનામત નીતિ મુજબ દિવ્યાંગ ઉમેદવારો માટે વિશેષ ભરતી ઝુંબેશ પણ અમલમાં મુકવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા ભરતી પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક અને મેરીટ આધારે કરવામાં આવશે. ઉમેદવારોને ભરતી સંબંધિત તમામ માહિતી સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# મુંબઈને હરાવી રાજસ્થાન રોયલ્સ પ્લેઓફમાં

(એજન્સી દ્વારા)

મુંબઈ : રાજસ્થાન રોયલ્સે કરો યા મરોના મુકાબલામાં મુંબઈ ઇન્ડિયન્સને ૩૦ રને પરાજય આપી પ્લેઓફમાં સ્થાન મેળવી લીધું છે. રાજસ્થાન રોયલ્સે પ્રથમ બેટિંગ કરતાં આઠ વિકેટના નુકસાને ૨૦૫ રન બનાવ્યા હતા જેના જવાબમાં મુંબઈ ઇન્ડિયન્સની ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવી ૧૭૫ રન બનાવી શકી હતી. આ જીત સાથે રાજસ્થાન રોયલ્સ મેળવનારી ચોથી ટીમ બની ગઈ છે. પ્લે ઓફના મુકાબલામાં આગામી ૨૭મી મેના રોજ રાજસ્થાનનો સામનો સનરાઈઝર્સ હૈદરાબાદ સામે થશે. આ સાથે જ પંજાબ અને કોલકાતા નાઈટ રાઈડર્સની પ્લેઓફમાં પ્રવેશવાની આશા પર પાણી ફરી વળ્યું હતું. પંજાબના ૧૪ મેચમાં ૧૫ પોઈન્ટ હતા જ્યારે કોલકાતાને પોતાની છેલ્લી મેચ દિલ્હી સામે રમવાની હતી. જો રાજસ્થાનનો મુંબઈ સામે પરાજય થયો હોત તો પંજાબ અને કોલકાતા માટે પ્લે ઓફમાં પહોંચવાની તક હતી પરંતુ ખરા સમયે રાજસ્થાન રોયલ્સની ટીમે બેટિંગ અને બોલિંગમાં શાનદાર પ્રદર્શન કરી અંતિમ ચારમાં સ્થાન મેળવી લીધું છે.



રાજસ્થાન રોયલ્સના આજની મેચ અગાઉ ૧૩ મેચમાં ૭ જીત સાથે ૧૪ પોઈન્ટ હતા. તેને પ્લેઓફમાં સ્થાન મેળવવા માટે આજની મેચ જીતવી જરૂરી હતી. ટોસ હારી પ્રથમ બેટિંગમાં ઉતરેલી રાજસ્થાનની ટીમે ૩૩ રનના સ્કોરે આક્રમક બેટ્સમેન વૈભવ સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલ બંનેની વિકેટો ગુમાવી દીધી હતી.

જોકે, ધ્રુવ જુરેલ, દસુન શનાકાના ઉપયોગી રનની મદદથી ટીમનો સ્કોર ૧૦૦ રનની પાર પહોંચ્યો હતો. ૧૩મી ઓવરમાં ૧૧૯ રનના સ્કોરે અડધી ટીમ પેવેલિયન પરત ફર્યા બાદ રાજસ્થાનની ટીમ દબાણમાં જોવા મળી હતી પરંતુ જોફ્રા આર્ચર, રવીન્દ્ર જાડેજા સહિતના બેટ્સમેનોએ આક્રમક બેટિંગ કરી ટીમનો સ્કોર ૨૦ ઓવરના અંતે ૮ વિકેટ ગુમાવી ૨૦૫ રને પહોંચાડ્યો હતો.

૨૦૬ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી મુંબઈની ટીમે ૩૮ રનમાં ચાર વિકેટ ગુમાવ્યા બાદ સૂર્યકુમાર યાદવ અને વિલ જેક્સે ટીમને સંભાળી હતી. જોકે, ૧૦૧ રના સ્કોરે વિલ જેક્સ આઉટ થયો હતો. કેપ્ટન હાર્દિક પંડ્યા અને સૂર્યકુમાર યાદવ પાસે ટીમને જીતની આશા હતી પરંતુ સમયાંતરે વિકેટો ગુમાવતાં રાજસ્થાન રોયલ્સે મેચ ૩૦ રને જીતી લીધી હતી. મુંબઈ તરફથી સૂર્યકુમારે સર્વાધિક ૬૦ રન બનાવ્યા હતા. રાજસ્થાન તરફથી જોફ્રા આર્ચરે ૩ વિકેટ ઝડપી હતી.

# ઓરેન્જ કેપ માટે ૭ બેટ્સમેન રેસમાં, આ 3 ખેલાડીઓ પર્પલ કેપના દાવેદાર

(એજન્સી દ્વારા)

મુંબઈ : આઈપીએલ ૨૦૨૬ની ઓરેન્જ કેપ અને પર્પલ કેપની રેસ પણ પ્લેઓફમાં પહોંચી ચૂકી છે. જે ૪ ટીમો આરસીબી, ગુજરાત ટાઈટન્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સે પ્લેઓફમાં એન્ટ્રી કરી છે. આ ખેલાડીઓ વચ્ચે ઓરેન્જ કેપ અને પર્પલ કેપની રેસ ચાલુ છે. ઓરેન્જ કેપની રેસમાં પ્લેઓફમાં સ્થાન બનાવનારી ૪ ટીમો સાથે ૭ બેટ્સમેન રેસમાં છે. તો પર્પલ કેપના દાવેદારોએ ટીમો સાથે જોડાયેલા ૩ ખેલાડીઓ છે. આઈપીએલમાં સૌથી વધારે રન બનાવનાર ખેલાડીઓને ઓરેન્જ કેપ આપવામાં આવે છે. જ્યારે પર્પલ કેપ પર સૌથી વધારે વિકેટ લેનાર બોલરનો કબ્જો હોય છે.




આઈપીએલ ૨૦૨૬માં હાલમાં ગુજરાત ટાઈટન્સના સાંઈ સુદર્શનના માથા પર ઓરેન્જ કેપ છે. તેમણે ગ્રુપ સ્ટેજમાં રમાયેલી ૧૪ મેચમાં ૬૩૮ રન બનાવ્યા છે. ઓરેન્જ કેપની રેસમાં સાંઈ સુદર્શન હાલ આગળ છે પરંતુ તેને ૬ બેટ્સમેનો મોટી ટક્કર આપતા જોવા મળી રહ્યા છે. જેમાંથી એક તો ટીમમેટ અને ઓપનિંગ પાર્ટનર શુભમન ગિલ જ છે. ઓરેન્જ કેપની રેસમાં સાંઈ સુદર્શન બાદ બીજું સ્થાન ગુજરાત ટાઈટન્સના શુભમન ગિલનું છે. તેમણે ગ્રુપ સ્ટેજમાં રમાયેલી ૧૩ મેચમાં ૬૧૬ રન બનાવ્યા છે. સનરાઈઝર્સ હૈદરાબાદનો હેનરિક ક્લાસેનની ૧૪ મેચમાં ૬૦૬ રન છે તે ઓરેન્જ કેપની રેસમાં ત્રીજા સ્થાને છે. આ રેસમાં ક્લાસેન એક માત્ર એવો બેટ્સમેન છે. જે ઓપનર નથી. દિલ્હી કેપિટલ્સ પ્લેઓફમાં પહોંચી નથી એટલે કેએલ રાહુલ બહાર થયો છે. ગ્રુપ સ્ટેજમાં ૧૪ મેચમાં ૫૮૩ રન બનાવનાર રાજસ્થાન રોયલ્સનો વૈભવ સૂર્યવંશી ઓરેન્જ કેપની રેસમાં રહેનારો ચોથો ખેલાડી છે. તો ઈશાન કિશન અભિષેક શર્મા અને વિરાટ કોહલી આ ૩ ખેલાડીઓ ઓરેન્જ કેપની રેસમાં સામેલ છે. જો આ ટીમો આઈપીએલ ૨૦૨૬ની ફાઈનલ સુધી પહોંચે છે તો તેના માથા પર ઓરેન્જ કેપ જશે તેવી શક્યતા છે. પર્પલ કેપના દાવેદાર ૩ ખેલાડીઓની જો આપણે વાત કરીએ તો. આરસીબીનો ભુવનેશ્વર કુમાર, ગુજરાત ટાઈટન્સનો કાગિસો રબાડા અને રાજસ્થાન રોયલ્સનો જોફ્રા આર્ચર છે. જેમાં ભુવી અને રબાડાની ૧૪-૧૪ મેચમાં ૨૪-૨૪ વિકેટ છે. તો જોફ્રા આર્ચરની ૧૪ મેચમાં ૨૧ વિકેટ છે.

# દિલ્હી કેપિટલ્સનો કોલકાતા નાઇટ રાઇડર્સ સામે ૪૦ રને વિજય

(એજન્સી દ્વારા)

કોલકાતા : દિલ્હી કેપિટલ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને આઈપીએલની આ સીઝનની અંતિમ લીગ મેચમાં ૪૦ રને પરાજય આપ્યો હતો. દિલ્હી કેપિટલ્સે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૦૩ રન બનાવ્યા હતા જેના જવાબમાં કોલકાતાની ટીમ ૧૮.૪ ઓવરમાં ૧૬૩ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. કોલાકાતા એકસમયે ૩ વિકેટે ૧૨૮ રન બનાવ્યા હતા પરંતુ છેલ્લી ૭ વિકેટ માત્ર૩૫ રનમાં ગુમાવી દીધી હતી.

રાજસ્થાન રોયલ્સે રવિવારે બપોરની મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને પરાજય આપી પ્લે ઓફમાં સ્થાન મેળવી લેતાં રાત્રે રમાયેલી દિલ્હી કેપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચેની મેચ ઔપચારિક થઈ ગઈ હતી. જેમાં પ્રથમ બેટિંગ કરતાં દિલ્હી કેપિટલ્સની ટીમે ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવી ૨૦૩ રન બનાવ્યા હતા. ઓપનર લોકેશ રાહુલે ૩૦ બોલમાં આક્રમક ૬૦ રન બનાવ્યા હતા. તે સિવાય દિલ્હીનો એકેય ખેલાડીએ અર્ધી સદી ફટકારી નહોતી. અક્ષર પટેલે ૩૯ રન, ડેવિડ મિલરે ૨૮ રન, અભિષેક પોરેલે ૨૨ રન બનાવ્યા હતા.




૨૦૪ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી કોલકાતાની ટીમે આક્રમક શરૂઆત કરી હતી. જોકે, એન્ગિડીએ ઓપનર ફિન એલન અને મનીષ પાંડેને પેવેલિયન મોકલ્યા હતા. જ્યારે કુલદીપ યાદવે મિડલ ઓવરોમાં રહાણે, કેમરુન ગ્રીન અને રિંકુ સિંઘની વિકેટો ઝડપી કોલકાતાને બેકફૂટ પર ધકેલી દીધું હતું. પોવેલ અને અનુકુલ રોયે સંઘર્ષ કર્યો હતો પરંતુ સ્ટાર્ક અને એન્ગિડી સામે કોલકાતાના લોઅર ઓર્ડર બેટ્સમેનો ટકી શક્યા નહોતા અને સમગ્ર ટીમ ૧૮.૪ ઓવરમાં ૧૬૩ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. દિલ્હી તરફથી કુલદીપ યાદવ અને એન્ગિડીએ ૩-૩ વિકેટ ઝડપી હતી જ્યારે સ્ટાર્કને બે વિકેટ મળી હતી.

# ક્રિકેટ જગતને ઝટકોઃ મેચ રમતી વખતે હાર્ટ એટેક આવતાં પૂર્વ રણજી પ્લેયર અક્ષયનું ૩૯ વર્ષની વયે નિધન

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય સ્થાનિક ક્રિકેટ જગતમાંથી એક અત્યંત આઘાતજનક અને દુઃખદ સમાચાર સામે આવ્યા છે. કર્ણાટકના પૂર્વ ફાસ્ટ બોલર એસ.એલ. અક્ષયનું રવિવારે એક ક્લબ મેચ રમવા દરમિયાન હાર્ટ એટેક આવવાને કારણે અવસાન થયું છે. તે માત્ર ૩૯ વર્ષનો હતો. અક્ષય બેંગલુરુમાં કેએસસીએ થર્ડ ડિવિઝન લીગ મેચમાં સેફાયર સીસી ટીમ તરફથી રમી રહ્યો હતો જે દરમિયાન આ ગંભીર ઘટના ઘટી હતી.



મળતી માહિતી મુજબ, મેચ દરમિયાન એસ.એલ. અક્ષયે પોતાની ટીમ માટે ૪ ઓવર બોલિંગ કરી હતી. પરંતુ ત્યાર બાદ અચાનક જ તેને અસ્વસ્થતા અને છાતીમાં તીવ્ર દુખાવો મહેસૂસ થયો હતો. તબિયત બગડતાં તે તરત જ મેદાનની બહાર જતો રહ્યો હતો. સ્થિતિ ગંભીર જણાતાં તેને વિલંબ કર્યા વિના નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોની તમામ કોશિશ છતાં તેનો જીવ બચાવી શકાયો નહોતો.

એસ.એલ. અક્ષય કર્ણાટકની એ મજબૂત ટીમનો ભાગ રહ્યો હતો જેણે ૨૦૧૪-૧૫ની સીઝનમાં પ્રતિષ્ઠિત રણજી ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો. ઘરેલું ક્રિકેટમાં તેમણે પોતાની ધારદાર ફાસ્ટ બોલિંગથી એક અલગ ઓળખ બનાવી હતી. ૨૦૧૧થી ૨૦૧૩ દરમિયાન તેણે કર્ણાટક માટે ૬ ફર્સ્ટ ક્લાસ, ૩ લિસ્ટ-એ અને ૯ ટી૨૦ મુકાબલા રમ્યા હતા.

# ૬૫ બોલ, ૧૫ સિક્સ, ૯ ફોર, ૧૬૫ રન... ટી૨૦માં હમજાએ ઈતિહાસ રચ્યો, વિરોધી ટીમ ૧૭ રનમાં ઓલઆઉટ



## એક ઇનિંગ્સમાં સૌથી વધુ રન (પુરુષ ટી૨૦ આંતરરાષ્ટ્રીય)

એરોન ફિંચ (ઓસ્ટ્રેલિયા) ૧૭૨ રન, વિરુદ્ધ ઝિમ્બાબ્વે ૨૦૧૮
હમજા ખાન (રવાંડા) અણનમ ૧૬૪ રન, વિરુદ્ધ આઈવરી કોસ્ટ ૨૦૨૬
હઝરતુલ્લાહ ઝઝાઈ (અફઘાનિસ્તાન) અણનમ ૧૬૨ રન, વિરુદ્ધ આયર્લેન્ડ ૨૦૧૯
મોહમ્મદ ઈહસાન (સ્પેન) ૧૬૦ રન, વિરુદ્ધ ક્રોએશિયા ૨૦૨૫
એરોન ફિંચ (ઓસ્ટ્રેલિયા) ૧૫૬ રન, વિરુદ્ધ ઈંગ્લેન્ડ ૨૦૧૩

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : બોત્સ્વામાં રમાઈ રહેલા આઈસીસી પુરુષ ટી૨૦ વર્લ્ડ કપ સબ-રીજનલ આફ્રિકા ક્વોલિફાયર ગ્રુપ છ ૨૦૨૬ના મુકાબલામાં રવાન્ડાના ઓપનર હમઝા ખાને નવો ઈતિહાસ રચી દીધો છે. આઈવરી કોસ્ટ સામે રમાયેલી ટૂર્નામેન્ટની ચોથી મેચમાં હમઝા ખાને માત્ર ૬૫ બોલમાં ૯ ચોગ્ગા અને ૧૫ છગ્ગાની મદદથી અણનમ ૧૬૪ રન ફટકાર્યા હતા.

આ સાથે હમઝા ટી૨૦ ક્રિકેટના ઈતિહાસમાં બીજી સૌથી મોટી ઈનિંગ્સ રમવાવાળા બેટ્સમેન બની ગયો છે, તેમજ આ ફોર્મેટમાં ૧૫૦ રનનો આંકડો વટાવનાર વિશ્વના ૭મા બેટ્સમેન બન્યા છે. હમઝા ખાને માત્ર ૪૧ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. પોતાની કરિયરની ૩૮મી આંતરરાષ્ટ્રીય મેચ રમી રહેલા હમઝાની આ પ્રથમ સદી છે, આ પહેલાં તેઓ ૪ અડધી સદી ફટકારી ચૂક્યા છે.

મેચમાં પ્રથમ બેટિંગ કરતા રવાન્ડાએ ૩ વિકેટે ૨૮૮ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. હમઝા ખાન અને કેપ્ટન ડિડિઅર દિકુબવિમાના (૪૫ બોલમાં ૬૯ રન) વચ્ચે પ્રથમ વિકેટ માટે ૧૯૬ રનની ભાગીદારી થઈ હતી. જવાબમાં આઈવરી કોસ્ટની આખી ટીમ ૧૬ ઓવરમાં માત્ર ૧૭ રન પર જ ઓલઆઉટ થઈ ગઈ હતી. આઈવરી કોસ્ટ તરફથી કોઆકો વિલ્ફ્રેડે ૩૧ બોલમાં ૨ રન અને મેગા ઈબ્રાહિમે ૨૨ બોલમાં ૪ રન બનાવ્યા હતા. રવાન્ડા માટે મુહમ્મદ નાદિર અને અદ્દીજ સયુષાએ ૩-૩ વિકેટ ઝડપી હતી. પરિણામે રવાન્ડાએ ૨૭૧ રનથી મેચ જીતી લીધી હતી, જે ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં રનની દ્રષ્ટિએ ત્રીજી સૌથી મોટી જીત છે.

# આઈપીએલના ઈતિહાસમાં રોહિત શર્માના નામે નોંધાયો શરમજનક રેકોર્ડ, મેક્સવેલના રેકોર્ડની બરાબરી કરી

(એજન્સી દ્વારા)

મુંબઈ : મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સ સામે રમાયેલી આઈપીએલ ૨૦૨૬ની છેલ્લી લીગ મેચમાં રોહિત શર્મા ૪ બોલ રમીને ખાતું ખોલાવ્યા વિના શૂન્ય રને આઉટ થયો હતો. ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરે આઈપીએલમાં ચોથી વખત રોહિતને પોતાનો શિકાર બનાવ્યા હતો. આ શૂન્ય સાથે જ રોહિત શર્માના નામે એક શરમજનક રેકોર્ડ નોંધાયો છે. તે આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ વખત ઝીરો રને આઉટ થનારા બેટ્સમેનોની યાદીમાં ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલ સાથે ૧૯ ડક સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. આ મામલે તેણે દિનેશ કાર્તિકને પાછળ છોડી દીધો છે.




રોહિત શર્મા માટે આઈપીએલ ૨૦૨૬ની આ સિઝન ઉતાર-ચઢાવ વાળી રહી છે. તેણે આ સિઝનની શરૂઆત શાનદાર કરી હતી અને કોલકાતા નાઈટ રાઈડર્સ સામે અડધી સદી ફટકારીને ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જોકે, ત્યારબાદ ૧૨ એપ્રિલે વાનખેડે સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામેની મેચ દરમિયાન તે હેમસ્ટ્રિંગની ઈજાનો ભોગ બન્યો હતો. આ ઈજાના કારણે તેઓ કેટલાક સમય માટે ટીમની બહાર રહ્યો હતો અને વાપસી કર્યા બાદ રમેલી ૫ મેચોમાં માત્ર એક જ અડધી સદી ફટકારી શક્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન રોહિત શર્મા ઈજાના કારણે આ સિઝનમાં કુલ ૯ મેચ જ રમી શક્યો હતો. તેમણે ૩૫.૩૮ની એવરેજ અને ૧૫૭.૨૨ના સ્ટ્રાઈક રેટથી ૨૮૩ રન બનાવ્યા છે, જેમાં બે અડધી સદી સામેલ છે. એકંદરે આ સિઝનમાં ૩૯ વર્ષીય રોહિત શર્માનું પ્રદર્શન અપેક્ષા મુજબનું રહ્યું નથી.

## આઈપીએલના ઇતિહાસમાં સૌથી વધુ વખત ડક આઉટ થનારા બેટ્સમેન

રોહિત શર્મા - ૧૯ વખત
ગ્લેન મેક્સવેલ - ૧૯ વખત
દિનેશ કાર્તિક - ૧૮ વખત
સુનિલ નરેન - ૧૮ વખત
પીયૂષ ચાવલા - ૧૬ વખત
રાશિદ ખાન - ૧૬ વખત

# યુવરાજ સિંહે 3 આઈપીએલ ખેલાડીઓને ચપ્પલ મારવાનું કહ્યું

*(એજન્સી દ્વારા) મુંબઈ : આઈપીએલ ૨૦૨૬ના પ્લેઓફની લાઈન-અપ તો નક્કી થઈ ચૂકી છે. પરંતુ આ વચ્ચે યુવરાજ સિંહ અલગ જ મુડમાં જોવા મળી રહ્યા છે. આઈપીએલના ૩ ખેલાડીઓ પર ગુસ્સે થયો છે. તેને ચપ્પલ મારવાની વાત કરી છે. મહત્વની વાત એ છે કે, યુવરાજ સિંહે એ ખેલાડીઓને ચપ્પલ મારવાની વાત ખુલ્લેઆમ સોશિયલ મીડિયા પર કરી છે.*



*યુવરાજ સિંહે જે ૩ ખેલાડીઓ પર રૌફ દેખાડ્યો છે. તેની ટીમ પ્લેઓફમાંથી બહાર થઈ ચૂકી છે. તેમાંથી એક તેનો શિષ્ય અને બાકી ૨ ટ્રેનિંગ લીધી તો નથી પરંતુ તેનું યુવરાજ સિંહ સાથે પંજાબ વાળું કનેક્શન જરુર છે. યુવરાજ સિંહે પ્રિયાંશ આર્યા, અર્શદીપ સિંહ અને હરપ્રીત બ્રારને ચપ્પલ મારવાની વાત કરી છે.*

# આઈપીએલ-૨૦૨૬ પ્લેઓફનું ચિત્ર સાફ

(એજન્સી દ્વારા)

મુંબઈ : આઈપીએલ-૨૦૨૬માં પ્લેઓફની તસવીર સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગઈ છે. રવિવારે ૨૪ મેના રોજ રમાયેલા આખરી લીગ મુકાબલામાં રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૩૦ રને પરાજય આપીને ૧૬ પોઈન્ટ સાથે પ્લેઓફમાં પહોંચનારી ચોથી ટીમ બની છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં રાજસ્થાને મુંબઈ સામે ૨૦૬ રન ફટકાર્યા હતા, જેની સામે મુંબઈની ટીમ ૯ વિકેટે માત્ર ૧૭૫ રન જ કરી શકી છે. રાજસ્થાનની આ જીત સાથે જ પંજાબ કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે.પોઈન્ટ ટેબલની વાત કરીએ તો, ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ, ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ પહેલાથી જ પ્લેઓફમાં એન્ટ્રી મેળવી લીધી છે. પોઈન્ટ ટેબલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ પ્રથમ સ્થાને, ગુજરાત ટાઈટન્સ બીજા સ્થાને અને સનરાઈઝર્સ હૈદરાબાદ ત્રીજા સ્થાને રહ્યું છે, જ્યારે રાજસ્થાન રોયલ્સ ચોથા ક્રમે રહ્યું છે.હવે આઈપીએલ-૨૦૨૬માં ક્વોલિફાયર-૧ નો મુકાબલો ૨૬ મે મંગળવારના રોજ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાશે. આ મેચની વિજેતા ટીમ સીધી ફાઈનલમાં પહોંચશે, જ્યારે હારનારી ટીમને ક્વોલિફાયર-૨માં રમવાની વધુ એક તક મળશે. આ સિવાય સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે એલિમિનેટર મેચ રમાશે, જેમાં જીતનારી ટીમને ક્વોલિફાયર-૨ માં રમવાની તક મળશે. ત્યારબાદ ક્વોલિફાયર-૨ની વિજેતા ટીમનો સામનો ફાઈનલમાં ક્વોલિફાયર-૧ ની વિજેતા ટીમ સાથે થશે.

# એક બોલ ફેંકવાના ૨ કરોડ ૨૫ લાખ? આ મોંઘા બોલરે ફ્રેન્ચાઈઝીના હોશ ઉડાવી દીધા

(એજન્સી દ્વારા)

મુંબઈ : ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૯મી સીઝનમાં એવા ઘણા વિદેશી ખેલાડીઓ રહ્યા કે, જેઓ શરૂઆતની મેચોમાં પોતાના સ્ક્વોડ (ટીમ) સાથે જોડાઈ શક્યા નહોતા. જો કે, સીઝનની વચ્ચે ટીમનો હિસ્સો બન્યા હતા. આમાં એક નામ કોલકાતા નાઈટ રાઈડર્સના સ્ક્વોડમાં જોડાયેલ શ્રીલંકન ફાસ્ટ બોલર મથીશા પથિરાનાનું છે, જે ઈજામાંથી સાજા થવાના કારણે પ્રથમ ફેઝ દરમિયાન એકપણ મેચ રમી શક્યો નહોતો.

આ પછી, પથિરાના સંપૂર્ણપણે ફિટ થઈને કેકેઆરના સ્ક્વોડમાં જોડાયો હતો. એવામાં બધાને આશા હતી કે, તે સીઝનના અંત સુધી ટીમ સાથે રહેશે પરંતુ લીગ સ્ટેજની છેલ્લી મેચ પહેલા જ પથિરાના આઈપીએલ ૨૦૨૬ માંથી સંપૂર્ણપણે બહાર થઈ ગયો અને કેકેઆર એ તેની જગ્યાએ રિપ્લેસમેન્ટ ખેલાડીના નામની પણ જાહેરાત કરી દીધી છે.



આઈપીએલ ૨૦૨૬ સીઝનને લઈને ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં યોજાયેલા પ્લેયર ઓક્શનમાં કોલકાતા નાઈટ રાઈડર્સે મથીશા પથિરાનાને પોતાની ટીમમાં જોડવા માટે પર્સમાંથી ૧૮ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. કેકેઆરને તે સમયે આશા હતી કે, પથિરાના આ સીઝનમાં બોલિંગમાં મહત્વની ભૂમિકા ભજવશે પરંતુ એવું બિલકુલ જોવા મળ્યું નહીં અને તેણે ફ્રેન્ચાઈઝીને મોટું નુકસાન પહોંચાડ્યું છે.

મથીશા પથિરાનાને આ સીઝનમાં કેકેઆર તરફથી માત્ર એક જ મેચ રમવાની તક મળી, જેમાં તેણે ૧૬ મેના રોજ ગુજરાત ટાઈટન્સ સામે મેચ રમી હતી. આ મેચમાં તેણે માત્ર ૮ બોલ ફેંક્યા હતા અને હેમસ્ટ્રિંગની (સ્નાયુ ખેંચાવાની) સમસ્યાના કારણે તે પાછો પેવેલિયન ભેગો થઈ ગયો હતો. હવે પથિરાના આ સીઝનમાંથી બહાર થઈ ગયો છે, તેવામાં આઈપીએલ ૨૦૨૬ માં તેના એક બોલની કિંમત જોવામાં આવે તો તે કોલકાતા નાઈટ રાઈડર્સને ૨ કરોડ ૨૫ લાખ રૂપિયામાં પડી છે.

# આઈપીએલમાં નસીબ ચમકાવતા ટીમ ઈન્ડિયામાં કરશે ડેબ્યુ

(એજન્સી દ્વારા)

લખનઉ : લખનૌ સુપરજાયન્ટ્સના ફાસ્ટ બોલર પ્રિન્સ યાદવે ૨૦૨૬માં ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પોતાના શાનદાર બોલિંગ પ્રદર્શનનું ફળ મેળવ્યું છે. તેને ૨૦૨૬માં અફઘાનિસ્તાન સામે રમાનાર ઈન્ડિયન પ્રીમિયર લીગ માટે ભારતની ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે. પ્રિન્સ યાદવનો જન્મ ૧૨ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ થયો છે. તે એક ભારતીય ક્રિકેટર છે, જે જમણા હાથના ફાસ્ટ-મીડિયમ બોલર તરીકે રમે છે. તે ઘરેલુ ક્રિકેટમાં દિલ્હી અને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં લખનૌ સુપર જાયન્ટ્સ માટે રમે છે.

પ્રિન્સ યાદવનો જન્મ ૧૦ જૂન ૧૯૯૬ ના રોજ દિલ્હીભારતમાં થયો હતો. હવે તમે વિચારતા હશો કે,પ્રિન્સ યાદવની જન્મતારીખ તો ૧૨ ડિસેમ્બર ૨૦૦૧ છે પરંતુ આ તેની ખોટી જન્મતારીખ છે. સાચી જન્મતારીખ ૧૦ જૂન ૧૯૯૬ છે. રમતગમતને પ્રોત્સાહન આપતા પરિવારમાં ઉછરેલા, તેમણે નાની ઉંમરે ક્રિકેટ રમવાનું શરૂ કર્યું અને ૧૨ વર્ષની ઉંમરે ફાસ્ટ બોલિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સ્થાનિક ક્રિકેટ એકેડેમીમાં પ્રવેશ મેળવ્યો હતો. ડિસેમ્બર ૨૦૧૯માં, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે યાદવને ઉંમરમાં છેડછાડના દોષી ઠેરવ્યા બાદ બે સીઝન માટે સ્થાનિક ક્રિકેટમાંથી પ્રતિબંધિત કર્યો. યાદવે જન્મ પ્રમાણપત્ર રજૂ કર્યું હતું જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમનો જન્મ ૧૨ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ થયો હતો.

જોકે, ફરિયાદની તપાસ કર્યા પછી, બીસીસીઆઈએ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સાથે તેમના રેકોર્ડની ક્રોસ-ચેકિંગ કરી, જેણે પુષ્ટિ આપી કે તેમણે ૨૦૧૨માં તેમની ધોરણ ૧૦ની પરીક્ષા પાસ કરી હતી અને તેમની સાચી જન્મ તારીખ ૧૦ જૂન ૧૯૯૬ છે. પ્રિન્સ યાદવે દિલ્હીની જુનિયર ક્રિકેટમાં પ્રગતિ કરી ૨૦૧૮માં દિલ્હી અંડર-૧૯ ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતુ.




# કોહલી સાથે માથાકૂટ બાદ ટ્રેવિસ હેડના પરિવારને અપશબ્દો બોલાયા, પત્નિ જેસિકાનું દર્દ છલકાયું

(એજન્સી દ્વારા)

મુંબઈ : આઈપીએલ ૨૦૨૬માં ૨૨ મેના શુક્રવારે સનરાઈઝર્સ હૈદરાબાદ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે એક હાઈવોલ્ટેજ મેચ રમાઈ હતી. આ રોમાંચક મુકાબલામાં માત્ર ચોગ્ગા-છગ્ગાનો જ વરસાદ નહોતો થયો, પરંતુ મેદાન પર ભારે તણાવ પણ જોવા મળ્યો હતો. મેચ દરમિયાન વિરાટ કોહલી અને ઓસ્ટ્રેલિયન બેટ્સમેન ટ્રેવિસ હેડ વચ્ચે તીખી નોકઝોક થઈ હતી. જેની આડઅસર હવે સોશિયલ મીડિયા પર દેખાઈ રહી છે, જ્યાં ટ્રેવિસ હેડની પત્ની જેસિકા હેડને વિરાટ કોહલીના ફેન્સની અભદ્ર ટ્રોલિંગનો સામનો કરવો પડી રહ્યો છે.

આ મેચમાં આરસીબીની ટીમ ૨૫૬ રનના વિશાળ ટાર્ગેટનો પીછો કરી રહી હતી અને વિરાટ કોહલી બેટિંગ કરી રહ્યો હતો. આ દરમિયાન હૈદરાબાદના ફિલ્ડર ટ્રેવિસ હેડે કોહલીને વધુ આક્રમક બેટિંગ કરવા માટે કહ્યું હતું. હેડની આ વાત પર વળતો જવાબ આપતા કોહલીએ તેને પડકાર ફેંક્યો કે, જો એટલો જ દમ હોય તો તે પોતે આવીને બોલિંગ કરી બતાવે.



જોકે, આ ઘટનાના થોડા જ સમય બાદ વિરાટ કોહલી આઉટ થઈ ગયો હતો. કોહલી આઉટ થતાં જ ટ્રેવિસ હેડે તેની તરફ જોઈને કંઈક ટિપ્પણી કરી હતી, જેના કારણે કોહલી ભારે નારાજ થઈ ગયો હતો.

# નલિયામાં બારદાનના અભાવે ૮ દિવસથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી બંધ

**ખેડૂતો ટ્રેક્ટરમાં માલ લઈને આવે પણ ખરીદી બંધ હોવાથી માલ ખુલ્લામાં રાખવો પડે તેવી સ્થિતિ : મુદત વીતી જાય તો ઓછા ભાવે ઘઉં વેચવા પડે તેવી સ્થિતિ: સરકારનો હેતુ સારો પણ ગુણી જેવી પાયાની વસ્તુના અભાવે ખેડૂતોને હેરાન કરવા કેટલા વ્યાજબી : તાલુકા પંચાયતના સદસ્યે કલેકટરમાં કરી રજૂઆત**

નલિયા - કચ્છઉદય : કચ્છમાં અબડાસા તાલુકામાં સૌથી વધારે ઘઉંનું ઉત્પાદન થાય છે, ત્યારે નલિયામાં આવેલા ગોડાઉન ખાતે છેલ્લા ૮ દિવસથી ઘઉંની સરકારી ખરીદી બારદાનના અભાવે બંધ થતા ખેડૂતો પરેશાન બન્યા છે. આ બાબતે તાલુકા પંચાયત સભ્ય તોઝિફ સંઘાર દ્વારા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે, જેમાં જણાવ્યા પ્રમાણે તાલુકાના તમામ ખેડૂતો માટે સરકાર દ્વારા રવિ માર્કેટિંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ઘઉંની સીધી ખરીદી પ્રક્રિયા ચાલી રહી છે. જે અંતર્ગત નલિયા ગોડાઉન ખાતે ખરીદી કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ બારદાન (ગુણીઓ) ઉપલબ્ધ ન હોવાના કારણે નલિયા ગોડાઉન ખાતે છેલ્લા આઠ દિવસથી ઘઉંની ખરીદી સંપૂર્ણપણે બંધ




કરી દેવામાં આવી છે. તંત્ર દ્વારા આ અંગેની નોટિસ પણ બોર્ડ પર લગાડી દેવાઈ છે.ખરીદી બંધ હોવાને કારણે સ્થાનિક ખેડૂતોને નીચે ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક ખેડૂતો પોતાના વાહનોમાં ઘઉં ભરીને કેન્દ્ર પર આવ્યા બાદ ખરીદી બંધ હોવાથી ભારે આર્થિક નુકસાન અને માનસિક પરેશાની ભોગવી રહ્યા છે. હાલ ઉનાળાની સિઝન અને અણધાર્યા હવામાન પલટાના ભય વચ્ચે ખુલ્લામાં અથવા ટ્રેક્ટરોમાં રાખેલો માલ બગડી જવાની ભીતિ સેવાઈ રહી છે. સરકારી ખરીદીની સમય મર્યાદા મર્યાદિત હોય છે. જો આ રીતે દિવસો સુધી ખરીદી બંધ રહેશે. તો ઘણા નોંધાયેલા ખેડૂતો ટેકાના ભાવથી વંચિત રહી જશે અને તેમને નાછૂટકે ખુલ્લા બજારમાં નીચા ભાવે માલ વેચવો પડશે. સરકારનો ઉદ્દેશ્ય ખેડૂતોને પૂરતા ભાવ આપવાનો છે, પરંતુ માત્ર બારદાન જેવી પ્રાથમિક ચીજવસ્તુની અછતને કારણે ખરીદી ૮ દિવસ સુધી અટકી પડે તે યોગ્ય નથી. ગોડાઉન ખાતે પૂરતી સંખ્યામાં બારદાન ઉપલબ્ધ કરાવવા આદેશ કરાય જેથી ખરીદી પ્રક્રિયા પુનઃ શરૂ થઈ શકે અને જગતના તાતને ન્યાય મળે તેવી માંગ સુથરીના સભ્ય દ્વારા કરાઈ છે.

# કચ્છની ચાયનાક્લે ખનીજ સંપત્તિ પર પ્રથમ પીએચડી જયમિત સોલંકીએ કરી



**કચ્છના ચાયનાક્લે (કાઓલિન) અને સિલિકા સેન્ડના ઉદ્યોગ સાથે સંકળાયેલા પરિવારની ત્રીજી પેઢી દ્વારા મૂલ્યવર્ધન માટે નોંધપાત્ર વૈજ્ઞાનિક સંશોધન સાથે પીએચડી પૂર્ણ**

ભુજ - કચ્છઉદય : કચ્છ અનેક પ્રકારની અમૂલ્ય ખનીજ સંપત્તિ ધરાવતો પ્રદેશ છે, જેમાં એવા ખનીજો પણ સામેલ છે જે દેશના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આવા જ મહત્વ પૂર્ણ ખનીજોમાંનું એક છે કેઓલિન ક્લે જેને ચાયનાક્લે તરીકે પણ ઓળખવામાં આવે છે. વિશિષ્ટ માટી વિવિધ ઔદ્યોગિક ઉત્પાદનોમાં ઉપયોગી હોવાથી તેનું ઔદ્યોગિક અને આર્થિક મહત્વ વિશેષ છે.

મૂળ માધાપરના અને વર્ષ ૧૯૭૭માં કચ્છમાં કેઓલિન / ચાયનાક્લે ઉદ્યોગની શરૂઆત કરનાર સ્વ. પુરૂષોત્તમ ડાયાભાઈ સોલંકીના પૌત્ર તથા ડૉ. મનોજભાઈ સોલંકીના પુત્ર જયમિત સોલંકીએ કચ્છની અમૂલ્ય ખનીજ સંપત્તિ ગણાતી ચાયનાક્લે ઉપર વ્યાપક અને વૈજ્ઞાનિક આધારિત સંશોધન કાર્ય પૂર્ણ કર્યું છે.જયમિત સોલંકીએ લાલન કોલેજમાંથી બીએસસી તથા કચ્છ યુનિ. માંથી એમ.એસસી પૂર્ણ કર્યા બાદ ત્યાંથી જ કેઓલિન / ચાયનાક્લે વિષય ઉપર પીએચડી પૂર્ણ કરી છે. સંશોધન દરમિયાન તેમના માર્ગદર્શક તરીકે જિયોસાયન્સ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ગૌરવ ચૌહાણ તથા સહમાર્ગદર્શક તરીકે જીએસઆઈના સિનિયર સાયન્ટિસ્ટ ડો. મંજરી પાઠક એ મહત્વપૂર્ણ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

કચ્છમાં ચાયનાક્લે / કાઓલિનનું ઉત્ખનન મોટા પાયે થઈ રહ્યું છે. આ વિષય ઉપર થયેલું આ સંશોધન કચ્છ તેમજ ખનીજ ઉદ્યોગ માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. ડૉ. જયમિત સોલંકીએ પોતાના સંશોધનમાં કચ્છના વિવિધ વિસ્તારોમાં મળતી ચાયનાક્લેની વિવિધતાઓનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરી તેના ગુણધર્મો અને ઔદ્યોગિક ઉપયોગોને પ્રમાણિત કર્યા છે. સંશોધન દ્વારા ચાયના ક્લેના સિરામિક, રબર, પેપર, પેઈન્ટ સહિતના વિવિધ ઉદ્યોગોમાં વધુ વૈજ્ઞાનિક આધાર પ્રાપ્ત થશે. ભવિષ્યમાં આ અભ્યાસ ખનીજ આધારિત ઉદ્યોગો, સંશોધકો તથા વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ માર્ગદર્શક સાબિત થશે.

ચાયના ક્લેના ઉત્ખનન દરમિયાન વર્ષોથી વેસ્ટ તરીકે નીકળતી સિલિકા સેન્ડ ઉપર પણ ડૉ. જયમિત સોલંકીએ મહત્વપૂર્ણ સંશોધન કર્યું છે. તેમના પિતા ડૉ. મનોજ સોલંકીએ માઈનિંગમાંથી નીકળતા વેસ્ટ રિસોર્સના મૂલ્યવર્ધન માટે પ્રથમ વખત પ્રયત્નો હાથ ધર્યા હતા અને સિલિકા સેન્ડની ઉપયોગિતા શોધવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. જેના પરિણામે કચ્છમાં ચાયનાક્લે ઉદ્યોગ સાથે રોજગારી અને ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળી છે. ડૉ. જયમિત સોલંકીના અભ્યાસ દ્વારા સિલિકા સેન્ડનું મૂલ્યવર્ધન કરી તેને વધુ ઉપયોગી બનાવવાના ઉપાયો રજૂ કરવામાં આવ્યા છે. ખાસ કરીને જ્યારે ભારત સૂર્ય ઊર્જા ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે ત્યારે તેમણે કચ્છની સિલિકા સેન્ડને સોલર ગ્લાસ ઉત્પાદનમાં ઉપયોગી હોવાનું વૈજ્ઞાનિક રીતે સાબિત કર્યું છે.

દેશના ગ્રીન એનર્જી તથા "મેક ઈન ઈન્ડિયા" અભિયાન માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

સંશોધન સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહન પટેલ તથા રજીસ્ટર ડો. અનિલ ગોરે શુભેચ્છાઓ પાઠવી હતી. ડૉ. જયમિત સોલંકીના સંશોધન કાર્યને કચ્છ તેમજ દેશ માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ ગણાવી હતી.

ડૉ. મોહન પટેલે જણાવ્યું હતું કે, ડૉ. ગૌરવ ચૌહાણના માર્ગદર્શન હેઠળ ડૉ. જયમિત સોલંકીએ કરેલું પીએચડી સંશોધન કચ્છ માટે પ્રથમ અને અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. આ સંશોધનથી ખનીજોની ઉપયોગિતા વધશે, ખનીજ નુકસાન અટકશે તથા પર્યાવરણ સંરક્ષણને પણ પ્રોત્સાહન મળશે. ખનીજ ઉત્ખનન દરમિયાન ઉપલબ્ધ તમામ સંસાધનોનો સંપૂર્ણ ઉપયોગ થાય તો વેસ્ટેજ અને પર્યાવરણને થતું નુકસાન બંનેમાં નોંધપાત્ર ઘટાડો શક્ય બનશે.

# મુંબઈ અને કચ્છને જોડતી ટ્રેન સેવાને અનુરૂપ એસ.ટી. સેવા ગોઠવાય તે જરૂરી

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા સાથે વ્યાપક અને મહત્વપૂર્ણ વેપાર-વ્યવહાર ધરાવતા દેશના આર્થિક પાટનગર મુંબઈ અને કચ્છને જોડતી ટ્રેન સેવાઓને અનુરૂપ એસ.ટી. બસોની વ્યવસ્થા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો માટે ગોઠવવામાં આવે તે સમયની માંગ બની છે. આ અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી એસ. ટી. નિગમ તથા અન્ય સક્ષમ સત્તાધીશો સમક્ષ રજૂ કરવામાં આવી છે.

મુંબઈ સાથે કચ્છનો સંબંધ અને વ્યવહાર વર્ષોથી ગાઢ રહ્યો છે. ખાસ કરીને અબડાસા, કંઠીપટ્ટી અને વાગડ પંથક સહિત કચ્છના વિવિધ વિસ્તારોના લોકોની મુંબઈ સાથે દૈનિક અવરજવર મોટી સંખ્યામાં રહે છે. હાલમાં કચ્છ-મુંબઈ વચ્ચે વધુ ટ્રેનો શરૂ થતાં રેલવે વ્યવહાર વધુ સરળ અને સુગમ બન્યો છે. આવી સ્થિતિમાં જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોને આવરી લેતી એસ.ટી. સેવાઓ ટ્રેનના સમયને અનુરૂપ ગોઠવવામાં આવે તો મુસાફરોને મોટો લાભ મળી શકે તેમ છે. મુંબઈ સ્થિત કચ્છી અગ્રણી તેમજ મૂળ નેત્રા ગામના રહેવાસી અને કચ્છ જળસંચય અભિયાનના કન્વીનર કિશોર ચંદને નેત્રા ગામનો ઉલ્લેખ કરતાં આ લાગણી વ્યક્ત કરી હતી અને એસ.ટી. નિગમ સહિત સંબંધિત સત્તાધીશો સમક્ષ આ મુદ્દો રજૂ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે નેત્રા તથા તેની આસપાસનાં આશરે ૪૨ ગામોમાં ભુજ સુધી જવા-આવવા માટે અનુકૂળ સમયની બસ સેવા ઉપલબ્ધ નથી. વધુમાં પશ્ચિમ કચ્છમાં રેલવે સેવા હજુ સુધી શરૂ ન થતાં મુસાફરોનો કિંમતી સમય બગડે છે. મુંબઈ આવનજાવન કરતા વધુ મુસાફરો ધરાવતા કચ્છના ગામડાંઓને જોડતી એસ.ટી. બસ સેવાઓ ટ્રેનના સમયને અનુરૂપ ગોઠવવામાં આવે તો તે વધુ લાભદાયી સાબિત થઈ શકે છે.

આથી મુસાફરોની સગવડમાં વધારો થશે અને ખાનગી વાહનોના વધારાના ભાડાના ખર્ચમાંથી પણ રાહત મળશે, એમ તેમણે ઉમેર્યું હતું. સાથે જ માતાનામઢ અને નારાયણ સરોવર તરફથી આવતી-જતી કેટલીક બસોના રૂટને ટોડિયા ફાટક મારફતે નેત્રા વિસ્તાર સુધી વિસ્તૃત કરવામાં આવે તેવી સૂચના પણ તેમણે આપી હતી.

# ભુજ શહેર ભાજપ લઘુમતી મોરચા દ્વારા પાલિકાના હોદ્દેદારોનું સન્માન કર્યું



ભુજ - કચ્છઉદય : શહેર ભાજપ લઘુમતી મોરચા દ્વારા પાલિકામાં નવનિયુક્ત પ્રમુખ શીતલભાઈ શાહ, કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવી, શાસક પક્ષના નેતા ધર્મેશભાઈ ગોરનું સન્માન પત્ર અને ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ વેળાએ મોરચાના પ્રમુખ સલીમભાઈ મોગલે શીતલભાઈનું સન્માન કરેલ હતું. કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવીનું સન્માન મહામંત્રી ઈમરાનભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યુ હતું.

શાસક પક્ષના નેતા ધર્મેશભાઈ ગોરનું સન્માન મહામંત્રી હૈદરભાઈ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં તમામ હોદેદારોનું સન્માન પણ લઘુમતી મોરચાના હોદેદારો રફીકબાવા, આકિબ સમા, જાવેદ સમા, અમીનભાઈ મોગલ, ઈમરાન મણિયાર, અલ્તાફભાઈ, રઝાકભાઈ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ રફીક બાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઝડપથી વિકસતા ભુજમાં તાકીદે સિટી બસ શરૂ કરવી અનિવાર્ય

**સિનિયર સિટીઝન, વિદ્યાર્થીઓ અને મહિલાઓને હાલાકી: વોકવે ખાતે મળેલી બેઠકમાં પણ તાકીદે સિટી બસ શરૂ કરવા સૂર ઉઠ્યો : સરકારે ગ્રાન્ટ પણ ફાળવી છે, પરંતુ સંચાલનની ઈચ્છા શક્તિના અભાવે પ્રોજેક્ટ અભેરાઈએ ચડ્યો**




ભુજ - કચ્છઉદય : સંઘર્ષ સમિતિની બેઠકમાં સીટી બસનો પ્રશ્ન ભુજની જરૂરિયાતનો સૌથી જરૂરી પ્રશ્ન હોવાનો સૂર વ્યક્ત કરી જેમ બને તેમ જલ્દી ભુજમાં સીટી બસ શરૂ થાય એવી લાગણી વ્યક્ત કરાઈ હતી. મીટીંગમાં ભુપેન્દ્રભાઈ મહેતા અને નેહલભાઈ વૈદ્ય તથા અન્ય અગ્રણીઓ અને જાગૃત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે સર્વોત્તમ ભુજ મિત્ર મંડળ ભુજને કેવી રીતે વધારે સર્વોત્તમ બનાવાય તે માટે કાર્ય કરી રહ્યું છે. ગુજરાતના ઘણા બધા નગરો અને મહાનગરોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટની ખૂબ જ સારી વ્યવસ્થા છે. એવી જ રીતે ભુજમાં પણ શરૂ થવી ખૂબ જ જરૂરી છે કારણ કે, ધરતીકંપ પછી ભુજ ઘણું વિકસી ગયું છે અને હજુ પણ વિકસી રહ્યુ છે. રીલોકેશન સાઈટો અને અનેક જુદી જુદી નવી કોલોની, નવા વિસ્તારમાં દરેક દિશામાં બની રહી છે ત્યારે ભુજને કનેક્ટીવીટીનો મુખ્ય પ્રશ્ન છે. ભુજની ગૃહિણીઓ, વિદ્યાર્થીઓને અને સિનિયર સિટીઝન લોકોને સીટી બસ વગર આવજાવ કરવામાં તકલીફ પડી રહી છે. તેવામાં વળી હાલમાં પેટ્રોલ અને ડીઝલની ખૂબ જ તકલીફ વધી જવાના સંજોગો ઊભા થઈ રહ્યા છે, ત્યારે સીટી બસ શરૂ થવીએ ખૂબ જ જરૂરી છે. સીટી બસ અંગે વિવિધ સત્તાવાળાઓને થોડા જ દિવસમાં રજૂઆત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમને જણાવ્યું કે સીટી બસનો પ્રશ્ન એ કોઈ એક નાગરિકનો કે સંસ્થાનો નથી એટલે બધાએ તેના માટે જે માધ્યમથી શક્ય બને તે રીતે અવાજ ઉઠાવવો જોઈએ. ઉલ્લેખનીય છે તે હવે જ્યારે સોલાર પેનલથી ચાલતા વાહનો સોશિયલ મીડિયામાં જોવા મળે છે ત્યારે સોલાર પેનલથી ચાલતી ઈલેક્ટ્રીક સીટી બસ જો ભુજ માટે શરૂ થાય તો અનેક પ્રશ્નો ઉકેલાઈ જાય.

# ખાનગી ફાઇનાન્સ કંપનીમાંથી લોન લઈ બાઈક ખરીદનાર અંજારના ગ્રાહકને કડવો અનુભવ

**હપ્તાનો ચેક બાઉન્સ થતાં ખાનગી કંપનીના પ્રતિનિધિઓ નોટિસ વગર રસ્તાની વચ્ચે ધાકધમકી કરી બાઈક લઈ ગયાની પોલીસમાં રજુઆત**

અંજાર - કચ્છઉદય : બજાજ ફાઈનાન્સમાંથી લોન લઈ બાઈક ખરીદનાર અંજારના અલ્તાફ અબ્દુલ કુરેશીને કડવો અનુભવ થયો હોવાની ફરિયાદ સામે આવી છે. તેમના જણાવ્યા પ્રમાણે ફાઈનાન્સ કંપનીની મદદથી બાઈક ખરીદી હતી અને તેના બે હપ્તા પણ ભર્યા હતા અને આ પછી કોઈ કારણોસર તેમનો ચેક બાઉન્સ થયો હતો. એટલે તેમના હપ્તા ખાતામાંથી કપાયા નહોતા. આ પછી તેઓ કંપનીની બે ત્રણ બ્રાન્ચમાં રૂબરૂ જઈ અને ધક્કા ખાઈ આવ્યા. પરંતુ તેમને કોઈ પ્રતિસાદ અને માર્ગદર્શન મળ્યા નહીં કે નોટિસ પણ આપી નહીં અને આ પછી તેઓ બે દિવસ પહેલાં સાંજના સમયે પત્નિ સાથે ખરીદી કરવા ૧૨ મીટર રોડ ઉપર નીકળ્યા ત્યારે અચાનક ત્રણ વ્યક્તિ આવ્યા પોતાનું આઈ કાર્ડ કે ઓળખાણ બતાવ્યા વગર રસ્તા વચ્ચે ધાકધમકી કરી બાઈક લઈ ગયા હતા.

સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં આવી ગઈ હશે. આ બાબતે એસપીને રજુઆત કરી તપાસની માંગ કરવામાં આવી હતી.

# ગુરુદેવ રવિશંકરજીના ૭૦મા જન્મદિને બે કચ્છીઓને અનસંગ એવરીડે હીરોઝ એવોર્ડ એનાયત


ભુજ - કચ્છઉદય : ધી આર્ટ ઓફ લિવિંગ બેંગ્લોર દ્વારા પૂજ્ય ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના ૭૦મા જન્મદિનની વિશેષ ઉજવણીના ભાગરૂપે ગાંધીધામ-આદિપુર મધ્યે એક ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલ પ્રસંગે કચ્છ જિલ્લાના બે અગ્રણી મહાનુભાવોને તેમની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ પ્રતિષ્ઠિત 'અનસંગ એવરીડે હીરોઝ એવોર્ડ' એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં સમાજસેવા ક્ષેત્રે અવિરત કાર્યરત ભુજની માનવજ્યોત સંસ્થાના પ્રબોધ મુનવર તથા રમતગમત (સ્પોર્ટસ) ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપનારા હીરલબા ચૌહાણની ગૌરવભેર પસંદગી કરવામાં આવી હતી.

આ એવોર્ડ પ્રક્રિયા માટે સમગ્ર કચ્છ જિલ્લામાંથી કુલ ૨૩ જેટલા નામાંકનો (નોમિનેશન) પ્રાપ્ત થયા હતા. આ તમામ નામો ધી આર્ટ ઓફ લિવિંગના બેંગ્લોર સ્થિત મુખ્ય કેન્દ્ર ખાતે મોકલવામાં આવ્યા હતા, જ્યાં ઘનિષ્ઠ ચકાસણીના અંતે આ બે વિશિષ્ટ પ્રતિભાઓના નામો પર આખરી મહોર મારવામાં આવી હતી. આદિપુરના હેમુ કાલાણી નગર સ્થિત એસ.આર.સી. સત્સંગ હોલ ખાતે ભક્તજનોની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં ગુરુદેવ રવિશંકરજીના દિવ્ય આશીર્વાદ સાથે આ પુરસ્કારો એનાયત કરાયા હતા.

આ પ્રસંગે ભાવિક મિત્રી અને સાથીદારોએ સુંદર ભજન, કીર્તન અને સત્સંગની રમઝટ બોલાવીને સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. એવોર્ડ સ્વીકાર્યા બાદ પ્રબોધ મુનવરે સંસ્થાનો આભાર માનતા કચ્છભરમાં માનવજ્યોત સંસ્થા દ્વારા ચાલતી માનવસેવાની વિવિધ પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી હતી અને આ સન્માનને સેવાકાર્યો માટે વધુ ઊર્જા આપનારું ગણાવ્યું હતું. રમતગમત ક્ષેત્રે સન્માનિત થયેલા હીરલબા ચૌહાણે પણ આ ગૌરવપૂર્ણ એવોર્ડ બદલ હર્ષની લાગણી સાથે સંસ્થા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા માટે દીપકભાઈ ગુપ્તા, નરેન્દ્રભાઈ કચ્છી, અશોકભાઈ પરીખ અને શિક્ષક માઝાભાઈ આહીર સહિતની આર્ટ ઓફ લિવિંગની સમગ્ર ટીમે વ્યવસ્થા સંભાળી હતી.

# ભુજની ધરતી પર ભારતનું સૌથી મોટું "એશિયાડ સર્કસ" ધૂમધડાકા સાથે શરૂ થયું








ભુજ - કચ્છઉદય : કચ્છના પાટનગર ભુજ ખાતે પ્રથમ વખત ભારતનું આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત "એશિયાડ સર્કસ" નો ભવ્ય પ્રારંભ મીરજાપર રોડ પર આવેલ સેન્ડલવુડ ગ્રાઉન્ડ ખાતે થયો હતો. ભુજ વિભાગના ધારાસભ્ય કેશુભાઈ પટેલ તથા ભુજ નગર સેવા સદનના પ્રમુખ શીતલભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે તેમના હસ્તે સર્કસનું દ્ઘદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભુજ પ્રાંત અધિકારી અનિલ જાદવને આવકારવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ભુજ નગરપાલીકાના કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવી, ભુજ સુધરાઈના દંડક ધર્મેશભાઈ ગોર, ભુજ શહેર ભાજપના પ્રમુખ મીતભાઈ ઠક્કર, ભુજ સુધરાઈના કાઉન્સિલર ક્રિષ્નાબા જાડેજા તેમજ સુધરાઈના વિરોધ પક્ષના કિશોરદાન ગઢવી, ભુજ નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર તથા જૈન સમાજના આગેવાન ધીરેનભાઈ લાલન, લાયન્સ હોસ્પિટલના ભરતભાઈ મહેતા, અભયભાઈ શાહ, ભાજપના અગ્રણી નરોત્તમભાઈ પોકાર, ભુજના અગ્રણી ઝવેરીલાલ સોનેજી, રસિકભાઈ મકવાણા, લોકસભા સાર્વજનિક ટ્રસ્ટના હેમેન્દ્રભાઈ જણસારી, પૂર્વ નગર સેવક અલ્પેશભાઈ પટેલ તેમજ સત્યમના અધ્યક્ષ દર્શકભાઈ અંતાણી, એક્ર કાર્તિક અંતાણી, શિવાંગભાઈ અંતાણી,રામુબેન પટેલ વગેરે આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સર્કસના મેનેજર દીપરાજે મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત અને સન્માન કર્યું હતું. પ્રથમ શોમાં શહેરના વકીલો, ડોક્ટરો, પત્રકારો તેમજ વિવિધ સામાજિક આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આધુનિક લેઝર લાઈટ, વીજ ઉપકરણો, સુશોભિત તંબુઓ અને હાઈફાઈ સ્ટીરિયો સાઉન્ડ સિસ્ટમ સાથે સજ્જ આ સર્કસે પ્રથમ જ દિવસે ભુજ શહેરના લોકોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.

વેકેશનના માહોલ વચ્ચે બાળકોથી લઈને મોટેરાઓ સુધી સૌએ ઉત્સાહભેર સર્કસનો આનંદ માણ્યો હતો. સર્કસમાં દેશ-વિદેશના કલાકારો દ્વારા રજૂ કરાયેલા દિલ ધડકાવી દેતા કરતબો, રોમાંચક સ્ટંટ, ઝુલાના ખેલ તથા સાયકલના અદ્ભુત પ્રયોગોએ પ્રેક્ષકોને તાળીઓ વગાડવા મજબૂર કરી દીધા હતા. વિદેશી કલાકારોની એક પછી એક રજૂઆતથી લોકો મંત્રમુગ્ધ બની ગયા હતા. આ ઉપરાંત નાના જોકરોની રમૂજી મસ્તીએ બાળકોને હસાવીને લોટપોટ કરી દીધા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ચમક-ધમક, સંગીત અને મનોરંજનનો અનોખો માહોલ સર્જાયો હતો. એશિયાડ સર્કસ વિશ્વસ્તરે પ્રસિદ્ધ સર્કસ તરીકે ઓળખાય છે અને તેના નવીન પ્રયોગોને દેશ-વિદેશના પત્રકારો, મહાનુભાવો અને પ્રેક્ષકો દ્વારા મુક્ત કંઠે વખાણવામાં આવ્યા છે. ભુજ શહેરમાં પ્રથમવાર આવેલા આ સર્કસને પ્રથમ જ દિવસે ભારે પ્રતિસાદ મળ્યો હતો. પ્રથમ દિવસે સાંજે ૭:૩૦ વાગ્યે તથા રાત્રે ૯:૩૦ વાગ્યે બે વિશેષ ખેલ યોજાયા હતા. ત્યારબાદ હવે દરરોજ ત્રણ ખેલ અનુક્રમે સાંજે ૫:૦૦ વાગ્યે, ૭:૩૦ વાગ્યે અને રાત્રે ૯:૩૦ વાગ્યે યોજાશે. આયોજકો દ્વારા ભુજ શહેર તેમજ આસપાસના વિસ્તારોની જનતાને પરિવાર સાથે આવી આ ભવ્ય સર્કસનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કચ્છના પશુપાલકો માટે દૂધના ખરીદ ભાવમાં વધારો જાહેર

ભુજ - કચ્છઉદય : કચ્છના હજારો પશુપાલકો માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. વધતા પશુઆહાર, ઘાસચારો અને જાળવણી ખર્ચ વચ્ચે હવે દૂધના ખરીદ ભાવમાં વધારો જાહેર કરવામાં આવતા ગ્રામ્ય વિસ્તારોમાં ખુશીની લાગણી ફેલાઈ છે. આગામી ૧ જૂન ૨૦૨૬ની સવારથી નવા ભાવ અમલમાં આવશે, જેના કારણે પશુપાલકોને દૂધના વેચાણમાં વધુ આવક મળશે.

નવી જાહેરાત મુજબ દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂા. ૧૦ નો વધારો કરવામાં આવ્યો છે અને હવે નવો ખરીદ ભાવ પ્રતિ કિલો ફેટ રૂા. ૮૭૫ નક્કી કરવામાં આવ્યો છે. ખાસ કરીને ગાયના દૂધમાં પ્રતિ લીટર રૂા. ૪.૫૫ નો વધારો થતાં નાના અને મધ્યમ પશુપાલકોને સીધો લાભ મળશે. ભાવ વધારો થતા ખુશી જોવા મળે છે. ફેટ પ્રમાણે જાહેર કરાયેલા નવા દર મુજબ ભેંસના ૬ ટકા ફેટ દૂધનો ખરીદ ભાવ પ્રતિ લીટર રૂા. ૫૪.૦૫ અને ૭ ટકા ફેટ દૂધનો ભાવ રૂા. ૬૩.૦૬ રહેશે. જ્યારે ગાયના ૩.૫૦ ટકા ફેટ દૂધનો ભાવ પ્રતિ લીટર રૂા. ૩૬.૬૮ અને ૪ ટકા ફેટ દૂધનો ભાવ રૂા. ૩૮.૬૮ નક્કી કરાયો છે. ગાયના દૂધનો નવો ખરીદ ભાવ પ્રતિ કિલો ફેટ રૂા. ૩૮૮.૬૫ જાહેર કરવામાં આવ્યો છે.

કચ્છ જિલ્લામાં ભુજ, મુન્દ્રા, નખત્રાણા, અબડાસા, રાપર અને ભચાઉ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં લોકો પશુપાલન સાથે જોડાયેલા છે. પાણીની અછત અને મોંઘવારી વચ્ચે આ ભાવ વધારો પશુપાલકો માટે "સંજીવની" સમાન માનવામાં આવી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં હવે દૂધ ઉત્પાદન વધારવા માટે પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પશુપાલકોનું કહેવું છે કે છેલ્લા કેટલાક મહિનાથી પશુઆહાર અને ચારા ખર્ચમાં ભારે વધારો થતાં આવક ઘટી રહી હતી, ત્યારે દૂધના ખરીદ ભાવમાં થયેલો વધારો કચ્છના ગ્રામ્ય અર્થતંત્રને નવી મજબૂતી આપશે.

## માધાપરમાં સોલાર અંગે લોકોને માર્ગદર્શન અપાયું



માધાપરમાં સોલાર સેમિનારમાં પીજીવીસીએલના એ.આર. ચૌધરી તથા સોલાર કંપનીમાંથી રઘુવીરસિંહ જાડેજા તથા સુરેશભાઈ રબારી હાજર રહીને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. સોલાર બાબતે ક્યારેય પણ કોઈ પણ માર્ગદર્શન જોઈતું હોય તો સુરેશભાઈ રબારીનો સંપર્ક (૯૦૦૪૨ ૧૨૯૨૪) થઈ શકશે.

# પાપનો ભાર વધે ત્યારે ભક્તોના ઉદ્ધાર માટે નારાયણ ધરા પર અવતરે



ભુજ - કચ્છઉદય : ભુજ ભાટિયા મહાજન દ્વારા સર્વે પિતૃઓના મોક્ષાર્થે પ્રમુખસ્વામી ચોકડી, મુન્દ્રા રીલોકેશન સાઈટ ખાતે આવેલી મહાજન વાડીમાં સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું અત્યંત ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કથા જ્ઞાનયજ્ઞની સૌથી મોટી વિશેષતા અને ગૌરવની વાત એ છે કે, આ પવિત્ર પ્રસંગે કથામૃતનું રસપાન કરવા માટે માત્ર સ્થાનિક ભુજના જ નહીં, પરંતુ સમગ્ર કચ્છ તેમજ મુંબઈ અને અન્ય શહેરોથી પણ જ્ઞાતિજનો ખૂબ મોટી સંખ્યામાં સહકુટુંબ પધાર્યા છે.

મુંબઈ અને કચ્છભરમાંથી ઉમટેલા સમાજના લોકોની ભક્તિ, શ્રદ્ધા અને અદભુત હાજરીને કારણે જ્ઞાતિની એકતા અને ભાઈચારો વધુ મજબૂત બન્યા છે, અને સમગ્ર ભાટિયા સમાજમાં એક અનોખો ઉત્સાહ ઉભરી આવ્યો છે.કથાના વ્યાસપીઠ પરથી પૂજ્ય વક્તા જનકરાય મોહનલાલ ભટ્ટે કૃષ્ણ જન્મના અલૌકિક પ્રસંગની દિવ્ય કથા વહેતી મૂકી હતી. વ્યાસસ્થાનેથી પૂજ્ય બાપુએ ગંભીર અને ભાવસભર વાણીમાં જણાવ્યું કે, જ્યારે જ્યારે પૃથ્વી પર અધર્મ અને પાપનો ભાર વધે છે, ત્યારે ભક્તોના ઉદ્ધાર માટે સ્વયં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ધરા પર અવતરે છે. કંસના કારાગારના તમામ બંધનો અને તાળાં આપોઆપ તૂટી ગયા અને ભાદરવાની કાળી ડીબાંગ રાત્રે જ્યારે અખિલ બ્રહ્માંડના નાથનું પ્રાગટ્ય થયું, ત્યારે વસુદેવજી પ્રભુને ટોપલામાં પધરાવી, ઉફાન મારતી યમુનાજીના પૂર વચ્ચેથી પસાર થઈને ગોકુળમાં નંદબાબાના ઘરે મૂકી આવ્યા હતા. વ્યાસપીઠ પરથી જ્યારે નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી ના ગગનભેદી નારાઓ સાથે કૃષ્ણ જન્મની વધામણી કરવામાં આવી, ત્યારે કથા મંડપમાં ઉપસ્થિત હજારો જ્ઞાતિજનો ઝૂમી ઉઠ્યા હતા. આખો કથા મંડપ નંદ મહોત્સવના રંગે રંગાઈ ગયો હતો અને સમાજના લોકોએ સાથે મળીને કનૈયાના જન્મોત્સવને ધામધૂમથી વધાવી ધન્યતા અનુભવી હતી. આ દિવ્ય મહોત્સવને સફળ બનાવવા માટે મહાજનના પ્રમુખ ચત્રભુજ ધમાણી, મંત્રી કૃષ્ણકાંત ભાટિયા તથા સમગ્ર કારોબારી સમિતિના સભ્યો અવિરત સેવાઓ આપી રહ્યા છે.

# આદિપુરમાં અનૈતિક દેહ વેપારનો પર્દાફાશ

## એક મહિલા સહિત આરોપી ઝડપાયો

ગાંધીધામ :આદિપુર પોલીસ દ્વારા અનૈતિક દેહ વેપાર વિરોધી અભિયાન હેઠળ કાર્યવાહી હાથ ધરી શહેરના આંતરજાળ વિસ્તારમાં આવેલા એક મકાનમાં દરોડો પાડી દેહ વેપાર ચલાવવામાં આવતો હોવાનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે સ્થળ પરથી એક આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસને મળેલી બાતમીના આધારે કાર્યવાહી દરમિયાન આરોપી દ્વારા ગ્રાહકો પાસેથી રૂપિયા લઈ મહિલાઓ મારફતે દેહ વ્યવસાય કરાવવામાં આવતો હોવાની માહિતી સામે આવી હતી. સ્થળ પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.આ મામલે આદિપુર પોલીસ સ્ટેશનમાં અનૈતિક દેહ વેપાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# મુંદરાના વેસ્ટ પોર્ટ ખાતે ગાડીમાં ઉચ્ચ ગુણવતાનો કોલસો ભરી વિશ્વાસઘાત કરાયો

## ૧૦ લોકો સામે મુંદરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ

મુંદરા - કચ્છઉદય : મુંદરામાં આવેલા વેસ્ટ પોર્ટ ખાતે ગાડીમાં ઉચ્ચ ગુણવતાનો કોલસો ભરી ઠગાઈ કરવામાં આવી હતી. બારોઈમાં રહેતા ફરીયદી હરીશ ખીમજી મહેશ્વરીએ આ બાબતે મુંદરા પોલીસમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે એઈએલ કોલ યાર્ડના ઈન્ચાર્જ ક્રિષ્ના ગોપાલ પવારે ફરિયાદીની કંપનીના સ્ટાફના માણસો અને સર્વેયર તથા ટ્રાન્સપોર્ટના ડ્રાઈવર સાથે મળીને આઈ યાર્ડમાં રહેલ નીચી ગુણવતાવાળા કોલસો કે જેની કિંમતી પ્રતિ ટન ૪૭૭૦ ની છે. તે માલ ટ્રાન્સપોર્ટની ગાડીઓમાં ભરવાનો હતો. પરંતુ આરોપીઓએ ભેગા મળી ટ્રક લોડીંગ સીસ્ટમ નંબર-૧ વાળી જગ્યાએથી ઉચ્ચ ગુણવતાવાળો યુએસ કોલસો પ્રતી ટન કિંમત રૂા. ૧૦૪૪૦ નો માલ ભરાવી લીધો હતો. કોલસાની કિંમતમાં અડધો અડધ તફાવત આવ્યો છે. આ તફાવથી કંપનીને આર્થિક નુકશાન પહોંચ્યું હતું. જેથી ક્રિષ્ના ગોપાલ પવાર, અશ્વિન દનિચા, લાલજી નરશી મહેશ્વરી, અરજણ ગઢવી, લીંક શ્રીચંદન, મહેન્દ્રસિંહ ગોહિલ, અનુરાજસિંહ, સાગર રામજીભાઈ પરમાર, ટ્રક ડ્રાઈવર જગદીશ, મુકેશ મહેશ્વરી સામે ગુનો દાખલ કરાવ્યો હતો. ૧૮ મેના આ બનાવ બન્યો હતો. જે બાબતે ફરીયાદ નોંધવામાં આવતા મુંદરા પીએસઆઈ ડી. જે. ઠાકોરે આગળની તપાસ હાથ ધરી છે.

KKB કેટરર્સ દ્વારા આયોજીત ચાટ અને ફરાળી કાર્નીવલ
ગાંધીધામની સ્વાદપ્રીય જનતા માટે પવિત્ર અધીક માસ નિમિત્તે KKB કેટરર્સ લાવી રહ્યા છે.
ચાટ અને ફરાળી વાનગીઓનું કાર્નીવલ
દરરોજ સવારે અને સાંજે ગરમા ગરમ સ્વાદીષ્ટ ચાટ અને ફરાળી વાનગીઓનું રસથાળ

| પ્રીમીયમ ચાટ સ્ટેશન | ફરાળી સ્ટેશન |
|---|---|
| • પાલક પતા ચાટ | • ફરાળી કચોરી |
| • દિલ્હી ચાટ | • ફરાળી સમોસા |
| • છોલે ભટુરા | • ફરાળી રગડા-પેટીસ |
| • સ્પે. કડી સમોસા | • ફરાળી ચટપટી ભેળ |
| • પાણીપુરી | • ફરાળી રજવાડી ચાટ |
| • રાજ કચોરી | • ફરાળી પુરી શાક |
| • સ્પે. કડી કચોરી | • ફરાળી પાપડી ચાટ |
| • સ્પે. મીર્ચીવડા | • ફરાળી સ્પે. સાબુદાણા ખીચડી |
| • સ્પે. આલુવડા | • ફરાળી સાબુદાણા વડા |



: સ્થળ : ગોકુલ સ્વીટસ
૭, ગોયલ એમ્બેસી, પ્લોટ નં. ૬૦૧, વોર્ડ નં. ૧૨-સી, કચ્છ કલા સામે, ગાંધીધામ-કચ્છ.
મો.: ભરત કોટક મો. 98983 74896, 93283 59529, 81838 88891

With Best Compliments from
Ashapura Group
Ashapura Group
Value Beyond Mining
Ashapura is more than India's largest mine owner and processor of Bentonite, Bauxite, Allied Minerals and their value addition products.
"To know more about Ashapura's Value added Products contact us or visit our website
CORPORATE OFFICE
JEEVAN UDYOG BUILDING, 3rd FLOOR, D.N. ROAD, FORT, MUMBAI 400 001.
PHONE No. +91 22 6665 1700 FAX : +91 22 2207 9395
Website : www.ashapura.com

કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
પ્રજાના પોતિકા અખબાર તરીકે લોકહૃદયમાં સ્થાન અંકિત કરનાર સાંધ્યદૈનિક કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશઅવસરે ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા...



RIVA PRIME
anjani developers
Gandhidham - Kutch

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



શ્રી સુરેશભાઈ ગોપાલભાઈ છાંગા
ઉપસરપંચશ્રી



શ્રી રશ્મિબેન સુરેશભાઈ છાંગા
સરપંચશ્રી

કુનરીયા જુથ ગ્રામ પંચાયત

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા



HOTEL ilark
A Landmark of Katira Group
Banquet & Conference hall
The Perfect Venue for your Grand Events
Rooms
Gujarati & Specialty Restaurant
Banquet
Party Plot
For Booking : 99250 25908
Station Road, Bhuj - Kutch. 370001

॥ રાધે ॥ ॥ રાધે ॥ ॥ રાધે ॥ ॥ રાધે ॥ ॥ રાધે ॥ ॥ રાધે ॥ ॥ રાધે ॥ ॥ રાધે ॥ ॥ રાધે ॥
કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા



પ્રજાના પોતિકા અખબાર તરીકે લોકહૃદયમાં સ્થાન અંકિત કરનાર સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા...
॥ રાધે ॥॥ રાધે ॥
શ્રી ત્રિકમદાસજી મહારાજ
મહંતશ્રી, સચ્ચિદાનંદ મંદિર, અંજાર
॥ રાધે ॥॥ રાધે ॥

કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
પ્રજાના પોતિકા અખબાર તરીકે લોકહૃદયમાં સ્થાન અંકિત કરનાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
સાંધ્ય દૈનિક નેે૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા...



શ્રી ત્રિકમભાઈ બી. છાંગા
રાજ્યમંત્રીશ્રી, ઉચ્ચ તેમજ ટેકનિકલ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર
ધારાસભ્યશ્રી, અંજાર વિધાનસભા મતવિસ્તાર